સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ફેબ્રુઆરી - ૨૦૧૭ ❖ બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-


















ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના સાવરકુંડલા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ સમસ્ત સાવરકુંડલા પ્રદેશ સત્સંગ સમાજ દ્વારા આયોજીત 'શ્રી જનમંગલ મહોત્સવ' અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'માં ઉપસ્થિત પૂ. શ્રી મોરારી બાપુ. (તા. ૪ થી ૧૦-૨-૨૦૧૭)










જૂનાગઢ પ્રદેશના **વરજાંગ જાળિયા** ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઉજવાયેલ
**નૂતન શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર**નો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** (તા. ૩-૨-૨૦૧૭)
















ગઢપુર પ્રદેશના **માંડવા** તથા **ભાંભણ** ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી
પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી **પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે
તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર**નો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** તથા **'શ્રીમદ્ ભાગવત કથા પારાયણ'**








**બોટાદ**ને આંગણે **શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર**માં બિરાજમાન **શ્રીહરિકૃષ્ણ મહારાજ**ની
પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પુનઃ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન


**વર્ષ : ૫, અંક : ૦૧, તા. ૨૦-૦૨-૧૭**

**પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**



**:: પ્રસિદ્ધ કર્તા ::**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન-વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**:: પ્રકાશક/માલિક/તંત્રી ::**

સાધુ પતિતપાવનદાસજી

**:: સંપાદક ::**

સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

**:: સંકલન ::**

**સાધુ અમૃતસ્વરૂપદાસજી**

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**:: લવાજમ દર ::**

બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-

પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : $ 260 (યુ.એસ.એ), : £ 175 (યુરોપ)

**:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::**

'ચિંતન કાર્યાલય'

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

**Visit us :** www.sardharkatha.com

www.swaminarayanvadtalgadi.org

**E-mail :-** chintankaryalay@gmail.com


## અનુક્રમણિકા


૧. તીર્થધામ મેઘપુરમાં શ્રીજીમહારાજે કરેલ દિવ્ય લીલાચરિત્રો ૦૪

૨. મેઘપુરમાં ભગવાન શ્રીહરિ થકી દીક્ષા લેનાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન વિદ્વાન પંડિતવર્ય **સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી** ૧૪

૫. સત્સંગ સમાચાર પત્રિકા ૩૮


## સત્સંગ અભ્યુદય મહોત્સવ - મહુવા

**તા. ૧૨-૪-૨૦૧૭, બુધવાર થી તા. ૧૮-૪-૨૦૧૭, મંગળવાર**

**ચૈત્રી પંચાગ નિર્ણય વિષે :-** આગામી ચૈત્રી પંચાગ નિર્ણયમાં જે હરિભક્તો વ્યવાસિક જાહેરાત તેમજ શુભેચ્છક નામ લખાવવા ઈચ્છતા હોય તેઓએ તેમજ નિર્ણયમાં જે શિખરબધ્ધ મંદિરો અને હરિમંદિરના સરનામું-સંપર્કમાં સુધારો-ઉમેરો કરાવવા ઈચ્છતા હોય તેમણે પૂ. ઘનશ્યામ સ્વામી (મો. ૯૮૨૫૧૩૪૧૦૮)નો સંપર્ક કરવો.


હમારા લક્ષ્ય વિશ્વ का कल्याण हो...

www.lakshya.tv

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણી

સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથા પારાયણ


સમય : દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથામૃત

સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦



છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦



તીર્થધામ **મેઘપુર**માં શ્રીજીમહારાજે કરેલ

# દિવ્ય લીલાચરિત્રો

તીર્થધામ **મેઘપુર**માં **ભગવાન શ્રીહરિ** પૂરા છ મહિના સુધી નિવાસ કરીને તેમજ અન્ય પ્રસંગોએ પધારી **અનંત ચરિત્રો** કર્યા છે, તેને સંપ્રદાયના શાસ્ત્રોના આધારે સંકલિત કરાયેલી ચરિત્રગાથાના તલસ્પર્શી અભ્યાસપૂર્વક આવો આપણે પણ આપણા વિશુદ્ધ હૈયા રૂપી સોળવલ્લા સોનાના પાત્રમાં આ **'મેઘપુર શ્રીહરિચરિત્ર દર્શનગાથા'**ના ચરિત્રોરૂપી **અમૃત**ને ભરી, જન્મોથી પ્યાસા જીવાત્મા સુધી પહોંચાડી તેને તૃપ્ત કરીએ.

**સંપાદક :- સાધુ અમૃતસ્વરૂપદાસજી** તથા **પાર્ષદ અમિત ભગત**

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**ગતાંકથી આગળ...**

તે પછી દરબાર ઝીણાભાઈ, પર્વતભાઈ, હીરાભાઈ ઠક્કર, જીવરાજ શેઠ અને ભાટ અમરસિંહ, એ બધા સાથે મળીને શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. સહુને આ રીતે જમાડીને શ્રીહરિ પલંગ ઉપર બેઠા. તેઓ સૌના ઉપર આનંદ વરસાવી રહ્યા હતા. અને બોલ્યા, જ્યારે તમે સહુ કહો ત્યારે અહીંથી આપણે સહુ ચાલીએ.

## તરંગ - ૨૦ : મેઘપુરમાં છ માસ સુધી વિપ્રોને જમાડ્યા.

જ્યારે દિવસ બે ઘડી (૪૮ મિનિટ) બાકી હતો ત્યારે ધર્મકુમાર **શ્રીહરિ** તૈયાર થયા. વૈશાખ વદિ પડવાને દિવસ ભાડેરથી ચાલ્યા. દરબાર વાઘજીભાઈ અને વેરાગી ગોકુલદાસ, બંને શ્રીહરિની સાથે ચાલ્યા. જ્યારે સહુ **મેઘપુર** આવ્યા ત્યારે ગામવાસી લોકોને ઘણોજ આનંદ થયો. ગામના લોકો હાથમાં ફૂલહાર અને શ્રીફળ લઈને સામે આવ્યા. બધા ફૂલહાર શ્રીહરિને પહેરાવ્યા. સહુ આવીને પગમાં પડ્યા. શ્રીફળની ચરણોમાં ભેટ ધરી. ઢોલ ત્રાંસા વગેરે વાજિંત્ર મંગાવ્યા હતા એટલે તેઓ ઉમંગ ભેર વગાડવા લાગ્યા. ગામમાં જે વેરાગીઓ રહેતા હતા, તેઓ 'શ્રીહરિ આવે છે' એવી ખબર સાંભળીને તત્કાળ બહારગામ ભાગી ગયા. તેમના મનમાં અભાવની જ્વાળા સળગતી હતી.

બીજા જે ગરીબ વેરાગીઓ હતા તેઓ તો ભગવાનનાં મંદિરમાં જ રહ્યા અને તેઓ શ્રીહરિની સન્મુખ આવીને ચરણકમળમાં નમી પડ્યા. શ્રીહરિ જ્યારે મેઘપુર ગામમાં આવ્યા ત્યારે સંધ્યા સમય થઈ ગયો હતો. મશાલો કરીને અજવાળું કર્યું હતું. અવિનાશી શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા હતા. સોનેરી વસ્ત્ર અને આભૂષણોથી મનોહર મૂર્તિ શોભી રહી હતી. અશ્વ પણ સોનેરી સાજ-શણગારથી ભરાઈ ગયો હતો. દર્શન કરનારાનું ચિત્ત તેમાં લોભાઈ જાતું હતું. દર્શન કરનારા લોકો આશ્ચર્યથી ચકિત થઈ જાતા હતા. 'ભૂમિ ઉપર આવા કોઈ સમર્થ પ્રતાપી નથી.' ચકોર ચંદ્રમાને જુએ તેમ મૂર્તિ સામે જોઈ રહેનારા લોકો પરસ્પર એવું બોલતા હતા. ગામના ભાવિક હરિભક્તો ગુલાલ લઈ આવ્યા અને તે પરસ્પર ઉડાડવા લાગ્યા. એમ અપાર ગુલાલ-રંગ ઉડાડીને ધૂમ મચાવી દીધી. પછી શ્રીહરિ જ્યાં **ઉતારો** તૈયાર કર્યો હતો ત્યાં આવ્યા.

મેઘપુરમાં રામાનંદ સ્વામીની જગ્યા હતી. શ્રીઘનશ્યામે ત્યાં આવીને ઉતારો કર્યો. દરબારોને ઊતરવાની જગ્યા નક્કી કરી હતી ત્યાં તેઓ ઊતર્યા અને પ્રસન્ન થયા. પરજિયા સોની નારાયણ ભાઈએ રસોઈ કરાવીને સુખધામ શ્રીહરિને જમાડ્યા. વિપ્રો માટે જે **સીધું-સામાન** એકઠો કર્યો હતો તે ત્યાં જઈને મહારાજાધિરાજ શ્રીહરિએ જોયો. બધા સીધા સામાનને જોઈને શ્રીહરિ બોલ્યા, સામાન ક્યારેય ખૂટશે નહિ. જોઈએ તેટલો સંપૂર્ણપણે ભરી રાખ્યો છે. અમે તો ધન વગરના સાધુ છીએ. અમારી પાસે ધન નથી. ધનાઢ્ય તો **કુબેરભંડારી** છે. તે બધું કામ પૂરું કરશે. જે કુબેર ભંડારી છે તે આવીને ધન આપી જાશે. તેની ચિંતા અમે કરતા નથી. ચિંતા તો તે ધનાઢ્યને છે.

ત્યારે પર્વતભાઈએ શ્રીહરિને કહ્યું, લક્ષ્મીજી પ્રસન્ન મનથી આપનાં ચરણ સમીપે નિવાસ કરી રહ્યા છે. જે કાંઈ **રિદ્ધિ** અને **સિદ્ધિ** કહેવાય છે તે સહુ આપનાં ચરણોની સેવામાં જ રહે છે. આપ તેના તરફ નજર કરીને દેખતાએ નથી. એવા તો અનંત છે કે જે આપનાં ચરણોની સેવાને ચાહે છે. અનંત બ્રહ્માંડોના અધિપતિ એવા ભવ બ્રહ્માદિક ઈશ્વરો પણ આપને રાજી કરવા માટે વિવિધ પ્રકારનાં સંકલ્પો કરતા હોય છે. દેવોની જે સંપત્તિ કહેવાય છે તે પણ આપની સેવામાં કોઈ વાર પણ ઉપયોગી થાય એવો વિચાર તેઓ રાત દિવસ કરતા હોય છે. દેવોને આપની સેવા કરવાનો યોગ મળતો નથી અને તેથી જ તે દેવો પણ મનમાં મૂંઝાય છે. તેના સન્મુખ આપ જો દૃષ્ટિ કરો, તો દેવો પણ મનમાં ઘણું ખુશી થાય છે.

ત્યારે શ્રીહરિએ કહ્યું, દેવોનું જે ધન છે તે અમારે ખપમાં ન આવે. અમે જો લગારેક પણ ઇચ્છા કરીએ તો ધનનો કોઈ પાર રહે નહિ. અમારે જ્યારે ધનની જરૂર પડે ત્યારે તે ધનનો પાર રહે નહિ. અરે, અમે વનમાં કે પહાડમાં જઈને બેસીએ તો ત્યાં આવીને પણ ધનની વૃષ્ટિ થાય. તેને અમે ઠીક માનતા નથી. ધનની મોટપને અમે ક્યારેય ગણતા નથી. રાંકથી લઈને બ્રહ્મા સુધીના જેટલા પ્રાણી કહેવાય છે, તે બધાને **ધન** તરફ જેટલી દોડ છે તેટલી દોડ **ધનપતિ** તરફ નથી. અમે તે બરાબર રીતે જાણીએ છીએ. ધનપતિ (લક્ષ્મીપતિ)તો **પરમેશ્વર** છે, તેના તરફ જેને અપાર તાન હોય છે તે તો ધનને ધૂળ સમાન માને છે. તેનાં મનમાં ધનના પ્રત્યે લગારેક પણ ભાવ હોતો નથી.

દિનપ્રતિદિન વધારે ને વધારે પરમેશ્વરમાં જ **અપાર ભાવ** હોવો આવશ્યક છે. પરમેશ્વર વિના ક્યાંય સાર તત્ત્વ નથી. એટલે અસાર વસ્તુમાં ક્યારેય ભાવ કરવો નહિ. જેને એક પરમેશ્વર સિવાય અન્ય વસ્તુમાં ભાવ ન હોય તે બધી સંસૃતિ (સંસાર)થી મુક્ત થઈ ગયા છે, તેને ક્યારેય સંસારમાં ભટકવાનું રહેતું નથી. ચિંતામણિના સમાન કોઈ વિશેષ નથી. હા, કલ્પવૃક્ષ તેવો કહી શકાય, પણ કલ્પવૃક્ષને ક્યાંય સાથે લેવાય નહિ. તે તો એકની એક જ જગ્યાએ રહે. ચિંતામણિને ક્યાંય સાથે લેવાય ખરો, છતાં તે પણ મૃત્યુ પછી તો કાંઈ કામમાં આવતો નથી. કારણ કે તે ચિંતામણિમાં **મોક્ષપદ** રહ્યું નથી અને તે ચિંતામણિ પણ ભગવાનને ભજવામાં તો વિઘ્નરૂપ થાય જ છે. અમે જ્યારે પરમેશ્વરનાં **સામર્થ્ય**નો વિચાર કરીએ છીએ ત્યારે તેમના સિવાયનું બધું જ નિર્જીવ દેખાય છે. એટલે અમારી **સમજણ** તો એવી છે કે એક પરમેશ્વર સિવાય બીજે

ક્યાંય લગારેય પણ ચોંટવું નહિ.

અમે ઉપર ઉપરથી તો જગતના જેવો બધો વ્યવહાર કરીએ છીએ. પણ અમારાં હૃદયમાં તો 'એક પરમેશ્વર જ સત્ય છે.' એવો નિર્ધાર કર્યો છે. શ્રીહરિએ જ્યાં આટલી વાત કહી ત્યારે પર્વતભાઈ ધ્યાનમાં ઊતરી ગયા. (તેમને સમાધિ થઈ ગઈ.) શ્રીહરિએ તેમને જગાડ્યા, છતાં તેઓ જાગ્યા નહિ. તેઓ મૂર્તિમાં પ્રેમથી સંલગ્ન થઈ ગયા. ચોંટી ગયા. પછી શ્રીહરિએ **'આજ આનંદ ન ઉર સમાય...'** એ **કીર્તન** ગવડાવ્યું. કીર્તનમાં એવી જોરદાર ભાવના કહી હતી કે તેમાં મૂર્તિ સિવાય બીજો કોઈ ભાવ જ ન હતો. જ્યારે મધરાત થવા આવી ત્યારે શ્રીહરિ પોઢી ગયા અને સંતો ધ્યાનમાં બેસી ગયા. તેમને ધ્યાન કરતાં સવાર થઈ ગયું. ત્યારે સહુ સંતોએ 'નારાયણ ધૂન' કરી અને તે પછી તરત જ સહુ સ્નાન કરી આવ્યા. તત્કાળ જ સંતોએ દેવ સેવા-પૂજા પાઠ વગેરે કર્યું, તેટલી વારમાં તો વિપ્રોનો **વિશાળ સમુદાય** આવવા લાગ્યો.

બધા વિપ્રો ઉતારો કરીને શ્રીહરિનાં **દર્શન** કરવા આવતા. તે વખતે અપાર શોભાને ધારણ કરીને શ્રીહરિ પાટ ઉપર બેઠા હતા. જેટલા વિપ્રો આવતા તેમના ગામનાં નામ અને પોતાનાં નામ ઘનશ્યામ પુરુષોત્તમ શ્રીહરિ પૂછતાં અને પછી લખાવતાં. જેટલા વિપ્રો આવતા તેમને તેટલું સીધું અપાવતાં. તેઓ લાડુ બનાવીને જમતા. એ રીતે છ માસ સુધી પછીથી વિપ્રોને જમાડતા રહ્યા. સંતો આવતા-જાતા રહેતા અને પ્રદેશોમાં ફરતા રહેતા. તે રીતે જ હરિભક્તો પણ આવતા જાતા રહેતા. આ પ્રમાણે **છ માસ** સુધી ચાલ્યું.

## તરંગ - ૨૧ : પ્રદેશોમાંથી સંત-હરિભક્તો ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા મેઘપુર આવ્યા.

શ્રીહરિ ભીમ એકાદશીએ પણ મેઘપુરમાં જ હતા. કેરી ઘણી મગાવી. વિપ્રોને કેરીનું ફરાળ કરાવ્યું. તેમાં ઘી અને ખાંડ પાર વિનાના નાખ્યાં. અષાઢ માસ આવ્યો ત્યાં સુધી શ્રીહરિ બધા વિપ્રોને બોલાવીને જણ દીઠ પાંચ પાંચ પાકી કેરી આપતા હતા. સાક્ષાત્ શ્રીહરિ બધા વિપ્રોની આગળ તેમના ધર્મની વાત કહેતા અને જે યુગમાં જેવા **ધર્મ-નિયમ** હતા તે પણ બતાવતા હતા. શ્રીમદ્ ભાગવત પુરાણ, ભગવદ્ગીતા, વિદુરનીતિ, વાસુદેવ માહાત્મ્ય અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, એ બધા **ગ્રંથો**ને શ્રીહરિ ભુજના પ્રાગજી દવે પાસે **કથા**માં નિત્ય વંચાવતા હતા અને જ્યારે બે ઘડી દિવસ બાકી રહે ત્યારે સંતોની પાસે કીર્તન ગાન તથા **ઉત્સવ** કરાવતા હતા.

જ્યારે ઉત્સવનો દિવસ હોય ત્યારે સંતો ક્યારેક ઝાંઝ અને મૃદંગ બજાવતા. તે સિવાયના દિવસે સરોદ અને દોકડ વગાડીને કીર્તન ગાતા. સિતાર, તંબૂર અને મોરચંગ પણ વગાડતા હતા. રાત બે ઘડી જાય ત્યાં સુધી બધા સંતો **કીર્તન** ગાતા. તે પછી **પ્રશ્ન-ઉત્તર** કરતા. અધરાત સુધી આ રીતે સત્સંગની ધૂમ મચી રહેતી હતી. તે પછી શ્રીહરિ પોઢી જાતા અને બધા સંતો બેસીને **ધ્યાન** લગાવતા હતા. 'નારાયણ ધૂન' બે વાર કરતા અને આરતી તો સાંજે એક જ વાર બોલતા હતા. સંતો પ્રભાત સમયે પ્રભાતનાં પદ ગાતા. શ્રીહરિને રિઝવવાનું જ **એકતાન** સૌને રહેતું હતું. દેવપોઢણી અષાઢ સુદિ એકાદશી અને જન્માષ્ટમી પણ મેઘપુરમાં જ કરી. તે સમયમાં વડોદરાથી નાથ ભક્ત અને વનમાળીભાઈ આદિ હરિભક્તો મોટા સુખાનંદ સ્વામીની સાથે આવ્યા. તેમની વાતોથી બધા સત્સંગી થયા હતા. વડોદરામાં ખુશાલભાઈ અને તેના પિતા પુરુષોત્તમભાઈ કાછિયા જ્ઞાતિના હતા. સુખાનંદ સ્વામીએ સહુ પહેલા તેમને સત્સંગી કર્યા હતા. અને તેમની વાડીમાં જ સંતોને ઉતાર્યા હતા. મોટા વનમાળીભાઈ જે કણબી હતા, તે હરિઈચ્છાથી ત્યાં આવી ચડ્યા. ત્યાં મશરૂ (રેશમના મિશ્રણવાળું કપડું) ધોવા માટે કૂવે આવ્યા હતા. તે સંતોને દેખીને તેમની પાસે બેઠા. મોટા સુખાનંદ સ્વામીએ તેની આગળ લખચોરાશી અને જમપુરીના દુઃખની વાત કહી. આ રીતે તેઓ સત્સંગની વાત સાંભળતા રહ્યા. તે વનમાળીભાઈ નાથભક્તને સંતોની પાસે લાવ્યા. તેથી તેમને પણ સત્સંગ થયો. તે પછી બીજા વનમાળીભાઈને પણ સત્સંગ કરાવ્યો. પ્રભુદાસ નામે વનમાળીભાઈના ભાઈ હતા. તેઓ પણ સત્સંગી થયા અને તે પ્રભુદાસે બીજાને સત્સંગ કરાવ્યો.

સંતોએ વડોદરામાં બાળમુકુંદ લાલજીની ધાતુની બે મૂર્તિ કરાવી હતી. તે મૂર્તિઓને સાથે લઈને સહુ ચાલ્યા હતા. વનમાળી, નાથભક્ત અને ત્રીજા પ્રભુદાસ, શ્રીનગર (શ્રીહરિનાં દર્શન કરવા)નું નામ લઈને સંતોની પાછળ ચાલતા થયા. સંતોની સાથે બહુ બોચાસણ આવ્યા. ત્યાં કાશીદાસભાઈ સારા સત્સંગી હતા. વડતાલના રણછોડદાસ બોચાસણ આવ્યા હતા તે ભેળા મળી ગયા. દોરા ગામના વિપ્ર કાશીરામભાઈ ઘણા વિવેકી સત્સંગી હતા તે અને આમોદ ગામના લક્ષ્મીરામ વિપ્ર, બંને ભેળા થઈને ત્યાં આવ્યા. ત્યાંથી આગળ મોરજના ગઢવી ગોકુળદાસ કે જેઓ ઘણા જ ઉત્સાહથી સત્સંગી થયા હતા. અને ઊંટવાડાના ઘણા પાકા હરિભક્ત જોઈતા પગી (સાથે ભળી ગયા.) જેણે ઘણા જ હેતથી સત્સંગ સ્વીકાર્યો હતો. તેવા બુધેજના દરબાર ખોડાભાઈ, પરિપક્વ નિશ્ચયવાળા ગોરાડ ગામના દરબાર કાંધાજી (સાથે જોડાયા). અને ગુડેલના હરિભક્ત દરબાર જીભાઈ, ઉપર કહ્યા તે બધા હરિભક્તો સંતોની સાથે મળીને ચાલ્યા, ભાલમાં પીપળી ગામ આવ્યા. ત્યાં દાદાભાઈ નામે દરબાર સર્વોત્તમ હરિભક્ત હતા. ત્યાં દાદાભાઈ નામે બીજા એક ગઢવી સારા સત્સંગી હતા. એ બધા ભેળા મળીને સંતોની સાથે **મેઘપુર** ગામ આવ્યા. સહુએ આવીને

શ્રીહરિનાં દર્શન કર્યાં. તેના આનંદથી બધો થાક ઊતરી ગયો. શ્રીહરિએ તેમને ઉતારો કરાવ્યો અને પછી બોલાવીને સહુને જમાડ્યા. તે સિવાય શ્રીનગર-અમદાવાદના ચોકસી હીરાચંદભાઈ, ઈચ્છારામભાઈ, કણબી દામોદરદાસ, જેતલપુરના ગંગાબા, આશજીભાઈ, જીવણદાસ, હરિજીવનભાઈ વગેરે પાટીદાર બધા ભેળા મળીને મેઘપુર આવ્યા. દંઢાવ્ય (ઉત્તરગુજરાત) દેશના હરિભક્તો વિપ્ર નાનાભાઈને સાથે લઈને આવ્યા. સુંદરજી સુતાર અને ગંગારામ મલ્લ વગેરે કચ્છના અપાર હરિભક્તો ભેળા મળીને સંઘના રૂપમાં ત્યાં આવ્યા. કાઠિયાવાડ અને વાળાક પ્રદેશના હરિભક્તોનો બધો સંઘ ત્યાં આવ્યો. હાલાર દેશ અને સોરઠ પ્રદેશના બધા હરિભક્ત બાઈભાઈનો સંઘ ત્યાં મેઘપુરમાં આવ્યો અને સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. વળી ગોહિલવાડના હરિભક્તોએ પણ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં.

કાનમ, વાકળ, ચરોતર, બારા, ભાલ, નળકાંઠા, વાગડ અને વઢિયાર વગેરે પ્રદેશોના અપાર હરિભક્તો પોતપોતાનો સંઘ લઈને મેઘપુર આવ્યા. સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં અને શ્રીહરિએ તે સહુને ઉતારા કરાવ્યા. ગોવિંદભાઈ, ભાઈચંદભાઈ, લક્ષ્મીચંદભાઈ, એ બધા વણિક હરિભક્તો અને ગિરધરભાઈ વગેરે કણબી હરિભક્તો અને ખત્રી ભગવાનદાસ, આદિ બધા સુરતબંદરના હરિભક્તો ભેળા મળી સંઘ લઈને મેઘપુર આવ્યા. એ બધા પગવાટે આવ્યા હતા. સાથે સંતો પણ હતા. સહુએ શ્રીહરિનાં દર્શન કરીને અલૌકિક લાભ લીધો. લક્ષ્મીચંદભાઈ આદિ દીવબંદરના બધા હરિભક્તો પણ આવ્યા અને તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં.

જેટલા સંતો દેશ-પરદેશમાં ફરતા હતા. તે બધા પણ આવ્યા. જ્યારે તે આવતા એટલે તરત જ શ્રીહરિ તેમને ઘણા હેતથી મળતા. સંતોને પાસે બેસાડીને તે દેશની વાત પૂછતા. જ્યારે સંતો તે વાત કહેતા ત્યારે શ્રીહરિ મુખ આડો રૂમાલ રાખીને મંદમંદ હસતા હતા. જ્યારે શ્રીહરિ મંદમંદ હસતા ત્યારે લલાટમાં તિલકને આકારે બે ઊભી રેખાઓ ઊપસી આવતી હતી અને નેત્ર એકદમ પ્રફુલ્લિત થઈ જતા હતા. જે જે દેશમાં જે જે મતને અનુસરીને રહેનારા લોકો આપણા સત્સંગની બાબતમાં ગુણ કે દોષ, જે બોલતા તે બધું પૂછતા. જે મતમાં જેટલો બગાડ હોય, તે અને ચારે વર્ણ અને ચારે આશ્રમના લોકોનાં વર્તનની બાબતમાં પણ પૂછતા હતા.

## તરંગ - ૨૨ : ધારણા અને ધ્યાનમાં અભ્યાસની આવશ્યકતા.

શ્રીહરિ સોરઠમાં આવીને જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી ખાસ કરીને **ધ્યાનનું પ્રકરણ** રાખ્યું હતું. સ્વયં શ્રીહરિ ધ્યાનમાં બેસીને સહુને ધ્યાનની રીત રાત દિવસ શીખવતા અને સંત હરિભક્તોના ઉપર અધિક અધિક પ્રેમ રાખતા. ધર્મકુમાર શ્રીહરિ સંતોના અને હરિભક્તોના ઉપર જેમ જેમ વધારે પ્રેમ રાખતા હતા તેમ તેમ તે સહુ પ્રેમથી તેમનામાં અધિકપણે ચોંટી જાતા હતા. સહુને વધારે હેત-પ્રીત વધે તેવી શ્રીહરિ રોજ વાતો કરતા હતા. નખશિખ ભગવાનની મૂર્તિમાં પ્રીતિ કેમ વધે ? તે રીત પણ પોતે જાણતા હતા. પોતે જેટલા વરસ વનમાં અને પર્વતમાં ફર્યા ત્યારે પણ ધ્યાન કરવા બેસતા હતા અને તે વખતે વનમાં જે પશુઓ અને પંખીઓ રહેતા હોય તે બધાં તેમને ચારે તરફ ઘેરીને બેસતાં હતાં.

સત્સંગમાં જે વ્રજાનંદ સ્વામી કહેવાતા તેમનું પૂર્વનું નામ મોહનદાસ હતું. તે વિચક્ષણ સંત પૂર્વદેશ (ઉ.પ્ર.માં પૂર્વ ભાગ) ના હતા. તેઓ શ્રીહરિની સાથે ઘણા દિવસ રહેલા. શ્રીહરિ જ્યારે સત્સંગમાં આવીને રહ્યા તે પછી તેઓ પણ સત્સંગમાં આવ્યા. તેમણે જે શ્રીહરિનો પ્રતાપ પહેલા જોયો હતો તે બધો સત્સંગમાં આવ્યા પછી કહેતા. શ્રીહરિ જે દેશમાં વિચરતા હોય તેથી જુદા દેશમાં પણ દર્શન દેતા. શ્રીહરિની મૂર્તિમાં એવો પ્રતાપ રહ્યો હતો. તેને કેટલાક ભક્તો જ જાણતા હતા. શ્રીહરિ સ્વયં પોતાનાં મુખથી પોતામાં રહેલા પ્રતાપની વાત ક્યારેય કરતા નહિ. જે ભક્તને ધ્યાનમાં બેસાડતા, તે ભક્તને શ્રીહરિનો પ્રતાપ જોવામાં આવતો હતો. જેવું તેને દેખાતું તેવી વાત ભક્ત કરતા અને ત્યારે તે વાત સાચી મનાતી હતી. કદાચ કોઈ પોતાનાં મુખથી પોતાનાં વખાણ કરે તો તે પ્રમાણરૂપ ન મનાય.

જેમાં જેટલો પ્રતાપ રહ્યો હોય તે પ્રતાપ જ પોતે પોતાનું સ્વરૂપ બીજાને કહી દે છે. જેમ સૂર્યોદય છુપાવ્યો રહેતો નથી તેમ પરમેશ્વરના ગુણ પણ સહુને ઓળખાઈ જાય છે. જેમાં જે ગુણ ભર્યા હોય તે સહજ રીતે બીજાને દેખાય જ છે. કાગળમાં અક્ષરોથી કરેલું લખાણ સાચું જ હોય તો પણ તેને અભણ માણસ દેખે, તો તેને માટે તે લખાણ કાચું કહેવાય. કોઈ મનુષ્ય ઘણો ચતુર હોય, પણ જો તે અભણ હોય, તો તે લખેલા અક્ષર સામે ભલેને જોઈ રહે, અક્ષર જ્ઞાન વિનાની તેની ચતુરતા તે લખાણ સમજવામાં કાંઈ કામ લાગતી નથી. અભ્યંસં કરે તેં **મેંક્ષં** થંય, કેટલીક બાબતનું જ્ઞાન **અભ્યાસ** કરવાથી થાતું હોય છે. કરોડો વરસ વીતી જાય તો પણ અભ્યાસ કર્યા વિના અજ્ઞાન ટળતું નથી. મોક્ષ માટેનો અભ્યાસ કોઈ કરે, તો તેનો મોક્ષ થાય જ છે. કોઈ સંતોનો સમાગમ કરે તો તે હરિભક્ત થાય જ છે. ખપ ન હોય તો જ્ઞાન ન થાય. માટે **મોક્ષનું મુખ્ય દ્વાર** ખપ છે, એમ જ્ઞાની પુરુષો કહે છે, તેમજ પ્રત્યક્ષરૂપમાં પણ દેખાય છે. શ્રીહરિ ધ્યાન કરવા બેસતા ત્યારે સંતોને અને હરિભક્તોને પણ ધ્યાનમાં બેસાડતા. કેટલાકને તો ધ્યાનમાં અપાર આશ્ચર્ય દેખાતું હતું. જ્યારે તે ધ્યાનમાંથી બહાર આવે, ત્યારે જેને જેવું આશ્ચર્ય દેખાયું હોય, તે તેની પાસે વાત કહેવડાવતા અને

કેટલાક ધ્યાનમાં બેસતા છતાં તેમને કાંઈ આશ્ચર્ય દેખાતું નહિ. જેને સંકલ્પોનો વેગ બહુ હોય તે કુંભારના ચાકડા (ચક્ર)ની જેમ ફરતા જ રહે છે. તે ફરતા ચાકડાની ઉપર ધીરે રહીને કોઈ બારીક કણ મૂકવામાં આવે તો તે તરત જ પડી જાય છે એક કણ પણ તે ચાકડા ઉપર સ્થિર થાતો નથી. પણ ચાકડા ઉપર જેટલી ચીકાશ લઈને ચોંટાડવામાં આવે તો તરત જ તે કણ તેના ઉપર ચોંટી જાય છે, તેમ જેનાં અંતઃકરણનો-ચિત્તનો ચોંટવાનો સ્વભાવ હોય તો તે તરત જ ધ્યાનમાં તે ચિત્ત ચોંટી જાય છે.

કોઈ કડક વજનદાર વસ્તુ હોય તે પાણીમાં પડવાની સાથે ડૂબી જાય છે પણ હલકી વસ્તુ જે હોય છે તે ક્યારેય ડૂબતી નથી. પરસ્પર એકબીજાનો જ્યારે યોગ થાય ત્યારે જે જોરદાર હોય તે નિર્બળને ખેંચી જાય છે. (તેવું અંતઃકરણની બાબતમાં પણ છે.) દરેકના અંતઃકરણની વૃત્તિઓ અનેક પ્રકારની હોય છે, બધાની વૃત્તિઓ એક સરખી હોતી નથી. જેની **અંતઃકરણ વૃત્તિ** જેવી હોય તેને ધ્યાન તેવી રીતનું થાય છે. ભગવાનની મૂર્તિ સિવાયનું પિંડ બ્રહ્માંડ વગેરે જે કાંઈ છે. તેનો સમજણથી આત્યંતિક પ્રલય કરી નાખવામાં આવે, ત્યારે તેનો આત્મા મૂર્તિમાં ચોંટે છે. તે **આત્યંતિક પ્રલયની રીત** શીખ્યા વિના **ધ્યાન** થઈ શકતું નથી. તેથી તે ભજન સ્મરણ કરીને દિન વિતાવે છે. મૂર્તિને ધારીને જ્યારે **શ્વાસોશ્વાસ ભજન** કરવામાં આવે, ત્યારે બધા સંકલ્પનું નિવારણ કરી દે, ખરેખર તેનું જ નામ સમાધિ છે. ભગવાનની જેવી મૂર્તિ છે તેવું તેનું ચિંતન જીવ જ્યારે કરે છે, ત્યારે તેને **સમાધિ** કહી શકાય છે. એટલે તેવું ચિત્તમાં ચિંતન કરવું જોઈએ. અને **સર્વોત્તમ સમાધિ** તો તે છે કે જીવે ક્યારેય મનનું કહ્યું કરવું નહિ અને જિંદગી ભર અડગ રહીને સત્સંગ કરતા રહેવું. જે ઝાડ ઘણાં મોટાં હોય તેને વાવાઝોડાનો ભય રહે ખરો. પાતાળ સુધી મૂળ ઊંડા હોય તો પણ જ્યારે વાઝડી લાગે ત્યારે તે ઝાડ ડગી જાય છે. અને નાના મોટા જે પર્વતો છે તેનાં મૂળ વાવાઝોડાથી કે વાઝડીથી ક્યારેય ડગે નહિ. વળી તેને ઊધઈ કે અગ્નિનો ભય પણ લાગતો નથી. એટલે પર્વતના સમાન અવિચળ **સુદૃઢ સત્સંગ** કરવો.

### સમાધિ કરાવવાનો હેતુ :

માણસને સમાધિ કરાવવાનો **સાચો ઉદ્દેશ** તો એ જ છે કે તેનાં મૂળ સત્સંગમાં ઊંડા અને અડગ રહે. તેને ક્યારેય વિષમ દેશકાળ લાગે નહિ. સમાધિ થયા પછી પણ જો તેને દેશકાળની અસર થાતી હોય તો તે માણસને અમે બાળક માનીએ છીએ. જગતમાં જે બાળ બુદ્ધિ હોય છે તેતો બોરના બદલામાં સોનામહોર આપી દે છે. તેને બોરમાં રસ છે. સોનામહોરની કિંમત તેને નથી. બાળકના હાથમાં ચિંતામણિ આપવામાં આવે તો તે તેને તરત ફેંકી દે છે, બાળ બુદ્ધિને હિસાબે તેનાં મનમાં ચિંતામણિનું કાંઈ મૂલ્ય નથી. સત્સંગની જે વાત છે તે તો ચિંતામણિ કરતા મૂલ્યવાન છે. જેને મોક્ષનો ખપ હોય, તેનું જ્ઞાન હોય તેને તે દેખ્યામાં આવે છે. માણસને જ્યારે સમાધિ થાય છે તેટલી વાર જ તેને તેનું આશ્ચર્ય કે અહો, અહોપણું રહે છે, પણ તે જ્યારે પાછો દેહમાં આવે છે ત્યારે પહેલાની જેમ દેહાકારે થઈ જાય છે. આશ્ચર્યના અનુભવ વખતે જેવી બુદ્ધિ રહે છે તેવી બુદ્ધિ દેહમાં આવ્યા પછી રહેતી નથી. વ્રજના ગોવાળ અને ગોપીઓને શ્રીકૃષ્ણભગવાને પોતાનાં સ્વરૂપમાં અનેક આશ્ચર્ય જણાવ્યાં હતાં. શ્રીકૃષ્ણે તેમને જેવા આશ્ચર્ય દેખાડ્યાં તેવી મતિ તેમને કૃષ્ણમાં રહી નહિ. પણ નારદજીએ જે દિવસથી ભગવાનનાં સ્વરૂપમાં આશ્ચર્ય દેખ્યું. ત્યારથી તેમને તે અધિક **પ્રતાપ**નો **મહિમા** તેવોને તેવો ટક્યો હતો. ઉદ્ધવજીને પણ શ્રીકૃષ્ણ ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન જ્યારથી થયું ત્યારથી તેમનો પ્રતાપ દેખાય કે ન દેખાય, તો પણ તેમને પ્રતાપનો મહિમા **અખંડ** રહેતો હતો. ઉદ્ધવજી આદિ ભક્તોની આગળ બીજા કેટલાએ શ્રીકૃષ્ણના સમાન પ્રતાપ દેખાડવા આવ્યા પણ તેમને બધાને માયાવી જાણ્યા, પણ તેના મહિમાનો ભાર લગાર પણ જણાયો નહિ. અક્રૂરજી ભક્ત સારા હતા. તેમને સમાધિ અપાર થઈ હતી, પણ દેશકાળને લીધે તેને મોહ ઊપજ્યો અને બુદ્ધિ વિપરીત થઈ ગઈ. પૂર્વે થયેલી સમાધિ અક્રૂરને કામ લાગી નહિ, એવી સમાધિ કોઈએ કરવી નહિ. માટે મુમુક્ષુએ ભગવાનના નિષ્કામ ભક્ત થાવું. તે જ **સર્વોત્તમ સમાધિ** છે એમ જાણવું.

## તરંગ - ૨૩ : ક્ષમાનું સમર્થન અને વિપ્રકૃત ભગવાન શ્રીહરિનું યશોગાન.

શ્રીહરિએ મેઘપુરમાં **જન્માષ્ટમીનો ઉત્સવ** ઘણો સારો કર્યો. સહુ હરિભક્તોએ તે દિવસ શ્રીહરિની પૂજા કરીને ઘણો લાભ લીધો. જેના મનમાં જેવી ભાવના હતી તેવો લાભ તેમણે લીધો અને અપાર પ્રેમથી શ્રીહરિને ઘણા મેવા અને મીઠાઈ વગેરે જમાડ્યા. હરિભક્તો જેટલા દિવસ ત્યાં મેઘપુરમાં રહ્યા તેટલા દિવસ રોજ અપાર વસ્ત્ર, આભૂષણ, ચંદન અને ફૂલહાર લઈને ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરતા હતા. સોરઠ પ્રદેશમાં જેટલા વેરાગીઓ અધર્મી હતા, તે બધાએ જ્યારે શ્રીહરિનો આવો અદ્ભુત પ્રતાપ દેખ્યો ત્યારે તેમનાં મનમાં ઈર્ષ્યાની આગ લાગી. શ્રીહરિ રોજ સંતોને અને હરિભક્તોને પોતાની પાસે બોલાવીને હેતથી વાત સમજાવતા હતા. શ્રીહરિ કહેતા કે જે અજ્ઞાની મનુષ્યો છે તેઓ સત્સંગનો આવો અદ્ભુત પ્રતાપ દેખીને. મનમાં રાતદિવસ અપાર બળી રહ્યા છે પણ અહીંયાં આપણી પાસે આવીને કાંઈ બોલી શકતા નથી. માટે કદાચ તે અજ્ઞાની લોકો કોઈને મારે કે ગાળો દે, તો પણ મન પ્રસન્ન રાખીને બધું સહન કરવું. વસંતના ઉત્સવમાં અને વિવાહ પ્રસંગમાં લોકો ગાળો બોલે છે, પરસ્પર મારામારી કરે છે. હોળી

(ધૂળેટી)ના દિવસોમાં કેટલાક મરે પણ છે, છતાં તેનું મનમાં એટલું બધું વૈર રાખતા નથી.

**ભગવાનનાં વચને સહન કરવું :**

હરિભક્તોએ અને સંતોએ નિર્વૈરભાવે રહેવું. અમારાં વચનને ખાતર બધું સહન કરવું. માણસ વિવાહ પ્રસંગમાં દીકરાને માટે થઈને હજારો ગાળો- ફટાણાં સહન કરે છે. લગ્ન પ્રસંગમાં બાપ દીકરો પરસ્પર ગાળો ન બોલે તો તે ખુશી થાતા નથી. તેઓ બધા અજ્ઞાને કરીને બધું સહન કરે છે અને મનમાં કોઈ થોડોએ દ્વેષભાવ રાખતા નથી. હરિભક્તોએ વસંતની કે વિવાહની એવી રીત મનમાં કાયમ સમજી રાખવી. અમારાં વચનથી જે સહનશીલતા રાખશે તે કોઈને લગારેય દુઃખ નહિ આવે. અમારું વચન જે માનશે તે જન્મ, મરણ જમપુરી અને લખચોરાશીનાં દુઃખોને સહેજે તરી જાશે. મનુષ્ય દેહમાં પણ અગણિત દુઃખ રહ્યાં છે અને તે પછી પણ જન્માદિનાં દુઃખ પણ અકલ્પ્ય છે. પ્રાણીઓ અજ્ઞાનનાં અંધારાને લીધે કાંઈ દેખી શકતા નથી. તે અજ્ઞાની લોકો આંધળાની જેમ જીવન વિતાવે છે. જેટલા સત્સંગ કરીને હરિભક્ત થયા છે તે બધા આ જગતમાં ઘણા ઊંચા થઈ ગયા છે, જગતથી ન્યારા થઈ ગયા છે. અમારા આશ્રિત હરિભક્તોએ જે એક એકથી અધિક એવા બહુ મોટા માણસ હોય તેની રીતનો વિચાર કરવો. તેવા મોટા મનુષ્ય ક્યારેય પોતાનાં મુખથી ગાળ બોલે નહિ. વાતવાતમાં તેઓ 'હું' અને 'મારું' આવું બોલે નહિ. મોટા માણસોનો એ શિષ્ટાચાર છે. જે જે મોટા છે તેમાં આ ભૂમિ સમાન અન્ય કોઈ મોટું દેખાતું નથી. દુનિયામાં તો લોકો અપરંપાર પાપમય કર્મ કરે છે, છતાં હરેક મનુષ્યને ભૂમિ અન્ન અને વસ્ત્ર આદિ આપતી રહે છે અને તેનાં પ્રારબ્ધ પ્રમાણે ઘર અને વાહન પણ આપે છે.

આ ભૂમિ ઉપર રહેતા મનુષ્ય માત્ર અસંખ્ય અપરાધ કરતાં જ રહે છે છતાં ભૂમિ તેને સહન કરે છે, તેના અપરાધોને માફ કરી દે છે. પૃથ્વી પરમેશ્વરે જે આજ્ઞા કરી છે તેને માથે ચઢાવીને તે આજ્ઞા પ્રમાણે જ રહે છે. તે રીતે જ બીજા ચાર-જળ, અગ્નિ, વાયુ અને આકાશ-ભૂતો પણ પરમેશ્વરની મરજી-આજ્ઞા પ્રમાણે વર્તે છે. અને જે મનુષ્ય પરમેશ્વર પરાયણ થઈને તેનું ભજન કરતા હોય છે. તેઓ તો ઉપર કહેલા પાંચ ભૂતો કરતાં પણ અધિક ગૌરવવાળા છે. તે પાંચ ભૂત કોઈનો મોક્ષ કરતા નથી. તેઓ તો માત્ર પરમેશ્વરની આજ્ઞા પ્રમાણે વર્તે છે. અને હરિભક્તો તો જે મનુષ્ય તેનું વચન માને, તેનો મોક્ષ કરે છે. એટલે હરિભક્તમાં જેટલી મોટાઈની અધિકતા છે તે પાંચ ભૂતોમાં હોવી જોઈએ. પણ તેમાં તે મોટાઈ નથી. ક્ષમામાં મોટાઈ અપાર રહી છે. તેનો કોઈ પાર પામી શકતું નથી. જે જેટલો નિર્દંભ છે તે તેટલી મોટાઈને પામે છે અને જે દંભી છે તે તો દિન પ્રતિદિન ઘટી જાય છે.

ઉપલક સાધુતાથી કામ ન થાય. જેવી બહારથી સાધુતા હોય તેવી અંદર પણ હોવી જોઈએ. સાધુતા બાહ્ય અને આભ્યંતર, બંને રીતે જોઈએ અને તે વિના તો કોઈ મોક્ષને પામતું નથી. મોક્ષનો નિર્દંભ માર્ગ શોભે છે. જે દંભ કરે છે તે અધોગતિને પામે છે. દુનિયાનાં જેટલા મળ છે તે બધાં જ સત્સંગથી શુદ્ધ થઈ જાય છે. સત્સંગ કરવા છતાં પણ જો મેલ રહેતો હોય તો તેમાં તેટલો કુસંગ છે એમ જાણવું. જેટલો કુસંગ હોય તેટલું દુઃખ તેને આવે જ છે, તેને તેટલો વ્યાધિથી (રોગથી) યુક્ત જાણવો. કુસંગરૂપી રોગથી ઘેરાયેલા મનુષ્યને દેખીને તેની સેવા કરવી. જે રીતે તેનો કુસંગરૂપી રોગ મટી જાય તેવી દવા તેને આપવી. રોગીને દવા માફક આવે તેવી આપવી. જે રીતે તે દવા પેટમાં ટકી રહે અને ઊલટાનું દુઃખ ન થાય તે રીતે કુસંગના રોગીને રેચ પણ આપવો. રોગને ઓળખ્યા વિના ઘણી સેવા કરવાથી પણ શું થાય ? તે રોગ મટે નહિ. રોગને જાણ્યા વિના વૈદ્ય થાવું નહિ.

હરિભક્તો કાયમ મેઘપુરમાં આવતા અને જાતા રહેતા હતા. જળઝીલણી એકાદશી ત્યાં કરી. શ્રીહરિ રોજ કલ્યાણકારી સત્સંગની વાતો કહેતા. દશેરા અને માણેકઠારી-શરદ પૂનમ પણ ત્યાં જ કરી. દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ કરીને સંતોને અને હરિભક્તોને બહુ સુખ આપ્યું. પ્રબોધની એકાદશી સુધી શ્રીહરિ **મેઘપુર** ગામમાં રહ્યા. જે વિપ્રો રજા લઈને ઘેર જાતા હતા તેમને શ્રીહરિ દાન આપીને વિદાય આપતા હતા. ઘેર ગયેલા બધા **વિપ્રો** વખાણ કરતા. "આ રીતે વિપ્રોને કોઈ બીજાએ જમાડ્યા નથી. પરમેશ્વર વિના કોઈ બીજામાં આટલું સામર્થ્ય ન હોઈ શકે, તે અમે ચોક્કસ જાણી લીધું છે. 'ગોળ અને ઘી ચાહે તેટલું વાપરો' એમ કહીને છ માસ સુધી સીધું-સામાન આપતા જ રહ્યા છે. દિનપ્રતિદિન વિપ્રોના ઉપર વધારે વધારે ભાવ રહે એવું નિત્ય કરતા રહ્યા છે. વિપ્રો જ્યારે જમી જમીને પૂરી રીતે તૃપ્ત થઈ ગયા - ધરાઈ ગયા ત્યારે તેઓ બધા રજા લઈને ઘેર જવા લાગ્યા. તો પણ એ સહજાનંદ સ્વામી રજા આપતા નહિ અને બોલતા કે તમે રોકાઓ ગોળ અને ઘીની કાંઈ ખામી-તૂટ નથી. અમે જ્યારે ગોળ અને ઘીને ન ખૂટે એટલા દેખ્યા ત્યારે મનમાં અત્યંત અકળાયા. અમે ગોળ અને ઘી ક્યાંય બહારથી આવતા હોય એવું દેખ્યું નથી. તેમની વાત તો અમારે શું કહેવી ? તેમના બધા **સાધુ** અને **હરિભક્તોની રીત**ને અમે અલૌકિક દેખી છે.

રાત દિવસ ભાગવત ગીતા અને ધર્મશાસ્ત્રોને વાંચ્યા વંચાવ્યા કરે છે. સંધ્યા સમયે કીર્તનોમાં ઉત્સવ થાતો હોય છે. આખો દિવસ પ્રશ્ન અને ઉત્તર ચાલ્યા જ કરતા હોય છે. ભગવાન સિવાય બીજી કોઈ વાત જ તેમનાં મુખથી નીકળતી નથી. નવા નવા ભક્તો સતત આવતા અને જતા હોય તેમ ચાલુ રહે છે. કોઈનામાં કાંઈ વ્યસન જેવું અપલખણ

લેશમાત્ર પણ દેખાયું નહિ. રાત દિવસ સહુ **સદુપદેશ** સાંભળતા રહે છે. જગતમાં જે બીજે રહ્યો છે તેવો અનાચાર તો તેમનામાં લેશમાત્ર પણ નથી. સહુ વર્ણાશ્રમના ધર્મને યથાર્થ રીતે પાળે છે. સહુ શાસ્ત્રનાં મત પ્રમાણે ધર્મને અને નિયમોને પાળે છે. કોઈ શુદ્ધ દેવની તેઓ નિંદા કરતા નથી. અને આચાર શુદ્ધિ રાખે છે.'' મેઘપુરની ચોરાશીમાં જે જે વિપ્રો આવ્યા હતા તે બધા શ્રીહરિના સત્સંગની પરમ પવિત્ર રીતને દેખીને શ્રીહરિનું **યશોગાન** કરતા હતા. તેને દૈવી લોકો સાચું માનતા હતા. અને જે આસુરી લોકો હતા તેઓ શ્રીહરિની કીર્તિ સાંભળીને તપી જતા હતા. બીજા મતના જે લોકો હતા તે પણ મનમાં બળી ઊઠતા હતા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૦/૨૩)

## ➠ ભગવાન શ્રીહરિએ મેઘપુરની બ્રહ્મચોરાશીમાં આપેલ સદુપદેશ.

શ્રીહરિ મેઘપુરમાં હતા ત્યારે ચારે ધામના **અપાર વેરાગીઓ** સદાવ્રત લેવા માટે ત્યાં આવતા અને તે પ્રસંગે શ્રીહરિના દર્શન પણ કરતા. વેરાગીઓએ શ્રીહરિના સંતોનું **વર્તન** જોયું, સરલ ચિત્તવાળો **સ્વભાવ** જોયો, એટલે પોતાના આત્માના મોક્ષ માટે તે વેરાગીઓ પણ સંતોના ભેળા ભળી ગયા. તેઓ શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય કરીને **સંત શિરોમણિ** થઈ ગયા. મહાન અને અનંત યોગકળાઓ જોઈ તેથી શ્રીહરિની વાતમાં તલ્લીન થઈ ગયા. નવા ભળેલા સંતોએ જૂના સંતોની **શુદ્ધ રીતિ** જોઈ. પછી તેમણે અન્ય સંપ્રદાયની રીત, મોક્ષ માર્ગથી જે વિરુદ્ધ હતી અને અશુદ્ધ હતી તેને છોડી દીધી. તેમને જ્યારે યથાર્થ જ્ઞાન થયું ત્યારે પહેલા જ્યાં હતા તે પોતપોતાના સંપ્રદાયની રીત તેમને વિપરીત લાગી. તેઓ બધી વાતે કુશળ થઈને આવ્યા હતા છતાં તેમને શ્રીહરિ પાસે કાંઈ અધિક પ્રાપ્ત થયું. જ્યારે તેમને સત્ય વાત સમજાણી ત્યારે તેઓ તેમના છિદ્રોને કહેવા લાગ્યા. તે વાત જ્યારે વેરાગીઓએ સાંભળી ત્યારે તેઓ અત્યંત ક્રોધે ભરાણા. સત્ય અને અસત્ય, બન્ને એક સાથે ન રહે. શાહુકાર સાથે શાહુકાર અને ચોરની સાથે ચોર રહે. દિવસ અને રાત એક સાથે ભેળા ન રહે. દિવસે સૂર્ય રહે અને રાતે અંધારું રહે. બુદ્ધિમાન બુદ્ધિમાનને દેખીને રાજી થાય પણ દુર્બુદ્ધિને દેખીને તેનું મન વ્યાકુળ થાય. અંતર્યામી શ્રીહરિએ જ્યારે એ બધી વાતોને દેખી ત્યારે સ્વયં બોલ્યા : ભક્તો ! તમે સહુ મારી વાત સાંભળો. **કોઈની સાથે બગાડીને વાત ન કહેવી.** કાણાને કાણો ન કહેવો. તેને હળવાશથી પૂછવું કે તમારી આંખ શાથી બગડી. આમ પૂછીએ ત્યારે તે પોતાને મુખે જ સઘળી વાત કહેશે. તેમાં ક્યારેય કજિયાની આગ ન લાગે. પોતાનું સુખ તો પોતાના જ હાથમાં છે. માટે કોઈની સાથે કજિયાની બાથ ભરવી નહિ.

દુઃખ થાય એવી વાત કહેવી નહિ. સુખેથી ભગવાનનું **સ્મરણ** કરવું. આમ રહેવા છતાં પણ કોઈ આપણને દુઃખ દે, તો માનવું કે ભગવાન ગર્વગંજન છે. આ વખતનો અવતાર તમારી રક્ષા કરવા માટે જ ધાર્યો છે. જેણે ગર્ભમાં રક્ષા કરી છે તે હજી પણ મદદ કરશે જ. માટે હે સંતો, શરીરના પડછાયાની જેમ ભગવાન તમારી પાછળ જ ફરે છે. માટે મનમાં લેશમાત્ર પણ ચિંતા ન કરશો. માટે દેશ દેશમાં જઈને ફરતા રહો.

સમાધિમાં ગયેલાને જે ઉપરાઉપર ખડકી દીધા હતા, તેમાંથી કોઈ નીચે રહેલાને ઉઠાડવામાં આવે, ત્યારે તે વેદનાની ચીસ પાડતા. ત્યાંના અમરસિંહ ભાટ રોજ શ્રીહરિના દર્શન કરવા આવતા, તે સમાધિવાળાને જોઈને દંગ (વિસ્મિત) થઈ જતા. પણ વેરાગીઓ તેની બુદ્ધિને બગાડી નાખતા. દૂધપાક જેવું શ્રેષ્ઠ ભોજન હોય પણ તેમાં જો સર્પની લાળ પડી હોય તો તે ખુવાર (પાયમાલ) થઈ જાય અને તેને જે ખાય તેના પ્રાણ જાય છે. સંધ્યા સમય થવા આવ્યો ત્યારે વાજિંત્ર વગાડીને સંતો કીર્તન ગાવા લાગ્યા. શ્રીહરિએ અપાર આભૂષણો પહેર્યા હતા. તેથી અપાર શોભા ધારી હતી. મસ્તકે કલગી ધારી હતી અને મૂર્તિની છટા સુંદર નવરંગી હતી. કોટિ કામના જેવી મનોહર શોભા અલૌકિક હતી જે વર્ણવી શકાતી નથી. દર્શન કરતા નેત્રોને તૃપ્તિ થાતી નહિ. શોભા જોતા પ્રેમાશ્રુથી આંખો ભરાઈ જતી. ભક્ત લાલજી સુતારે ચારે તરફ દીપમાળા પ્રકટાવી હતી. આગળના ભાગમાં બે દીવાના ઝાડ કર્યા હતા. તેની શોભા ઘણી સુંદર લાગતી. સંતોની વિશાળ સભા અતિ સોહામણી લાગતી. દેખતાની સાથે દેવતાઓના મન પણ લલચાતા હતા. આવી સભા કોઈ લોકમાં ન હતી. તે વખતે તે અતિશય રમણીય લાગતી. તે સમયે સૌ શ્રીહરિના દર્શન કરતા હતા અને સવાર થવા આવ્યું. અજવાળું થઈ ગયું.

કરુણારસથી ભીના ભક્તવત્સલ અને દયાળુ એવા શ્રીહરિએ કાર્યકુશળ **મયારામ ભટ્ટ**ને તે સમયે ત્યાં બોલાવ્યા. પછી તેમને કહ્યું, આ ગામના વિપ્રોને, આપણી સાથે આવેલા વિપ્રોને અને આસપાસના ગામડાના બધા વિપ્રોને, જે હોય તે બધાને ચોરાશી કરીને જમાડો, ગયેલો અવસર ફરી નહિ આવે. સહુને નોતરા અપાવો, જલદી રસોઈ તૈયાર કરાવો. અમે હવે સ્નાન કરવા જઈએ છીએ. તમે તમારું કામ સત્વરે કરો.

મયારામ ભટ્ટે શ્રીહરિની આજ્ઞા માથે ચઢાવી. પછી શ્રીહરિ, સંતો અને હરિભક્તો, સહુ સ્નાન કરવા માટે મેઘવતી નદીને કિનારે પહોંચ્યા. પ્રથમ શ્રીહરિ શૌચ ગયા. પછી યથાવિધિ કર ચરણ આદિની શુદ્ધિ કરી. સહુ સંતોની સાથે સ્નાન કર્યું. તે સમયે ત્યાં હરિભક્તોનો કોઈ પાર ન હતો. મુકુંદ વર્ણી અને જયાનંદ વર્ણી શ્રીહરિના અંગ ચોળીને સ્નાન કરાવતા હતા ત્યારે સંતો અને હરિભક્તો ઉત્સાહ અને પ્રેમથી કીર્તન ગાતા હતા. **'ધન્ય વૃંદાવન વંસી વટની છાંય જ્યાં હરિ બેસતા..'** આવા

નરસિંહ મહેતાના જે પદ પ્રકટ ભગવાનની મૂર્તિના ચરિત્રને વર્ણવતા હતા, તે પદોને વારંવાર બોલતા. કીર્તનોને બોલતા ત્યારે હજારો લોકોને લક્ષ(સમાધિ) થતો.

### ➠ જે કરે સાચો સત્સંગ, તેને રહે નવો નવો રંગ :

હરિભક્તોનો સમાગમ અને સંતોનો સમાગમ દુર્લભમાં પણ દુર્લભ છે. સુખદાયક શ્રીહરિ સંતોની શીતળ સભામાં આવીને પ્રકટ પણે વિચરણ કરતા. જે ચરણોમાં અડસઠ તીર્થ રહ્યા છે, તે ચરણોને ભક્તો માહાત્મ્ય સમજીને હેતથી વંદન કરતા. જે વિષ્ણુ ભગવાન વૈકુંઠમાં વસે છે તે મહાપ્રભુ સંતોની સભાને મધ્યે પધારે છે. માટે જે ભક્તો સંતોની સભામાં આવીને બેસે છે તેને વૈકુંઠલોકનું કાર્ય અહીં જ થાય છે. જ્યારે સંતોનો આવો મહિમા સમજાય છે ત્યારે જ પ્રભુના ચરણોમાં નિવાસ મળે છે. સંતો પોતાના અનુભવનો સહારો લઈને વારંવાર ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કહેતા હોય છે. તેનાથી ભગવાનનો વિશ્વાસ દૃઢ થાય છે. તેથી તેને ફરીવાર આ સંસારમાં ભટકવું પડતું નથી. આદિ, મધ્યે કે અંતે એક પરમાત્મા શ્રીહરિ જ રહ્યા છે. જેને ભગવાનના ચરણોમાં સંપૂર્ણ પ્રેમ વધે છે તેને દેખીને યમદૂતો પણ ડરતા રહે છે.

"સંતો ચિંતામણિ અને પારસમણિના જેવા છે. અરે ! કલ્પતરુ અને કામધેનુના જેવા છે. સુખના ધામ જેવા સંતો જો મળ્યા હોય તો પછી બીજી રિદ્ધિ કે સિદ્ધિનું કામ જ શું છે ? એવા સંતોના ચરણોની રજ પાપી જીવોને મળવી દુર્લભ છે. સંતોના ચરણની રજ જેના મસ્તકે ચઢી હોય તેનો નિવાસ ભગવાનની સમીપે થઈ ગયો જ હોય છે." આવા ભાવવાળા ગોપાળદાસનાં પદોને પણ હરિભક્તો ગાતા હતા. તે સમયે શ્રીહરિએ કોરા વસ્ત્ર પહેરી લીધા અને આનંદ પૂર્વક મેઘપુર ગામમાં પધાર્યા. જ્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે સુવર્ણના બાજોઠ ઉપર બેસીને ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ પહેલા થાળ જમ્યા. સંતો અને વિપ્રો જમ્યા. તે પછી બીજા બધા હરિભક્તો જમ્યા અને તે પછી તીર્થવાસીઓ પણ સહુ જમ્યા.

આ રીતે ઘણો સુખ-સગવડતા ભર્યો સમૈયો પૂરો થયો. બારોટ(ભાટ) લાડકી બાઈએ તે સમયે શ્રીહરિને સારો પોશાક ધારણ કરાવ્યો. અને શુદ્ધ બ્રાહ્મણને ઘેર વારંવાર રસોઈ કરાવીને થાળ જમાડ્યા. લાડકીબાઈએ ઘણા જ હેતથી બ્રાહ્મણ પાસે ષોડશોપચાર વિધિથી પૂજા કરાવી. કપૂરથી આરતી કરાવીને શ્રીહરિની મનોહર મૂર્તિને હૃદયમાં દૃઢપણે ધારી લીધી. શ્રીહરિના ચરણોમાં જોડાઈને તેણે સંસારનો બધો નાતો છોડી દીધો. તેને લીધે તો મોટી તકરાર થઈ. દુનિયા તો માથું કૂટીને હારી બેઠી. શ્રીહરિ સંતોને ઘણા જ ભાવથી ભેટ્યા. અને પ્રદેશોમાં ફરવાની આજ્ઞા કરી. કાંઈક વિચાર કરીને મુક્તાનંદ સ્વામી આદિ દસ બાર સંતોને સાથે રાખ્યા. પછી શ્રીહરિ રથમાં બેસીને મેઘપુરથી **જૂનાગઢ** પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૩/૩૬)

## સં. ૧૮૬૩

### ➠ સંતોને ખાંડ, ઘી અને ગોળવાળી વસ્તુ ન ખાવાની આજ્ઞા કરી.

સં. ૧૮૬૩માં જૂનાગઢમાં ભગવાન શ્રીહરિ 'હરિનવમી' ઉત્સવ કરી વંથળી થઈ **મેઘપુર** પધાર્યા હતા. એકદિવસ શ્રીજીમહારાજ સભામાં બિરાજમાન હતા. ત્યાં એક ખેડુ આવ્યો. તેણે ભગવાન શ્રીહરિને કહ્યું : "મહારાજ ! મારા વાઢમાંથી તમારા સાધુએ શેરડીનો એક સાંઠો લીધો છે. મને કહ્યું હોત તો હું બે આપત."

ભગવાન શ્રીહરિએ આ સાંભળી સભા સમક્ષ જોયું. સાધુ રામચરણદાસે તરત જ કહ્યું : "મહારાજ ! સાંઠો ખેંચીને નથી લીધો પણ નીચે પડ્યો હતો તે લીધો છે."

શ્રીજીમહારાજે તેમને કહ્યું : "આપણાથી ધણીને પૂછ્યા વિના કાંઈ લેવાય નહિ, તે ચોરી કરી કહેવાય. અરે ! રસ્તામાં પડેલી વસ્તુ પણ આપણાથી ન લેવાય."

ભગવાન શ્રીહરિને સાધુ-સત્સંગીના જીવનમાં સત્ય, નીતિ અને ન્યાયના આચરણની આવશ્યકતા સમજાવવી હતી. જીવન તેના પાલનથી જ સમૃદ્ધ બને, સત્સંગને અનુરૂપ બને. શ્રીજીમહારાજે તરત જ સભાને સંબોધીને કહ્યું : "મારા સાધુઓએ આજથી ખાંડ, ઘી અને ગોળવાળી વસ્તુ ન ખાવી."

(સ.ગુ. શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતો : વા.નં. ૩ના આધારે)

## સં. ૧૮૬૮

### ➠ ઓગણોતેરાના મહાકાળ (દુષ્કાળ)નો સંદેશો આપવા સ્વયં ભગવાન શ્રીહરિ મેઘપુર પધાર્યા.

સં. ૧૮૬૮માં ગઢપુરમાં ભગવાન શ્રીહરિએ 'હરિનવમી'નો ઉત્સવ કર્યો. દેશદેશના હરિભક્તો આવ્યા. સત્સંગ વિચરણ કરતા સંતો પણ આવ્યા. શ્રીજીમહારાજે દરબારગઢમાં આગળથી જ કહેવરાવ્યું હતું કે કોઈપણ પ્રકારના મેવા-મીઠાઈઓની રસોઈઓ બનાવવાની નથી. સાદી જ રસોઈ કરશો. પ્રકરણ ફેરવ્યું છે. ભગવાન શ્રીહરિના મુખારવિંદની ગંભીરતાથી મહારાજના વચનોની ગંભીરતા પણ સૌ સમજી ગયા. આ વખતે શ્રીજીમહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા કોઈની હિંમત ચાલી નહીં.

હરિનવમીના ઉત્સવ પર સંતો આવ્યા હતા તેમને ભગવાન શ્રીહરિએ કહ્યું : "હે સંતો ! ગામોગામ ફરજો, લોકોને કહેજો કે આવતા વરસે કપરો કાળ આવશે. અનાજ સંઘરજો. ઘરમાં દાગીના હોય તે વેચીને, રોકડ હોય તે આપીને અનાજ લઈ લેજો. ઉપદેશની વાત ઝાઝી કરશો નહીં. કારણ તે વાતના વેગમાં ચડી જવાય તો મુદ્દાની વાત રહી જાય."

હરિભક્તોએ આ વાત સાંભળી. છતાં શ્રીજીમહારાજે તેમને કહ્યું : ''તમો બધા ઘેર જઈને પહેલું આ કામ કરજો. પશુધન વેચી નાખજો અને અનાજ લઈ લેજો.''

હરિનવમીના સમૈયા પછી શ્રીજીમહારાજે સૌને વિદાય આપી. પછી લાડુબા તથા જીવુબાને કહ્યું : ''સાંભળો ! અમારું દીક્ષાસ્થાન પીપલાણા અમને પ્રિય છે. વળી જેતપુરમાં અમને ધર્મધુરા સોંપી, પટ્ટાભિષેક કર્યો તે ભૂમિ પણ અમને ખૂબ પ્રિય છે. સોરઠ ને સોરઠના ભક્તો પણ મને અધિક પ્રિય છે. એટલે અમને એવો વિચાર થાય કે સોરઠમાં જઈએ. ત્યાંના અમારા પ્રિય હરિભક્તોને પણ અમારે કહેવું પડશે તે કાળ પડશે, લોકોને અનાજના સાંસા પડશે, ભૂખે ટળવળશે અને ભૂખના દુઃખે લોકો મરશે પણ ખરા. તવરા જવાની અમારી ઈચ્છા નથી. મુક્તાનંદ સ્વામીને કહ્યું છે એટલે તેઓ ત્યાં જશે.''

શ્રીજીમહારાજ ગઢપુરથી **સોરઠ**માં જવા માટે નીકળી ગયા. ગઢપુરથી નીકળી વાંકિયા થઈને કોટડા પધાર્યા. અહીં કોટડા રાજા પીઠાવાળાના દરબારમાં રાત રહ્યા. અહીં ભગવાન શ્રીહરિએ હરિભક્તોને કહ્યું : ''અમે જ્યાં જ્યાં જઈએ છીએ ત્યાં ત્યાં હરિભક્તોને આદેશ આપીએ છીએ કે અનાજનો સંગ્રહ કરજો. આવતું વરસ કપરું આવશે. બીજા કોઈ ઉપદેશની વાત કરવા અમે આવ્યા નથી.''

પછી શ્રીજીમહારાજ કોટડાથી નીકળી નડોલ, બંધિયા, ગોંડળ, ઉપલેટા, વડગામ, અલૈયા, મોડા, ભાદરા, પીપળિયા, આખા, પીપલાણા, અગત્રાઈ, માણાવદર થઈને **મેઘપુર** પધાર્યા.

શ્રીજીમહારાજ પધાર્યા તે જાણીને ગામના જેઠાભાઈ તથા જીવરામ વિપ્ર, સોની રણછોડ અને નારાયણ, માનજી, રવજી, સામતભાઈ, શવદાસ કુંભાર તથા નંદુ ભાટ વગેરે હરિભક્તો દર્શને આવવા લાગ્યા. મહારાજને પગે લાગીને સામે બેઠા એટલે મહારાજે કહ્યું : ''હે ભક્તો ! આવતા વરસે મોટો કાળ પડવાનો છે. માટે ઘોડા, બળદ કે બીજા ઢોર હોય તે વેચીને દાણા લઈ લેજો, નહિ તો ઢોર પણ ભૂખે મરી જશે અને તમને પણ ભારે દુઃખ આવશે.''

પછી ભગવાન શ્રીહરિ થાળ જમીને નીકળવા તૈયાર થયા. ફરી બધા હરિભક્તોને કહ્યું : ''અમે આવતા વરસના કાળનો સંદેશો આપવા નીકળ્યા છીએ. એ રીતે અમારા ભક્તોની તથા તેમના સંબંધે અન્ય જનોની રક્ષા થાય એ જ હેતુ છે. માટે સૌ આજ્ઞા પાળજો.'' એટલું કહીને શ્રીજીમહારાજ મેઘપુરથી ચાલી નીકળ્યા.

પોતાના આશ્રિતજનોને ઓગણોતેરા મહાકાળનો સંદેશો આપતાં આપતાં છેલ્લે ભગવાન શ્રીહરિ પંચાળા પધાર્યા. અહીં તો દરબાર ઝીણાભાઈ મહારાજને જલદી નીકળવા દે તેમ ન હતા. અણતેડ્યા ભગવાન શ્રીહરિ પધાર્યા હતા. તેથી તેમને, તેમના માતુશ્રી ગંગામાને તથા બહેન અદીબાને ખૂબ આનંદ થયો.

ઝીણાભાઈએ મહારાજને પૂછ્યું : ''હે કૃપાળુ ! કોઈપણ પ્રકારનો સંદેશો નહિ, કોઈ સંગાથ સાથે નહિ અને આમ એકલા આપ પધાર્યા તેનું શું કારણ ?''

ભગવાન શ્રીહરિએ તરત જ કહ્યું : ''અમને સ્વપ્નમાં રુદ્ર દેખાયા, અમારા તો તે ભક્ત છે પણ તેમના મોં ઉપર ઘણી જ રુક્ષતા અમે જોઈ. તેમણે કહ્યું : 'જગતમાં અધર્મ ઘણો પ્રવર્તી ગયો છે. જ્ઞાનોપદેશથી કોઈ ધર્મના માર્ગે ચઢશે નહિ. આપનું વિચરણ અથાગ છે, આપ જનકલ્યાણ માટે વિચરણ કરી રાત-દિવત જોતા નથી. છતાં લોકો આપનો વિરોધ કરે છે, આપના સંતોને ત્રાસ આપે છે.. આવો અધર્મ હવે સહન થઈ શકતો નથી. માટે અધર્મીઓનો હ્રાસ કરવા મારે ત્રાટકવું પડશે. તમો તો દયાળું છો એટલે બધું સહન કરો છો.' શિવજીએ આવું કહ્યું એટલે આવતા વર્ષે કદાચ કાળ પડે. અમે હરિભક્તોને ચેતાવવા નીકળ્યા છીએ.''

આ પ્રમાણે કહીને શ્રીજીમહારાજે ઝીણાભાઈને કહ્યું : ''આ વર્ષે જુવાર ઘણી પાકી છે માટે ખાણમાં નાખજો પણ વેચી નાખશો નહીં. આ બધા ઢોર પણ વેચી દેજો અને જે રકમ આવે તેમાંથી પણ અનાજ ખરીદી લેજો.''

દરબાર ઝીણાભાઈ પ્રસંગની ગંભીરતા સમજી ગયા. તેમણે તેમના માતુશ્રી ગંગામાને આ વાત કરી ત્યારે તેમણે પણ કહ્યું : ''મહારાજ કહેતા હોય તો તેમની આજ્ઞા પાળીને ઢોરઢાંખર વેચી જ ધો.'' પછી ઝીણાભાઈએ શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે એક ભેંસ અને એક ઘોડી રાખી બાકીના ઢોર વેચી દેવાનું નક્કી કરી લીધું.

આમ, ભગવાન શ્રીહરિ સોરઠમાં ફર્યા. ભક્તોને ઓગણોતેરા કાળનો સંદેશો આપ્યો. સાથે સાથે બીજા જે તેમની આજ્ઞા માને તેવા સદ્ભાવનાવાળા હતા તેમને પણ આ આગાહી કહીને ચેતાવી દીધા. જેથી તેઓ પણ કાળના મુખમાંથી ઊગરી જાય. પરંતુ શ્રીજીમહારાજના વચનમાં જેમને વિશ્વાસ ન હતો, તેવા લોકો તો કહેવા લાગ્યા : 'સ્વામિનારાયણ પોતાને ભગવાન મનાવવા કાંઈ નવા ને નવા તૂત ઊભાં કરે છે.'

ભગવાન શ્રીહરિ તેવા લોકોના અજ્ઞાન પર હસતા. સોરઠ પ્રદેશમાં હરિભક્તોને આગમચેતી સંદેશો આપી શ્રીજીમહારાજ ફરીને **ગઢપુર** પધાર્યા.

## મેઘપુરમાં ભગવાન શ્રીહરિએ કરેલ અન્ય લીલાચરિત્રો

➡ એકવખત શ્રીજીમહારાજ **મેઘપુર** પધાર્યા ને નારણ સોનીને ઘેર ઉતર્યા. ત્યાં મૂળજી બ્રહ્મચારીએ થાળ કર્યો તે

મહારાજ જમ્યા ને પ્રસાદી નારણ સોનીને આપી. પછી સંતો-હરિભક્તોને જમાડ્યા. પછી પીપળાની ડાળે હીંડોળો બાંધીને તેમાં ભગવાન શ્રીહરિને બેસાડ્યા ને ઘણીવાર સુધી ઝુલાવ્યા.

પછી શ્રીજીમહારાજ સભામાં આવીને બિરાજમાન થયા. ઘણા સંતો-હરિભક્તોને સમાધિ કરાવીને તેમના શરીરને ઉપરા ઉપર ખડકી મેલ્યાં. તે સમાધિમાં સર્વે અક્ષરધામમાં ગયા ને ત્યાં દિવ્ય સિંહાસન ઉપર અનંત મુક્તોની મધ્યે ભગવાન શ્રીહરિ બિરાજમાન છે તેવા દર્શન થયા. તેથી સર્વેને અંતરમાં આનંદ થઈ ગયો. પછી શ્રીજીમહારાજે સર્વેને સમાધિમાંથી જાગ્રત કર્યા ત્યારે તેઓ ઊઠીને સભામાં આવ્યા ને વાત કરી જે, 'આ મહારાજ છે તે સર્વોપરી ભગવાન છે ને રામાનંદ સ્વામી પણ શ્રીજીમહારાજની સેવામાં છે.' તે સાંભળી સભામાં બેઠેલા અન્ય હરિભક્તોને ભગવાન શ્રીહરિનો પાકો નિશ્ચય થયો ને મહારાજનો અપાર મહિમા સમજાયો અને સહુના ચિત્ત શ્રીજીમહારાજની મૂર્તિમાં ખેંચાયાં તેથી કેટલાય તે વખતે નવા સત્સંગી થયા. (શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ - ૧, વાત નં. ૧૬૫)

➠ એકવખત ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો અને કાઠીસ્વારો હરિભક્તો સાથે **મેઘપુર** પધાર્યા હતા. નારણ સોનીને ઘેર થાળ જમ્યા ને પ્રસાદી તે સોનીને આપી પછી સંતો-હરિભક્તોને જમાડ્યા. પછી ઓસરીમાં ઢોલિયા ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા ને સર્વે સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી. તે વખતે નારણ સોનીના ભત્રીજા જેસંગભાઈએ શ્રીજીમહારાજને વિનંતિપૂર્વક હાથ જોડીને પ્રશ્ન પૂછ્યો : ''હે મહારાજ ! તમે પુરુષોત્તમ નારાયણ છો ને અનેક જીવોના મૂળ અજ્ઞાનનો નાશ કરવા સારુ ને તેઓના મોક્ષ કરવા સારુ આલોકમાં પધાર્યા છો તે તો ઠીક, પરંતુ આ પૃથ્વીને વિષે જે પાપી જીવ હોય તે પાપ કરે છે તેમના ઉપર તમને ક્રોધ ન આવે ?''

ત્યારે ભગવાન શ્રીહરિ બોલ્યા : ''હે જેસંગ ! અમને તેમના ઉપર ક્રોધ ન આવે ને આવે તો આ ગામના માણસો સૂતા જ રહે.'' તે સાંભળી નારણ સોનીએ પોતાના ભત્રીજા જેસંગભાઈને કહ્યું : ''ભગવાનનું પેટ મોટું હોય, માટે છલકે નહિ એમ તું જાણ. કેમ કે જેની ભ્રકુટીના એક વિલાસમાં કોટી બ્રહ્માંડ ઉપજે ને લય પામે તેવા આ શ્રીજીમહારાજ છે એમ તું જાણ.'' એ પ્રમાણે નારણ સોની બોલ્યા તે સાંભળીને ભગવાન શ્રીહરિ રાજી થયા.

પછી બીજે દિવસે શ્રીજીમહારાજ સંતો-હરિભક્તોને સમાધિ કરાવીને ગોદડા ખડકે તેમ સર્વેને ખડકી દીધા. તે વખતે લખમણ મારડિયાની અવસ્થા નાની હતી તેને મહારાજે કહ્યું : ''તું એક જણાની પાસે જઈ આંગળી અડાડીને જગાડ્ય.'' ત્યારે તેણે જઈ વચ્ચે સૂતેલા એકને આંગળી અડાડી કે તુરત તે જાગ્યો ને શ્રીજીમહારાજ પાસે આવીને પગે લાગ્યો. તે જોઈને સહુ આશ્ચર્ય પામ્યા. તે જોઈ નારણ સોનીના ભત્રીજા જેસંગભાઈએ ભગવાન શ્રીહરિની પ્રાર્થના કરી : ''હે મહારાજ ! હવે સહુને જગાડો.'' ત્યારે શ્રીજીમહારાજે હાથનું લટકું કરીને સર્વેને જગાડ્યા. એવી રીતે ભગવાન શ્રીહરિ હંમેશાં સમાધિ કરાવીને ધામમાં મોકલતા એવી લીલા મેઘપુરમાં કરી છે.

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ - ૧, વાત નં. ૧૬૭)

➠ એકસમયે શ્રીજીમહારાજ કાઠીઓના સ્વાર લઈને **મેઘપુર** લાડકીબાઈને ઘેર પધાર્યા. રાત્રિએ લાડકીબાઈએ સર્વેને વાળું કરાવ્યું ને શ્રીજીમહારાજને પોઢવા માટે ઢોલિયો ઢાળીને માથે ગાદલું પાથરી આપ્યું ને તે ઉપર ઓછાડ ઓછાડીને ઓશીકું મેલ્યું તે ઉપર મહારાજ પોઢ્યા. સવારે વાડીએ જઈને નિત્યવિધિ કરીને પાછા ગામમાં આવ્યા. તે વખતે અસુરે પરગામથી પચાસ માણસ સંધીનું લાવીને રસ્તામાં બે બાજુ ઊભા રાખીને બંદુકોમાં દારૂગોળી ભરીને જામગ્રીઓ સળગાવીને રાખી હતી. તેણે એમ ધારેલું કે, આંહી સ્વામિનારાયણ આવે ત્યારે લડાઈ કરવી ને ઝાલી લેવા.

તે વાતની ભગવાન શ્રીહરિને ખબર પડી ત્યારે મહારાજે લાડકીબાઈને કહ્યું : ''તમને આ વાતની ખબર હતી ને અમને કેમ કહ્યું નહિ ?'' ત્યારે તે બાઈ કહે : ''હે મહારાજ ! તમારાથી કાંઈ અજાણ્યું નથી.'' પછી શ્રીજીમહારાજ થાળ જમવા બેઠા તે જમી ચળું કરીને મુખવાસ લીધો ને તે જમતા જમતા બોલ્યા : ''હે મૂળુભા ! તમે તથા પાળાઓ સર્વે ઊભા ઊભા ઝટ જમી લ્યો.'' એમ સર્વેને ઊભા ઊભા જમાડીને તૈયાર થઈને ચાલ્યા ત્યારે રસ્તામાં સંધીઓને ભાળ્યા ત્યારે બંધિયાવાળા દરબાર મૂળુભાને શ્રીજીમહારાજ કહે : ''તમે હાકલ મારો.'' ત્યારે દરબાર મૂળુભાએ એક હાકલ મારી ત્યાં તો સંધીઓ ઊભા હતા તેના નાડીપ્રાણ તણાઈ ગયા ને મરેલ જેવા થઈને ઊંધા થઈ પડ્યા ને મોઢામાં ધૂળ ભરાઈ ગઈ. તે વખતે ભગવાન શ્રીહરિ એક પાળાને કહે : ''આની બંદુકોની જામગરીઓ ઓલાવી નાખો.'' ત્યારે તેણે લુગડું પલાળીને બધી ઓલવી નાખી. પછી સર્વેની વચ્ચે થઈને ચાલ્યા ગયા. તે પછી થોડીકવાર થઈ ત્યારે તે સંધીઓ ઊઠ્યા ને બોલ્યા : ''અરે ! સ્વામિનારાયણ ક્યાં ગયા ?'' ત્યારે ગામના માણસો હતા તે કહે : ''તમારો બાપ સ્વામિનારાયણ તો ચાલ્યા ગયા.'' ત્યારે તે અસુરો ધૂળ ફાકી ને ભાગી ગયા. (શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ - ૧, વાત નં. ૧૬૩)

મેઘપુરમાં ભગવાન શ્રીહરિ થકી દીક્ષા લેનાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન વિદ્વાન પંડિતવર્ય

# સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી



यः श्रीमान् सद्गुरूणां सदसि बहुमतः स्वामिनारायणस्य
प्रादुर्भावादिदिव्याद्भुतचरितमयं यो निबन्धं व्यतानीत् ।
जित्वा यो वादिवृन्दं सदसि समतनोदौद्धवाध्वप्रतिष्ठाम्
नित्यानन्दो मुनीन्द्रः प्रथितगुणनिधिर्मानसे नश्चकास्तु ।।

ભગવાન શ્રી સ્વામિનારાયણની સભામાં બેસનારા અનેક સદ્‌ગુરુઓના મંડળમાં બહુમાનપૂર્વક સન્માન કરાયેલા હોવાથી અતિશય અલૌકિક શોભાએ યુક્ત, તેમજ જેમણે ભગવાન શ્રીહરિના પ્રાદુર્ભાવાદિક દિવ્ય અદ્‌ભુત ચરિત્રોથી ભરેલો **'શ્રીહરિદિગ્વિજય'** નામે **મહાગ્રંથ** રચેલો છે. તથા જેમણે અનેક રાજસભાઓમાં વાદી-વિદ્વાનોના સમૂહને જીતીને ઉદ્ધવ (શ્રી સ્વામિનારાયણ) સંપ્રદાયની મહાન પ્રતિષ્ઠા સમગ્ર ભૂમિમાં વિસ્તારી છે. અને ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે અનેક પ્રસિદ્ધ મહા ગુણગણોના નિધિરૂપ અને સર્વ મુનિઓમાં શિરોમણિ એવા **નિત્યાનંદ મહામુનિરાજ** અમારા હૃદયકમળમાં અખંડ પ્રકાશે યુક્ત બિરાજમાન રહો.

(શ્રીહરિદિગ્વિજય : જીવનવૃત્તાંત)

જેને સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ વ્યાસ ભગવાનનું બિરુદ આપી ભરસભામાં બિરદાવતા, જેની ભક્તિથી ભગવાન શ્રીહરિ અનેકવાર પ્રસન્ન થયા હતા એવા અજોડ બુદ્ધિમાન પંડિતવર્ય સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીની સરાહના કરતા **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથના પ્રારંભમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે : **'જે પ્રત્યક્ષ પ્રભુ તણી સુનવધા ભક્તિ તણું પાત્ર છે, જેને એક અનન્ય ઈષ્ટ ઉરમાં શ્રીસ્વામીજી માત્ર છે.'** (૧/૧/૩૮)

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના રહસ્યના જાણનારા, દેવગુરુ બૃહસ્પતિ સમાન પ્રતિભા સંપન્ન એવા પંડિતવર્ય સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી જ્યારે શાસ્ત્રાર્થ કરવા જતા ત્યારે એક ગાડામાં શાસ્ત્રો અને એક ગાડામાં પોતે બેસતા. આવું તેમનું હૃષ્ટપુષ્ટ ને કદાવર શરીર હતું. એકવાર કોઈ દ્વેષી નિત્યાનંદ સ્વામીને સાંભળતા એવું બોલ્યો કે, ''જુઓને, આ સ્વામિનારાયણના સાધુ ખાઈ-ખાઈને કેવા જાડા થયા છે !'' ત્યારે સ્વામીએ તેને કહ્યું : ''આ દેહને તો ભિક્ષામાં જે અન્ન મળે તેના ગોળા વાળીને જ આપીએ છીએ. રોમ રોમ ભગવાન શ્રી સ્વામિનારાયણનો મહિમા અને તેઓની સર્વોપરી નિષ્ઠાની ખુમારી ભરી છે તેથી આ શરીર પુષ્ટ થયું છે, પણ ખાઈ-ખાઈને નથી થયું.'' આવા પ્રતિભા સંપન્ન અને પુરુષોત્તમનારાયણની

પરમહંસમાળામાં સૂર્યકાંતમણિની જેમ ચમકતા સ્વામી વિષે **'નંદમાળા'** ગ્રંથમાં સ.ગુ. શ્રી મંજુકેશાનંદ સ્વામી લખતાં કહે છે:

**'નિત્યાનંદ સ્વામી મોટા જ્ઞાનવાન, જેને હરિભક્તિ કર્યાનું તાન; હરિની આજ્ઞા વિષે દૃઢ રહ્યા, જેને હરિએ વ્યાસમુનિ સમ કહ્યા. ભણ્યા ષટ્શાસ્ત્ર અઢાર પુરાણ, સર્વેના અર્થનું જાણે સુજાણ; જેણે હરિ આગળ વાંચી કથાય, સુણી હરિ આપ મગન બહુ થાય.'**

ભગવાન શ્રી સ્વામિનારાયણની અતૂટ નિષ્ઠા અને કેફનું મૂર્તિમંત સ્વરૂપ એટલે સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી. પ્રભાવશાળી વક્તા, વિચક્ષણ વિભૂતિ, પંડિતાગ્રણ્ય અને શ્રીજીમહારાજની પરાવાણી સમા વચનામૃત ગ્રંથના સંગ્રાહક એવા સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પાયાનો એક આધારસ્તંભ હતા. આવો આપણે સ્વામીના જીવનકવનને જાણી-માણી આપણા જીવનને ધન્ય બનાવીએ. મધ્યપ્રદેશમાં ઝાંસી પાસે **'દંતિયા'** નામનું પ્રસિદ્ધ ગામ છે. આ ગામ આઝાદી પૂર્વે લખનૌ નીચે ગણાતું હતું. આ ગામમાં બ્રાહ્મણકુળને દીપાવનાર મહાન પવિત્ર યજુર્વેદીય **વિષ્ણુ શર્મા** તેમના ધર્મપત્ની **વિરજાદેવી** સાથે રહેતા હતા. તે લખનૌ રાજાના રાજગુરુ હતા. અઢળક સંપત્તિ સાથે ધર્મ-જ્ઞાનાદિક અનેક સદ્ગુણોથી યુક્ત હતા.

આવા પવિત્ર દંપતીને ઘેર ગોવિંદ શર્મા તથા દિનમણિ શર્મા નામે બે પુત્રોનો જન્મ થયો. તેમાં દિનમણિ શર્મા એ જ સ.ગુ. **શ્રી નિત્યાનંદ સ્વામી.** તેઓનો જન્મ સં. ૧૮૪૯ ચૈત્ર સુદ - ૯ ને ગુરુવાર તા. ૨૧-૩-૧૭૯૩ના દિવસે થયો હતો. તે સમયે મૂર્તિમાન **ચારે વેદો**એ આવી તેઓને આશીર્વાદ આપતા કહ્યું હતું જે, "પ્રગટ પુરુષોત્તમનારાયણના ગુણગાન કરવાથી તમારો જન્મ સફળ થાશે." વળી તે સમયે દેવોએ દુંદુભિના નાદ કર્યા. બૃહસ્પતિ તથા અન્ય મોટા દેવો અને ઋષિઓએ **આશીર્વાદ** આપતા કહ્યું : "તમારી બુદ્ધિ સદાય નિર્મળ રહેશે. પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના યશનું તમે ગાન કરશો. અને પૃથ્વી પર ભગવાન શ્રી સ્વામિનારાયણની નિષ્ઠા પ્રવર્તાવશો." પિતા વિષ્ણુ શર્માએ તે સમયે બ્રાહ્મણોને ભોજન તથા વસ્ત્રોના દાન કર્યાં. આમ, સર્વત્ર **આનંદ** છવાયો.

બાળપણથી જ દિનમણિ શર્માની સુશીલતા અને મુખાકૃતિ અનેરી હતી. બાળરમતથી તેઓ સદા ઉદાસીન હતા. પિતાની અતોલ સમૃદ્ધિમાં ઊછરેલા. તેઓ બાળપણથી જ પ્રતિભા સંપન્ન હતા. વળી ગંભીર, સુંદર તેમજ તેજસ્વી મુખાકૃતિ તથા વિનય-વિવેક વગેરે સદ્ગુણોથી સમલંકૃત હતા. ચંદ્રની કળાની પેઠે અનેકને આનંદ ઉપજાવતા થકા તેઓ મોટા થવા લાગ્યા.

આઠ વર્ષના થયા ત્યારે દિનમણિ શર્માને પિતાએ વેદોક્ત વિધિથી યજ્ઞોપવીત આપી ગાયત્રી મંત્રોપદેશ કર્યો. બાળપણથી જ સંસારમાં ઉદાસી અને જ્ઞાન-વિજ્ઞાન, ભજન-ભક્તિ તથા સંતસમાગમમાં જ તેમને અતિશય રુચિ હતી. હંમેશાં તેઓનું હૈયું પરમાત્માને પામી જવા ઝંખ્યા કરતું. થોડો અભ્યાસ પિતા પાસે પૂર્ણ કર્યા બાદ વિશેષ અભ્યાસ કરવા કાશી જવાની ઈચ્છા દર્શાવી.

સંબંધીજનોએ રાજી થઈ કાશીએ વિદ્યાભ્યાસ કરવા મોકલ્યા. ત્યાં જગજીત નામના વિદ્વાન ગુરુ પાસે રહી અભ્યાસ શરૂ કર્યો. એકવાર સાંભળે અને તમામ યાદ રહી જાય. શાસ્ત્રોના રહસ્યો તો તેમના હૈયામાં કંડારેલા હોય તેમ કહી બતાવે. દિનમણિ શર્માની આવી દિવ્ય શક્તિથી ગુરુ અત્યંત આશ્ચર્ય પામ્યા અને પંડિતોને પણ સહેજે તેમના ઉપર સદ્ભાવ થયો. ટૂંકસમયમાં જ વ્યાકરણ, સાહિત્ય, પુરાણ અને ભાગવત વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. જેની નોંધ લેતા **'આચાર્યોદય'** નામના ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે :

**'ઊંડા જ્ઞાનમાં ઊતર્યા જેવે, થયું જ્ઞાન જથાર્થ તેવે; ક્ષણભંગુર માની શરીર, છૂટી તેમના ઉરની ધીર. વળતો કીધો પછીથી વિચાર, લઉં તીર્થાટન સુખસાર; કરવું શ્રીહરિ સ્મરણ સદાય, ક્ષરતા અંતર તે થકી થાય.'**

(૩૨/૧૭-૧૯)

આમ, જ્ઞાનમાર્ગની દૃઢતા થતા મલોખાના મકાન જેવી પિંડબ્રહ્માંડની તુચ્છતા સમજાણી. સત્યની શોધ માટે હૈયામાં અદમ્ય ઈચ્છા જાગી. પોતે પૂર્વના મુક્ત જ હોવાથી શાસ્ત્રોના સારરૂપે એક વાત નક્કી થઈ ગઈ કે, "આ મનુષ્યજન્મનું કર્તવ્ય એ જ છે કે પ્રગટ ભગવાનને પામી જવું ને ફરી જન્મ ન લેવો પડે એવું કરી લેવું એ જ મનુષ્યદેહનું ફળ છે. માયા મૂકી ભગવાનને પામી જાય તે જ ડાહ્યો છે." આ વાતની દૃઢતા થતાં સંસારથી ચિત્ત ઊડી ગયું. તેથી પરમાત્માને પામવા માટે તીર્થયાત્રા કરવા ચાલી નીકળ્યા. દિનમણિ શર્મા પ્રભુપ્રાપ્તિના સંગમ માટે જેમ ગાંડી બનેલી ગંગા સમુદ્રને પામવા પૂરપાટ ચાલે, તેમ સમૃદ્ધિમાન ઘર તથા ગુણિયલ માતા-પિતા વગેરેનો મળવત્ ત્યાગ કરી ચાલી નીકળ્યા. કોઈ સંઘ સાથે ફરતા ફરતા બદરીનાથ ગયા. ત્યાંથી જગન્નાથપુરી, સેતુબંધ રામેશ્વર વગેરે મોટા મોટા તીર્થોમાં ફર્યા. ઘણા સંત-મહાત્માઓને મળ્યા પરંતુ પ્રભુપ્રાપ્તિ કરાવે તેવું કોઈ જણાયું નહીં. પછી દ્વારિકાની યાત્રા કરવાનું ધારીને ચાલ્યા. તે ચાલતાં ચાલતાં ગુજરાતમાં ગામ **વિસનગર** આવ્યા. ત્યાં 'હાલમાં સ્વામિનારાયણ નામે પરમાત્મા પ્રગટ થયા છે' એવી વાત સાંભળવા મળી.

**'તેમને ખબર પડી ત્યાં જ તેવી, ઈશ્વર અવનીમાં અવતર્યા એવી; નામ સ્વામિનારાયણ ધાર્યું, બળ મનમથ કેરું વિદાર્યું. સાથે સંત મહંત વિશેષ, સહુને સરખો કરે ઉપદેશ; શાસ્ત્રસિદ્ધ છે ચિહ્ન શરીર, તારે છે ભવસાગર ભર. ક્રોધ લોભ ને મોહ મહાન, તેનું દે છે તે ભુલાવી ભાન; એવી સાંભળીને શુભ વાત, થયા અંતરમાં રળિયાત. હતી ભાવિક ઈચ્છા જે ઉર, જાણી સિદ્ધ થઈ તે જરૂર; જેવું ચાતક સ્વાતિનું નીર, પીને પોષે છે નિજ શરીર.'**

(૩૨/૨૨-૨૫)

જગતનિયંતા, અક્ષરાદિક સર્વકારણના કારણ, સર્વ ઈશ્વરોના પણ ઈશ્વર, પોતાની ઈચ્છામાત્રથી જ સકળ વિશ્વની ઉત્પત્તિ - સ્થિતિ અને પ્રલય કરનારા, પરાત્પર, અક્ષર થકી પણ પર સર્વના નિયંતારૂપે રહેલા એવા પરમ પરમાત્મા સ્વયં શ્રીહરિ પૃથ્વી ઉપર પ્રગટ થઈને કળિ બળથી વૃદ્ધિ પામેલા અધર્મસર્ગને અને આસુરસમૂહને નાશ કરતા થકા હાલ સૌરાષ્ટ્ર દેશમાં હજારો હજાર પરમહંસોથી વીંટાયા થકા અને નિજભક્તોને આનંદ આપતા થકા વિચરે છે. અને તેમના આશ્રિત પરમહંસો સદુપદેશામૃતથી સંસારરૂપ દાવાનળથી દગ્ધપ્રાય થઈ ગયેલા જીવાત્માઓના અધ્યાત્માદિક ત્રણેય તાપોને તુરત જ શમાવી દઈને, ભગવાનને સન્મુખ કરીને અભયદાન આપે છે. અને તેમના પ્રતાપથી કળિયુગમાં પણ સત્યુગ પ્રવર્તે છે.

દિનમણિ શર્માએ સાંભળ્યું કે, સ્વામિનારાયણ ભગવાનના સંતો અનેક આત્માઓને પરમાત્માનો ભેટો કરાવે એવા સમર્થ છે. તેથી અંતરમાં શાંતિ થઈ. ચારધામની યાત્રાથી જે સંતોષ ન થયો, તેવો આ વાત સાંભળતા જ સંતોષ થયો. હવે સ્વામિનારાયણ ભગવાનને મળવા તેઓ અતિ ઉત્કંઠાપૂર્વક ચાલી નીકળ્યા. અનેક સ્થળોમાં ફરતાં ફરતાં અને પૂછપરછથી ખબર મળ્યા કે, એ પ્રગટ પ્રભુના સાધુ સોરઠમાં **ફરેણી** ગામમાં છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણકમળના ઉપાસક અને પ્રગટ પ્રભુની અખંડ સ્મૃતિથી વૃદ્ધિ પામેલા અપાર આનંદથી જેમનું હૃદય ભરેલું હતું, શમદમાદિક સકળ સાધુગુણે સંપન્ન, તપ અને બ્રહ્મચર્યના પ્રભાવથી મહાતેજોમય જણાતા, ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિથી ભરપૂર, સાધુઓમાં અગ્રેસર એવા અતિ સમર્થ **પ્રભુતાનંદ મહામુનિ** હતા. દિનમણિ શર્મા પ્રભુતાનંદ મહામુનિને જોતા જ અતિ આનંદિત થયા.

થોડા દિવસ તેઓની પાસે રહી ઉપદેશ સાંભળ્યો. આથી તેમના અંતરના સર્વ ક્લેશ શમી ગયા, ચિત્તમાં શાંતિ થઈ તથા પ્રગટ પ્રભુમાં પ્રેમલક્ષણા ભક્તિ ઉદ્ભવી. તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન માટે અંતર અતિ આતુર બન્યું. પ્રભુતાનંદ મહામુનિ સમક્ષ પોતાના અંતરની ઊર્મિ વ્યક્ત કરી. ત્યારે સ્વામીએ કહ્યું : "અત્યારે ભગવાન શ્રીહરિ સિદ્ધપુર ગયા છે, અને સાધુઓને તેઓ ઊંઝા ભેગા થવાના છે." તે સાંભળી દિનમણિ શર્મા સ્વામીની રજા લઈ ત્યાંથી ચાલ્યા તે **ઊંઝા** આવ્યા. તારાઓની વચ્ચે જેમ પૂર્ણિમાનો ચંદ્ર શોભે, તેમ ઊંઝાના તળાવના ઉત્તરાદા તીર પર ભગવાન શ્રી સ્વામિનારાયણ પરમહંસોની સભામાં શોભતા હતા. તે સમયમાં 'यस्य भासा सर्वमिदं विभाति ।' એમ સૂર્યાદિક સર્વને પણ પોતાના સહજ પ્રકાશથી જ પ્રકાશિત કરનારા મહા આશ્ચર્યમય અલૌકિક તેજસ્વી સ્વરૂપે પોતાના સાક્ષાત્ બ્રહ્મપુર ધામમાં અખંડ મહાતેજમાં જેમ બિરાજતા હોય, તેમ અતિ પ્રકાશમયમૂર્તિ જણાતા થકા મહાતેજોમય સ્વરૂપે સર્વ લોકોને સુખેથી દર્શન થઈ શકે એમ સુંદર તકિયાએ યુક્ત મોટા સિંહાસન ઉપર પૂર્વાભિમુખે બિરાજમાન થયા હતા. અને ભગવાનના દર્શન થવાથી તે સમયમાં સર્વના મનમાં આનંદ-આનંદ વર્તી રહ્યો હતો.

આ સમયે ત્યાં આવી દિનમણિ શર્માએ ભગવાન શ્રીહરિના સૌપ્રથમવાર દર્શન કર્યા. દૃષ્ટિ માંડતા જ ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં તલ્લીન થઈ ગયા. સ્મરણમાત્રથી સર્વ દુઃખને હરનારા રસરૂપમૂર્તિ શ્રીહરિમાં પ્રેમનો સાગર ઊભરાયો. તેથી થોડીવાર સુધી દેહની વિસ્મૃતિ થઈ ગઈ. શાસ્ત્રોમાંથી ભગવાન સંબંધી જે જે કંઈ જાણ્યું હતું તે સઘળું ભગવાન શ્રીહરિના પ્રત્યક્ષ દર્શનથી દિનમણિ શર્માને જણાણું. દર્શનમાત્રથી અતિશય સુખ પામ્યા. મંદમંદ હસી રહેલા ભગવાન શ્રીહરિની **દંતપંક્તિ**એ તેમના અંતઃકરણમાં એવી તો અસર કરી કે, એનાથી પ્રથમ દૃષ્ટિએ જ ભગવાનપણાનો **દૃઢ નિશ્ચય** થયો. અંતરના તમામ તાપો શમી ગયા. પછી પ્રેમાતુર થઈ **દિનમણિ શર્મા** ભગવાન શ્રીહરિની સમીપમાં આવી કહેવા લાગ્યા : "હે સ્વામિનારાયણ મહાપ્રભુ ! હું તમારો અનન્યાશ્રિત દાસ છું. અને મારું શરણ પણ સર્વથા આપ જ છો, મારું સર્વસ્વ પણ આપ જ છો." આ પ્રમાણે ઊંચે સ્વરે બોલતા બોલતા અતિ ભક્તિભાવથી ગદ્ગદ્ થઈને તુરત જ પૃથ્વી ઉપર દંડની પેઠે પડીને સાષ્ટાંગ પ્રમાણ કર્યા. તે જ સમયમાં સર્વાંતરાત્મા સર્વજ્ઞ મહાપ્રભુ શ્રીહરિ આસન ઉપરથી ઊભા થઈને જેમ પૂર્વે ગોપાળયોગીને મિત્રભાવથી મળ્યા હતા તે જ પ્રમાણે દિનમણિ શર્માને પણ બાથમાં લઈને પ્રેમપૂર્વક ભેટ્યા. અને પોતાનો પરમ અનુગ્રહ કરીને પરમ કૃપાળુ પરમાત્મા શ્રીહરિએ તે દિનમણિ શર્માને પોતાના કૃપાકટાક્ષપૂર્વક જોવા માત્રથી જ સમાધિમાં પોતાના અલૌકિક મહાતેજોમય બ્રહ્મધામમાં અનાદિ અનંત નિત્યમુક્તોએ સેવેલા એવા પોતાના **પુરુષોત્તમ સ્વરૂપ**નું **દર્શન** કરાવ્યું. વળી ત્યાં અનંત મુક્તો, વિભૂતિઓ અને શક્તિઓ જેવા ધામમાં છે તેવા જ ઊંઝામાં સામે બેઠેલા પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિમાં દર્શન થયા. થોડીવારે સમાધિમાંથી જાગ્રત થયા, પરંતુ અંતરમાં **દૃઢ ગાંઠ** વળી ગઈ કે, 'અક્ષરધામમાં જે પુરુષોત્તમનારાયણ છે તે જ આ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. આજ કરોડો જીવના કલ્યાણ કરવા પુરુષોત્તમનારાયણ પૃથ્વી પર સ્વયં પ્રગટ થયા છે.' એમ પ્રગટ પ્રભુ શ્રીહરિના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો. ભગવાન શ્રીહરિની સર્વોપરીતાનો આ **નિજી અનુભવ** થયો હોવાથી તેમની દરેક વાતમાંથી આજીવન એ જ અનુભવનો **રણકાર** નીકળતો હતો.

પૂર્વના મુક્ત અને મહાસમર્થ સિદ્ધપુરુષ જાણી ભગવાન શ્રીહરિએ તેમને પોતાની સાથે રાખ્યા. ત્યારબાદ શ્રીજીમહારાજ સાથે વિચરણમાં ફરતા ફરતા ઘણાક દિવસે સોરઠ પ્રદેશના મેઘપુર ગામે આવ્યા. ત્યાં દિનમણિ શર્માએ શ્રીજીમહારાજને વિનંતિ કરી કે, "હે મહારાજ ! મને દીક્ષા આપીને આપનો સાધુ

કરો.'' ભગવાન શ્રીહરિ કહે : ''તમારે પાછું ઘેર જાવું નથી ?'' ત્યારે કહે : ''ના, મહારાજ ! મારે હવે ઘેર જાવું નથી.'' એમ કહી તરત જ આત્માએ સહિત સર્વસ્વ ભગવાન શ્રીહરિને સમર્પણ કર્યું. પછી શ્રીજીમહારાજે તેમને સુપાત્ર જાણી સંતદીક્ષા આપી અને નિત્ય સહજાનંદના આનંદમાં ગુલતાન રહેતા હોવાથી **'નિત્યાનંદ સ્વામી'** એવું **સાર્થક નામ** પાડ્યું.

નિત્યાનંદ સ્વામીના શારીરિક ચિહ્નો પણ અદ્‌ભુત હતા. તેમનું વિશાળ લલાટ બ્રહ્મતેજથી વિલસતું હતું. તેમની તેજસ્વી મુખાકૃતિ સહુના ચિત્તને ખેંચી લેતી હતી. વિશાળ લોચનનું તેજ સામાન્ય મનુષ્યથી જીરવી ન શકાય તેવું હતું. તેમના ભુજદંડ જાનુ પર્યંત લાંબા હતા. પુષ્ટ અને ગૌર શરીર એટલું પ્રચંડ હતું કે તેમને બેસવા માટે સ્વતંત્ર ગાડી જોઈતી. સ્વામીના પગના તળાં કમળ જેવા અરુણ અને સુકોમળ હતાં. તેમની મધુર અને ગંભીર વાણી સાંભળતા જ વિદ્વાનો પણ દબાઈ જતા. સ્વામીના શરીરના સઘળાં ચિહ્નો ચક્રવર્તી રાજાના જેવા પ્રતિભા સંપન્ન હતા. તેઓ કરોડો રૂપિયાની સંપત્તિમાં ગર્ભશ્રીમંત તરીકે જન્મ્યા હોવા છતાં એ વૈભવને લાત મારી પુરુષોત્તમનારાયણની સમીપે રહ્યા અને પ્રગટ પરમાત્મા મહાપ્રભુ શ્રીહરિ તથા સંતો-ભક્તોને પ્રસન્ન કરી અનંત દિવ્ય સંપત્તિ હસ્તગત કરી હતી.

વૈરાગ્યના વેગથી શાસ્ત્રાભ્યાસ અધૂરો મૂકી આવતા રહ્યા હોવાથી હવે ભગવાન શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને વિશેષ ભણવાની આજ્ઞા કરી. તેથી શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે નાંદોલના પુરુષોત્તમ ભટ્ટ પાસે વેદાંત, ન્યાય, સાંખ્યાદિ શાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો. ભણાવનારા ભટ્ટજીને નિશ્ચય થયો કે, 'આ કોઈ માનવીય બુદ્ધિ નથી. શાસ્ત્રોના કઠિન રહસ્યોનો ઉકેલ આ હસતા મોઢે કરે છે. આમની પાસે તો મારે ભણવાનું હોય.' શિષ્યના યોગમાં આવતા ગુરુને પણ સત્સંગની દિશા મળી. પછી અભ્યાસને પૂર્ણ કર્યો.

પછી સ્વામીને વિચાર થયો કે, 'હું જે કાંઈ ભણ્યો છું તે ભગવાન શ્રીહરિ પાસે જઈને બતાવું.' એમ અંતરમાં ધારણા કરી લોયામાં ભગવાન શ્રીહરિ પાસે આવ્યા અને કહ્યું : ''હે ગરીબનિવાજ ! તમારી કૃપાથી હું **તમામ શાસ્ત્રો** ભણ્યો છું. મેં ભણવામાં કોઈ પ્રકારની ખામી રાખી નથી.'' એમ કહી જે જે ભણ્યા હતા તે કહી બતાવ્યું.

પછી શ્રીજીમહારાજે પૂછ્યું : ''ભાગવતનો **તત્ત્વસિદ્ધાંત** જણાવશો ?'' ત્યારે સ્વામી કહે : ''હે મહારાજ ! હું જેવું જાણું છું તેવું કહું, ભૂલચૂક થાય તો માફ કરજો. ભગવાન મનુષ્યરૂપે પૃથ્વી ઉપર આવે અને ગમે તેનો સંગ કરે કે ગમે તેવી લીલા કરે છતાં તેને માયા બંધન ન કરે, અને બીજા મુક્ત ધામમાંથી આવ્યા હોય છતાં તે માયાનો અતિશય યોગ રાખે તો તેને જરૂર બંધન કરે; એટલો મુક્ત અને ભગવાનમાં ફેર છે. બીજું કે - માણસ ગમે તેવો મહાન હોય, મુક્ત હોય કે યોગી હોય પણ માયા તેને બંધન કરે છે. પરંતુ જો ધર્મ સહિત ભગવાનની ભક્તિ કરે અને સત્પુરુષનો મન-કર્મ-વચને સંગ રાખે તો તેને માયા બંધન કરી શકતી નથી. આ મોક્ષનું પરમ રહસ્ય છે. આ ભાગવતનો તત્ત્વસિદ્ધાંત છે.''

નિત્યાનંદ સ્વામીનો ઉત્તર સાંભળી શ્રીજીમહારાજ ઘણા રાજી થયા. પછી પોતાના બંને હાથ સ્વામીના મસ્તકે મૂકી કહ્યું : ''તમોએ જે આ ભાગવતનો સિદ્ધાંત કહ્યો તે મોક્ષ માટે આખી પૃથ્વીમાં **પ્રસિદ્ધ** થશે, પરંતુ હવે એકબાજુ તમે અને બીજી બાજુ આ સંતો સામસામી સભા કરી પરસ્પર **શાસ્ત્રાર્થ** કરો.'' એમ કહી ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા. સંતોએ પરસ્પર શાસ્ત્રાર્થ કર્યો. સ્વામીનું જ્ઞાન જોઈને સહુ કોઈને તેમના પ્રત્યે ખૂબજ **આદરભાવ** થયો.

વળી, ભગવાન શ્રીહરિએ સ્વામીના મસ્તકે હાથ મૂકી **આશિષ** આપ્યા કે, 'તમે જ્યાં જ્યાં જશો ત્યાં તમારી જીત થશે. શાસ્ત્રાર્થમાં મોટા મોટા વિદ્વાનોની સભાઓમાં તમે **દિગ્વિજય** કરશો.' ત્યારે સ્વામી કહે : ''મહારાજ ! ચિત્રકેતુની જેમ તેનું અભિમાન આવશે તો મારું બહુ અહિત થશે.'' ત્યારે ભગવાન શ્રીહરિ કહે : ''જાવ, તમને કદી અભિમાન નહિ આવે.'' પછી સભામાં નિત્યાનંદ સ્વામીની **પ્રશંસા** કરતા શ્રીજીમહારાજ બોલ્યા : ''આ નિત્યાનંદ સ્વામી તો અમારા ઉદ્ધવ સંપ્રદાયના સર્વે વિરોધી કે વાદી જનોને પરાસ્ત કરશે. સંપ્રદાયનો સર્વત્ર દિગ્વિજય કરશે, એવા આ સમર્થ સંત છે.'' એમ કહી ભગવાન શ્રીહરિએ બૃહસ્પતિના જેવી વક્તૃત્વકળા અને સર્વે યોગસિદ્ધિ આપી. તેમને પરમહંસોની પ્રથમ હરોળમાં સ્થાન આપ્યું. તેથી તમામ પરમહંસોને નિત્યાનંદ સ્વામી પ્રત્યે સદાય આદરભાવ તથા પૂજ્યભાવ રહેતો.

➠ એકવાર ઓગણોતેરા કાળના સમયમાં ભગવાન શ્રીહરિ **લોયામાં સભા** કરીને બેઠા હતા. નિત્યાનંદ સ્વામી મંડળ સાથે ત્યાં આવ્યા. શ્રીજીમહારાજને દંડવત પ્રણામ કરી સભામાં બેઠા. ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ''હે સ્વામી ! આ વર્ષે વિશ્વ ઉપર કાળ કોપ્યો છે. જો તમે **ભાગવતની કથા** કરો તો કાળ શાંત થશે.''

**'કહે સ્વામીને શ્રીવૃષલાલ, વિશ્વ ઉપર કોપ્યો છે કાળ;**
**ભાગવતની કથા તમે કરો, કાળ શાંત થશે તેથી ખરો.**
**સુણી સ્વામી બોલ્યા તતકાળ, તમે છો પ્રભુ કાળના કાળ;**
**કાળ લોપે ન આજ્ઞા તમારી, રહે આજ્ઞામાં બ્રહ્માંડકારી.**
**ઈન્દ્ર બ્રહ્મા ને શેષ મહેશ, આજ્ઞા આપની લોપે ન લેશ;**
**ચેષ્ટા માણસ કેરી કરો છે, એવા બાનાથી ઉપદેશ દ્યો છે.**
**નિત્યાનંદે પછી રૂડી રીતે, ભાગવતની કથા કરી પ્રીતે;**
**સભા લીંબડા હેઠે ભરાય, કથા સાંભળે શ્રીહરિરાય.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૩૧/૭૪-૭૭)

કથા પૂરી થઈ ત્યારે સુરા ખાચરે રસોઈ આપી. શ્રીજીમહારાજે સંતો તથા બ્રાહ્મણોને ખૂબ જમાડ્યા. સંતોનું પૂજન કરાવ્યું અને નિત્યાનંદ સ્વામીને ભાવથી ભેટ્યા તથા

પોતાની થાળની પ્રસાદી આપી રાજી થયા. નિત્યાનંદ સ્વામીમાં ઉચ્ચતમ પાંડિત્યની સાથે સાથે **સાવધાની** પણ ખૂબ હતી. એકવાર શ્રીજીમહારાજ સભા ભરીને બેઠા હતા. સંતો-ભક્તોને સંબોધીને સુંદર વાતો કરી રહ્યા હતા. વચ્ચે મનુષ્યલીલા કરતા શ્રીજીમહારાજે કોઈક શ્લોકનું પ્રમાણ આપતા તેનું ઉચ્ચારણ અશુદ્ધ રીતે કર્યું. સભામાં બેઠેલા નિત્યાનંદ સ્વામીને અશુદ્ધ ઉચ્ચારણનો ખ્યાલ આવી ગયો, તેથી મનમાં સહેજ સંકલ્પ થયો કે, 'મહારાજને પૂરો ખ્યાલ ન હોય તેવા શ્લોક ન બોલતા હોય તો સારું. કારણ કે આ સભામાં બેઠેલામાંથી કોઈને તેનો ખ્યાલ આવે તો અવળું પડે.' ભગવાન શ્રીહરિનો વાક્પ્રવાહ હજુ ચાલુ હતો. તેને સાંભળતા સાંભળતા સ્વામીને વિચાર આવ્યો કે, મહારાજ તો 'यो वेत्ति युगपत् सर्वं प्रत्यक्षेण सदा स्वतः' એમ બધું જ એક સાથે હંમેશાં સાવ સહજ રીતે જાણે છે. આ તો મનુષ્યલીલા કરતાં કાંઈ કર્યું હશે, તે તો કદાચ મારી અથવા બીજા કોઈની પરીક્ષા પણ હોઈ શકે ! અને જો મારી પરીક્ષા જ કરી હશે, તો તે હું પરીક્ષામાં નાપાસ થયો. માટે મને જે મહારાજમાં ભૂલ દેખાણી તે તો ખરેખર મારી જ મોટી ભૂલ છે. પછી તો સ્વામીને અંતરમાં લાય લાગી.

થોડીવાર બાદ સભાની પૂર્ણાહુતિ થઈ, પરંતુ સ્વામીને લાગેલી લાયની શાંતિ ન થઈ. તુરંત શ્રીજીમહારાજ પાસે અક્ષરઓરડીએ પહોંચ્યા. જઈને સીધા ભગવાન શ્રીહરિના ચરણોમાં ઢગલો થઈને રડી જ પડ્યા. મહારાજે બહુ સાંત્વના આપીને કારણ પૂછ્યું. ત્યારે રડતાં રડતાં સ્વામી બોલ્યા : ''હે મહારાજ ! મને કાંઈક ખબર પડતી હતી, તેથી જ આપનામાં ભૂલ દેખાણી. માટે મને સાવ અબુધ કરી દ્યો કાં તો આપનો પરિપૂર્ણ નિશ્ચય આપો.''

ભગવાન શ્રીહરિ સ્વામીની આવી દૃઢતા જોઈ અતિ રાજી થઈ ગયા. પછી **આશીર્વાદ** આપ્યો કે, ''જાઓ, હવે પછી ક્યારેય અમારા કોઈ પણ ચરિત્રમાં મનુષ્યભાવ નહિ આવે.''

➠ એકવખત શ્રીજીમહારાજે ગઢપુરમાં નિત્યાનંદ સ્વામી પાસે ભાગવતનું પારાયણ કરાવ્યું. પારાયણ પૂરી થઈ ત્યારે ભગવાન શ્રીહરિએ ગ્રંથની તથા વ્યાસસ્વરૂપ નિત્યાનંદ સ્વામીની ચંદન-પુષ્પના હારથી પૂજા કરી. પછી શ્રીજીમહારાજ માણકીએ સવાર થયા. સ્વામીને બીજા ઘોડા ઉપર બેસાડ્યા. વાજતે-ગાજતે ઘેલાના ઘાટે ખીજડિયા આરે ના'વા પધાર્યા. સ્નાનલીલા કરી એક શિલા ઉપર ગાદી-તકિયા નંખાવ્યા. પછી તે ઉપર નિત્યાનંદ સ્વામીને બેસાર્યા ને ભગવાન શ્રીહરિ પૂજન કરવા માટે તૈયાર થયા. તે સમયે અનંત અવતારોએ આવી શ્રીજીમહારાજનું પૂજન-અર્ચન કરી પુષ્પના હાર પહેરાવ્યા ને દંડવત્ પ્રણામ કર્યા. આવા દર્શન નિત્યાનંદ સ્વામીને થયા. તેથી સ્વામી ગાદી-તકિયેથી નીચે ઊતરી ગયા અને શ્રીજીમહારાજને ત્યાં બેસાર્યા.

પછી સ્વામીએ ભગવાન શ્રીહરિની વિધિવત્ પૂજા કરી આરતી ઉતારી, દંડવત્ પ્રણામ કરી કહ્યું : ''હે મહારાજ ! આપ સર્વે અવતારના અવતારી છો, સર્વે કારણના કારણ છો, સર્વોપરી પુરુષોત્તમનારાયણ છો. સર્વે અવતારો આપની સેવા-પૂજા કરતા તેવા મને **પ્રત્યક્ષ દર્શન** થયા, તેથી આજ મને આપનો સર્વોપરી નિશ્ચય થયો છે. તેમાં હવે કદી ફેર ન પડે એવી કૃપા કરજો.'' શ્રીજીમહારાજે સ્વામીને એવું વરદાન આપ્યું. પછી સહુ વાજતે-ગાજતે દાદાખાચરના દરબારમાં પધાર્યા. તે સમયે અનંત દેવોએ તથા અવતારોએ ચંદન-પુષ્પની વૃષ્ટિ કરી અને દુંદુભિના નાદ કર્યા. તેનો અવાજ ચારે દિશામાં છવાયો તેથી સહુને આનંદ થયો. આ રીતે શ્રીજીમહારાજે સ્વામીને પોતાના સ્વરૂપનું પ્રત્યક્ષ દર્શન આપી **સર્વોપરી નિશ્ચય** કરાવ્યો. પછી તે આજીવન રહ્યો.

➠ એકવાર સરવઈ ગામમાં ભગવાન શ્રીહરિએ સર્વે ત્યાગી સંતોને; 'ગૃહસ્થ ભક્ત યથાશક્તિ જેવું સીધું - પાણી લાવે તેનાથી ચલાવી લેવું પણ વારેવારે મંગાવવું નહિ' એ આદિક શિખામણની વાત મૂળજી બ્રહ્મચારીને ઉદ્દેશીને કહી. પછી ભગવાન શ્રીહરિએ નિત્યાનંદ સ્વામી પાસે ઉપરોક્ત વર્તન સંબંધી પત્ર લખાવ્યો. ત્યારબાદ થાળ જમી પ્રસાદી નિત્યાનંદ સ્વામીને આપી. પછી બ્રહ્મચારીને બોલાવીને શ્રીજીમહારાજે કહ્યું : ''સાંજ-સવાર અમે થાળ જમીએ તે બંને વખતની પ્રસાદી દરરોજ નિત્યાનંદ સ્વામીને બોલાવીને આપજો, તેમાં ફેર પડવા દેતા નહીં. જ્યાં સુધી અમે તેમને પાસે રાખીએ ત્યાં સુધી તમારે ઘણા ઉત્સાહ અને રાજીપાથી તેમને થાળ આપવો.'' એમ કહી સ્વામીની ખૂબ પ્રશંસા કરી. અનેકવાર સભામાં ભગવાન શ્રીહરિએ કહ્યું છે કે, 'અમારા **રહસ્ય**ને તો આ નિત્યાનંદ સ્વામી જાણે છે.' જેની **નોંધ** લેતા સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં લખે છે :

''અમે જે વાત કરીએ તેનું જે રહસ્ય હોય તે બધું તેમના (નિત્યાનંદ સ્વામીના) હૃદયમાં લખાઈ જાય છે. પછી તે ક્યારેય પણ ભૂલતા નથી, એવું તેમનું અંતર સહજ સ્વભાવે છે. અને બુદ્ધિનો તો પાર નથી. બ્રહ્મા પણ તેમની બુદ્ધિનો પાર પામે નહિ, તેવી તેમાં **અગાધ બુદ્ધિ** છે. અમે પણ તેમની બુદ્ધિનો પાર પામતા નથી છતાં તેમને ક્યારેય તે બાબતનો ગર્વ નથી, સદાય અમારી આગળ તો છુપાતા રહે છે. એવા તે અગાધ છે. મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી કરતા પણ તેમની બુદ્ધિ અપાર છે. તેમને દંભ તો કોઈ બાબતનો ગમતો જ નથી, દંભીને તો તે લબાડ જાણે છે. મોટા મોટા અવતારો પણ સાધુતાના ગુણને ગ્રહણ કરે છે. થોડી પણ જો સાધુતા ન હોય તો તેના અનંત ગુણો દોષરૂપ થઈ જાય છે.'' સ્વામીમાં આવા સાધુતાના **અપાર ગુણો** હતા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૯ તરંગ-૪૭)

➠ બોટાદમાં **ભગવાન શ્રીહરિ** ભક્તોને કહે છે : ''અત્યારે

જે સત્સંગના નિયમો છે તેમાં ઘણું દૈવત રહ્યું છે. બુદ્ધિશાળી લોકો કહે છે કે અત્યારે સત્સંગના નિયમો સૂર્ય કરતા પણ વધારે તેજસ્વી છે. સર્વે સંતો અને હરિભક્તો અહીં રહીને નિયમોનું પાલન કરે છે, માટે તેનો પ્રતાપ તો અનંત બ્રહ્માંડમાં છવાઈ ગયો છે. વહેવાર તથા શાસ્ત્રની બધી જ વાત સત્સંગથી સમજાય છે.'' એમ કહીને શ્રીજીમહારાજ નિત્યાનંદ સ્વામીની **વિશેષતા** વર્ણવતા કહે છે : ''અત્યારે સત્સંગમાં જે જે **શ્રેષ્ઠ વાતો** થાય છે તેને સાંભળીને તેના **રહસ્ય**ને મહાન બુદ્ધિશાળી નિત્યાનંદ સ્વામી પોતાના અંતઃકરણમાં પરોવી દે છે. વાતોમાં જે સારમાં સાર રહસ્ય હોય તેનું પણ તે તત્ત્વ કાઢીને લઈ લે છે. અને સત્સંગમાં જેના સુદૃઢ મૂળ હોય તેને તે વાતો કહે છે. કોઈ કપટી મનુષ્ય સત્સંગની વાતો કપટ કરીને જાણવા આવે તો તેને તે તરત ઓળખી જાય છે અને તેને મૂર્તિમાન કાળ જેવો દેખે છે. જે નિષ્કપટપણે સત્સંગનો પક્ષ રાખે છે તેનું હિત કરવા માટે તેને તે માહાત્મ્યે સહિત **રહસ્યની વાતો** કહે છે. સત્સંગમાં જે યોગ્ય અધિકારી થાય તો તેના ઉપર હેત રાખીને તેને બધું જ જ્ઞાન બતાવે છે, પણ જો સાંભળનારો વિશ્વાસઘાત કરે તો તેને ફરીવાર તેનું રહસ્યજ્ઞાન કહેતા નથી.''

ભગવાન શ્રીહરિ પણ **શાસ્ત્રીય રહસ્ય**નું જે જ્ઞાન હોય તે પહેલા નિત્યાનંદ સ્વામીને કહેતા. કારણ કે, તેઓ સમુદ્રના જેવા ગંભીર તથા નિર્દંભી અને નિષ્પાપ હતા, તેથી શ્રીહરિ તેને પ્રમાણ કરતા. સ્વામી સંતો-ભક્તોની બધી જ રીતને સમજતા હતા. હજારો કલ્પનો સમય વીતી ગયો તેમાં જે યુગમાં જે અવતાર થયો હોય તેનું જ્ઞાન શ્રીહરિએ સ્વામીની બુદ્ધિમાં આપ્યું હતું. સ્વામી મનમાં જે કાંઈ ચિંતવતા તે તેમને સાક્ષાત દેખાતું હતું. છતાં તે બાબતનો તેમનામાં ક્યારેય ગર્વ દેખાતો નહીં. પોતે પોતાની સમજણથી સદા સુખી અને પ્રસન્ન રહેતા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર - ૯ તરંગ - ૫૨)

વળી. શ્રીજીમહારાજ કહે છે : ''આ નિત્યાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી બંને અત્યંત સમર્થ છે. તે બે સદ્‌ગુરુઓ જ્યાં સુધી પૃથ્વી ઉપર હોય ત્યાં સુધી કોઈ ગ્રંથની જરૂર નથી. તેમાં પણ નિત્યાનંદ સ્વામી તો સાક્ષાત વ્યાસનો અવતાર છે. તેઓ બધી બાબતને જાણે છે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર - ૧૨ તરંગ - ૧-૨)

નિત્યાનંદ સ્વામી આવા બુદ્ધિસાગર ને સુપાત્ર હતા. વળી, રહસ્ય વાત કોને કહેવાય ? કોને ન કહેવાય ? તે સમજતા. આવા વિવેકના નિધિ સમાન જાણીને જ ભગવાન શ્રીહરિ પોતાના અંતરનું રહસ્ય, સર્વોપરીપણું નિત્યાનંદ સ્વામીને કહેતા.

➠ શ્રીજીમહારાજના રહસ્યને નિત્યાનંદ સ્વામી યથાર્થ જાણતા. તે વાત ભગવાન શ્રીહરિએ જ **પ્રશ્નોત્તરીના પ્રસંગે** સહુ સંતોને કરી હતી. તે આ મુજબ છે : એકવાર ગઢપુરથી શ્રીજીમહારાજ સંતોને સાથે લઈને ચાલ્યા, તે ગામ **વડતાલ** પધાર્યા. ત્યાં પોતાની ઉપાસનાની બહુ વાતો કરી. પછી સર્વેને ભેગા કરીને પૂછ્યું જે, ''તમને ભગવાનનું સ્વરૂપ કેવી રીતે સમજાણું છે ? તે અમને કહો. ને અમે તમને છ-સાત મહિનાથી વાતો કરી છે, તેનું રહસ્ય કહી દેખાડો.'' ત્યારે કોઈ બોલ્યા નહીં. પછી **શ્રીજીમહારાજ** કહે : ''સહુ એકાંતે જઈને વિચારો. પછી અમને કહેજો.'' ત્યારે સર્વે ઊઠીને એકાંતે ગયા. જેને જે રીતે સમજાણું હતું, તે રીતે અરસપરસ કહી દેખાડ્યું. તેમાં કોઈને મહારાજનું સ્વરૂપ મોટા પુરુષ જેવું સમજાણું હતું, અને કોઈને અવતાર જેવું સમજાણું હતું. વળી, કોઈ મહારાજને વામન કે કપિલ જેવા, કોઈ પરશુરામ કે દત્તાત્રેય જેવા સમજ્યા, કોઈકે તો નૃસિંહ, રામચંદ્ર કે નરનારાયણ જેવું મહારાજનું સ્વરૂપ જાણ્યું.

પછી મોટા મોટા જે સાધુ હતા તેણે બીજા સર્વે સાધુને કહ્યું : ''આપણે મહારાજને શ્રીકૃષ્ણ જેવા કહેવા.'' પછી ભગવાન શ્રીહરિની પાસે આવી પગે લાગીને બેઠા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : ''કેમ શી રીતે **નિશ્ચય** કર્યો ?'' ત્યારે સહુ બોલ્યા જે, ''હે મહારાજ ! તમારી વાતો સાંભળીને અમને શ્રીકૃષ્ણ જેવો તમારો નિશ્ચય થયો.'' તે સાંભળીને શ્રીજીમહારાજે મસ્તક ડોલાવ્યું, ને બોલ્યા જે, ''આ સાધુ નિત્યાનંદ છે, તે અમારા **સ્વરૂપ**ને યથાર્થ સમજે છે ને અમારી વાતનું **રહસ્ય** પણ એને સમજાણું છે.''

પછી સર્વે સંતે કહ્યું જે, ''હે મહારાજ ! એ કેમ સમજે છે ?'' ત્યારે મહારાજ કહે : ''તેમને પૂછો.'' ત્યારે સર્વે સંતે તેમને પૂછ્યું. પછી નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, ''તમે પુરુષોત્તમ કહ્યા તે તો મહાપુરુષ છે, ને પુરુષોત્તમ તો અક્ષર થકી પર ને રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી ને સર્વ કારણના કારણ આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજીમહારાજ છે.'' ત્યારપછી સર્વે સંતે શ્રીજીમહારાજને કહ્યું જે, ''હે મહારાજ ! તમારા સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય થાય તેવી રીતે કૃપા કરીને કહો.''

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જ્યાં પ્રગટ પુરુષોત્તમપણાની વાત આવે છે, ત્યાં ત્યાં સર્વેની બુદ્ધિ ભ્રમાઈ જાય છે, પણ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે. તે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય, તો બીજાની શી વાત કહેવી ? માટે એવા શબ્દ સાંભળીને મતિ ભ્રમાવા દેવી નહીં. ને પુરુષોત્તમ તો રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી પ્રત્યક્ષ હરિકૃષ્ણ અમે છઈએ, એમાં કિંચિત્‌માત્ર સંશય નથી.''

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ - ૩, વાત : ૧૯-૩૩)

❑❑❑❑❑

એકવખત ગઢપુરમાં શ્રીવાસુદેવનારાયણને ઓરડે શ્રીજીમહારાજ સંતો સહિત બિરાજમાન હતા. તે વખતે બોટાદથી **ભગા દોશી** આવ્યા. તેણે ભગવાન શ્રીહરિની ચંદનાદિકે કરીને **પૂજા** કરી કહ્યું : ''હે સર્વના કારણ શ્રીહરિ ! અત્યારે મને જે આ પૂજાનો લાભ મળ્યો તથા આપના સ્વરૂપનું મને જ્ઞાન થયું તે આ નિત્યાનંદ સ્વામીની

કૃપાનું જ ફળ છે.'' એમ કહી સ્વામીના સદ્‌ગુણોની સભામાં **પ્રશંસા** કરી. ત્યારે શ્રીહરિ કહે : ''મારું જે કાંઈ રહસ્ય છે, હૃદગત ભાવ છે તેને આ નિત્યાનંદ સ્વામી સંપૂર્ણ રીતે જાણે છે. મારા સ્વરૂપનું સુખકારી, નિર્બાધ અને નિર્દોષ જ્ઞાન જેવું તમને આપ્યું છે તેવું જ જ્ઞાન તેઓ બીજા ભક્તોને પણ આપે છે. તેથી તેઓ ઘણા ઉત્તમ સાધુ છે અને મને પણ ઘણા વહાલા છે. તમને જે તેમનો સમાગમ મળ્યો છે તે તમારા મોટા ભાગ્ય છે.'' ભગવાન શ્રીહરિએ કરેલી નિત્યાનંદ સ્વામીની પ્રશંસાને સ્વામી પ્રત્યે ઈર્ષ્યાવાળા નિર્વિકલ્પાનંદ સ્વામી સહન ન કરી શક્યા એટલે અદેખાઈથી બોલ્યા કે, ''હું પણ તેમના જેવો શ્રેષ્ઠ છું, વિદ્વાન છું છતાં શ્રીહરિ પક્ષપાતે કરી તેમની જ પ્રશંસા કરે છે.'' આમ, માન અને ઈર્ષ્યાને કારણે પ્રવેશેલા અધર્મસર્ગથી તેની સદ્‌બુદ્ધિ નાશ પામી. તેથી નખશિખ નિર્દોષમૂર્તિ એવા શ્રીહરિ અને મોટા સંતમાં માયિકપણું આરોપ્યું. શ્રીજીમહારાજને તરત ખ્યાલ આવી ગયો. તેથી તેને પાછા પાડવા શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને પાસે બોલાવ્યા અને પોતાના સોનેરી વસ્ત્રો તથા આભૂષણો ધારણ કરવાનું કહ્યું. ત્યારે સંકોચ સાથે સ્વામી કહે : ''મહારાજ ! મારાથી એ કેમ ધરાય ?'' મહારાજ કહે : ''સ્વામી ! અમારી આજ્ઞાથી પહેરો.'' એટલે ભગવાન શ્રીહરિની મરજી જોઈને સ્વામીએ ભારે ભારે વસ્ત્રો તથા સોનાના કડાં, વેઢ વગેરે બધા જ પ્રકારના અલંકારો ધારણ કર્યા. પછી શ્રીજીમહારાજે સ્વામીને રોઝા ઘોડા પર બેસાર્યા અને છત્ર-ચામરાદિક જેટલા રાજચિહ્ન પોતે રાખતા હતા તે બધા જ સ્વામીને આપ્યાં. અને વાજતે-ગાજતે ગઢપુર ગામમાં ફરવા મોકલ્યા. સ્વામી ફરીને પાછા દરબાગઢમાં આવ્યા. પછી ભગવાન શ્રીહરિએ સ્વામીની ચંદન-પુષ્પાદિકથી પૂજા કરી અને સર્વ સંતો-ભક્તોને સ્વામીની પૂજા કરવાની આજ્ઞા કરી. પછી શ્રીજીમહારાજ વાતો કરવા લાગ્યા : ''ભગવાનના ભક્તમાં માનનો લેશ પણ ભાવ ન જોઈએ. અમે નિર્માની ભક્ત પર જેવા રાજી થઈએ છીએ તેવા માની ભક્ત ઉપર થતા નથી. આ નિત્યાનંદ સ્વામી નિર્માનીતા વગેરે સર્વગુણથી સંપન્ન અને મહાસમર્થ છે, તેથી અમે તેમના ઉપર બહુ જ રાજી છીએ. એમની સાથે કોઈએ ઈર્ષ્યા રાખવી નહીં. આ તો એક અદ્વિતીય મહાપુરુષ છે અને અમારા જમણા હાથ સમાન છે. માટે આ નિત્યાનંદ સ્વામી તો અમારે તુલ્ય માનવા-પૂજવા યોગ્ય છે.'' આવી રીતે શ્રીજીમહારાજે સ્વામીના ખૂબ ગુણ ગાયા તેથી નિર્વિકલ્પાનંદ સ્વામીને પણ ખ્યાલ આવી ગયો કે મહારાજે મને ઉદ્દેશીને જ આ લીલા કરી છે.

પછી ભગવાન શ્રીહરિએ કેવળ કરુણા કરી નિર્વિકલ્પાનંદ સ્વામીને સમાધિ કરાવી. સમાધિમાં તેણે સ્વામીને તથા શ્રીજીમહારાજને દિવ્યરૂપે દેખ્યા. તેથી ભગવાન શ્રીહરિની કૃપાથી તેનો ઈર્ષ્યાભાવ તથા આસુરીભાવ નાશ પામ્યો અને સદ્‌મતિ જાગી. તેથી સ્વામીના પગમાં પડી રડી પડ્યા, સ્વામીએ તેની રક્ષા કરી.

પછી **ભગવાન શ્રીહરિ** કહે : ''મારા આશરે રહેલા સર્વ સંતો-ભક્તોએ નિર્માનીપણે રહેવું. સહુના ગુણ લેવા, સંતની મોટાઈને હૈયામાં ધારવી. મારા સંતને કોઈ રાજા-મહારાજ સારી ભેટ આપે, ઉત્તમ પ્રકારની પૂજા કરે, સારી રસોઈ જમાડે, શ્રેષ્ઠ વાહનોમાં બેસાડે; છતાં જેના મનમાં બાળકની જેમ માન ન આવે એવા સંતો મને હૃદય જેવા ઘણા જ વહાલા છે. એવા સંત અનેક બ્રહ્માંડોને પણ તારી દે એવા સમર્થ છે. મળની જેમ સગાં-સંબંધીનો ત્યાગ કરીને આવેલા આ સંતોનું હું સદા હિત કરું છું. આખા બ્રહ્માંડમાં કે જગતમાં સંતો જેવું મને કોઈ વહાલું નથી. આ નિત્યાનંદ સ્વામી એવા નિર્માની છે, તેથી મને બહુ જ વહાલા છે.'' આવી ભગવાન શ્રીહરિની વાત સાંભળી સહુ અતિ પ્રસન્ન થયા. પછી વાજતે-ગાજતે ઘેલા નદીએ ના'વા ગયા. ત્યાં સ્વામીને સાથે લઈ શ્રીજીમહારાજે સ્નાન કર્યું, તેથી તે ઘાટને આજે પણ **'નિત્યાનંદ ઘાટ'** કહેવાય છે.

(ઉન્મત્તગંગા મહાત્મ્ય : ૬૩-૬૪)

શ્રીજીમહારાજની જમણી ભુજા સમા સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીની શાસ્ત્રજ્ઞાનમાં અજોડ નિપુણતા હતી. ઉપરાંત તેઓની વાક્છટા પણ અતિ રોચક હતી, તેથી ભગવાન શ્રીહરિ તેમની પાસે ગહન શાસ્ત્રોની કથા કરાવતા. વળી, સ્વામીને પોતાની પાટ જેટલા જ ઊંચા આસન પર બેસારતા. સ્વામી કથાની જ્યારે શરૂઆત કરે ત્યારે શ્રીજીમહારાજ પોતે સ્વામીની પૂજા કરતા. આ પ્રસંગોનું વર્ણન કરતા સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી એક કીર્તનપદમાં લખે છે : 'નિત્ય કથા થાય સભા ગાવણાં, કરે કથા **નિત્યાનંદ નિત્ય** પુસ્તક લઈ રળિયામણાં; ધન્ય ! ધન્ય ! **નિત્યાનંદ** નામને, વાંચી રાજી કર્યા ભગવાન ધર્મતનય શ્યામને...'

➠ અક્ષરાધિપતિ સર્વાવતારી પુરુષોત્તમનારાયણ આ પૃથ્વી પર પધાર્યા. ભગવાન શ્રીહરિની કીર્તિ ચારધામ અને ચૌદલોકમાં વ્યાપી ગઈ. સહુ કહેવા લાગ્યા કે, ''ભગવાનના અનંત અવતાર થયા પરંતુ શ્રીજીમહારાજ જેવું કોઈ થયું નથી. કેમ જે, તેમણે આશ્રિતમાત્રના દોષ જીતી લીધા. અને સ્ત્રીઓએ કામને જીત્યો એવું તો કોઈ અવતારમાં થયું નથી.'' વળી, ઘોર કળિયુગમાં અનેક સ્ત્રી-પુરુષોને નિષ્કામી કર્યા. માટે આ અવતાર તો બહુ મોટો થયો છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, માન, ઈર્ષ્યા, અહંકાર, કાળ અને માયા સર્વને વશ કરી કળિયુગમાં સત્યુગ પ્રવર્તાવ્યો. આવો ભગવાન શ્રીહરિનો મહિમા જોઈ અધર્મસર્ગના **તમામ દોષો**એ શ્રીજીમહારાજને **મૂર્તિમાન** પ્રગટ થઈને કહ્યું : ''અમારે તમારા આશ્રિતોની **શક્તિ** જોવી છે, માટે અમને યુદ્ધ આપો.'' બ્રહ્માંડના મોટા મોટા દેવો, ઋષિઓ અને ઈશ્વરોને પરાજિત કરનારા આ દોષોનો પરાભવ કરવા ભગવાન શ્રીહરિ સંતમંડળ સહિત રાધાબાગમાં ગયા. ત્યાં એક માસ રોકાયા. એક પછી એક દોષો નિત્ય આવતા

હતા. તેમાં સચ્ચિદાનંદ સ્વામીએ કામનો **પરાભવ** કર્યો. મુક્તાનંદ સ્વામીએ ક્રોધને જીત્યો. ચૈતન્યાનંદ સ્વામીએ લોભને હરાવ્યો. બ્રહ્માનંદ સ્વામીએ મોહનો નાશ કર્યો. શુકમુનિએ ઈર્ષ્યાને જીતી. ભાયાત્માનંદ સ્વામીએ મત્સરનો મદ ઉતાર્યો. અને યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ અહંકાર પર વિજય મેળવ્યો.

નિત્ય અધર્મસર્ગનો એક એક યોદ્ધો લડવા આવતો. પાંચમા દિવસે પ્રભાતમાં આંબા નીચે શ્રીજીમહારાજે સભા કરી ને બોલ્યા જે, "હે મહાપુરુષો ! અધર્મસર્ગ માયલો **માન** આજે યુદ્ધ કરવા આવે છે, માટે કોણ બીડું ઝીલે છે ? આજ કાંઈક પરસ્પર કુસંપ કરાવી એકબીજાના મન જુદાં કરવાનો તેનો વિચાર છે." તે સાંભળી **નિત્યાનંદ સ્વામી** કહે : "હે મહારાજ ! આજ મારો વારો છે." તેટલામાં માને આવી નિત્યાનંદ સ્વામીના દેહમાં પ્રવેશ કર્યો એટલે સ્વામી હસ્યા, મહારાજની મૂર્તિ ધારી ધ્યાનવશ થઈ ગયા. અને માનને વૃત્તિમાં ફેરવી બાંધી લીધો. પછી યોગાનળ (યોગઅગ્નિ) ઉત્પન્ન કર્યો. તેથી માન મહાપીડાને પામ્યો ને નીસરવાનું જોર કર્યું, પણ કાંઈ કામ ન આવ્યું. પછી ભગવાન શ્રીહરિને શરણે ગયો એટલે શ્રીજીમહારાજને દયા આવી. તેથી નિત્યાનંદ સ્વામી સામું જોઈને કહ્યું : "એ બાપડો માર્યો જશે. શરણે આવ્યો છે, તેને મરાય નહિ." તે સાંભળી સ્વામીએ ધ્યાનમાંથી વૃત્તિ બહાર કાઢી ને મહારાજ આગળ તેને ફેંકી દીધો. પછી તેને શ્રીજીમહારાજ કહે : "આવા સંતોના સમૂહમાં આવ્યો તો મરી ગયો જાણજે." ત્યારે માન કહે : "હે મહારાજ ! હું તમારા સત્સંગીને કોઈ દિવસ નહીં નડું, પણ યોગાનળ અગ્નિની એવી પીડા થાય છે કે, હું આ ઘડીએ બળીને ભસ્મ થઈ જાઈશ." પછી ભગવાન શ્રીહરિએ સોટીએ કરીને પાણીના ધોરિયામાં નાખ્યો, એટલે તે જગ્યામાં પાણી ચકર ચકર ફરવા લાગ્યું. પછી શ્રીજીમહારાજ કહે : "આ માનની પીડા જુઓ." પછી સર્વે સભાએ તે જોયું.

પછી ભગવાન શ્રીહરિએ એને માથે ડાબા પગનો અંગૂઠો મૂક્યો, ત્યારે તે યોગાનળના દુઃખથી મુક્ત થયો. પછી માન કહે : "હે પ્રભુ ! બધાની પેઠે મેં કર્યું હોત તો આવો દુઃખી થાત નહિ, પણ મેં મારો સ્વભાવ વાપર્યો તેથી દુઃખી થયો; પણ તમારા ચરણસ્પર્શથી મારો ક્રૂર સ્વભાવ બળી ગયો. માટે મને પ્રસાદ આપો." પછી ભગવાન શ્રીહરિએ કેળું આપ્યું તે જમી, નિત્યાનંદ સ્વામીને પગે લાગીને ચાલ્યો ગયો. આમ સ્વામીએ માનને પરાજીત કર્યો. પછી શ્રીજીમહારાજ સર્વને કહે : "નિત્યાનંદ સ્વામી યોગકળામાં પ્રવીણ છે, માટે હે સ્વામી ! તમે વર માગો." ત્યારે સ્વામી કહે : "હે નાથ ! તમારા ચરણમાં રહેલા ચિહ્નની જેમ મારી વૃત્તિ અખંડ તમારી મૂર્તિમાં ચોંટી રહે એ માગું છું." ત્યારે મહારાજ કહે : "એ સત્ય થશે." પછી શ્રીજીમહારાજે સ્વામીને પોશાક આપ્યો ને તેમના મંડળના સાધુઓને પણ છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને ભેટ્યા. પછી બ્રહ્મચારી થાળ લઈને આવ્યા તે મહારાજ જમ્યા અને સ્વામીને જમાડ્યા.

(શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૨ વાત - ૪૨-૪૬ના આધારે)

❑❑❑❑❑

એકવખત શ્રીજીમહારાજ રાધાવાડીએ પધાર્યા. તે **રાધાવાવ**માં ધૂબકા મારી સંતો-પાર્ષદો સાથે ખૂબ નાહ્યા. પછી સંતો કહે : "હે મહારાજ ! આ નિત્યાનંદ સ્વામીને તરવાની વિદ્યા એવી આવડે છે કે, પાણીના તળિયે અડધી કલાક ધ્યાન કરી બહાર નીસરે છે." ત્યારે મહારાજ કહે : "હે સ્વામી ! અમો વાવના કાંઠે બેઠા છીએ, તમો તરવાની વિદ્યા અમને બતાવો." પછી સ્વામીએ ભગવાન શ્રીહરિને રાજી કરવા પીપર ઉપર ચઢી વાવમાં ધૂબકો માર્યો; તે અડધી કલાક સુધી ધ્યાન કર્યું, પછી બહાર નીસર્યા. આવી તેમની **તરવાની કળા તથા યોગકળા** જોઈને શ્રીજીમહારાજ બહુ પ્રસન્ન થયા ને બે હજાર રૂપિયાની કિંમતવાળો ધોળી શાલનો જોટો એક ભક્તે મહારાજને ભેટ આપ્યો હતો, તે સ્વામીને ઓઢાડ્યો. આમ સ્વામીએ પોતાની કળા દેખાડી ભગવાન શ્રીહરિને પ્રસન્ન કર્યા.

❑❑❑❑❑

એકવાર શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીને કહ્યું : "તમારામાં જેવું સામર્થ્ય હોય તે કહો." ત્યારે સહુ સંતોએ પોતપોતાનું **સામર્થ્ય** કહ્યું. તેમાં નિત્યાનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું : "હે મહારાજ ! આ ચારધામ કહેવાય છે, તેની માહ્યલીકોર કોઈ વિદ્વાન આવીને મને જીતી જશે એવો ડર મને જણાતો નથી. બૃહસ્પતિ પણ મને ન જીતી શકે. સર્વની આગળ હું તમારું સર્વોપરીપણું સાબિત કરી બતાવું, એવો વિદ્વાનપણારૂપી **ગુણ** મારામાં છે." ત્યારે શ્રીજીમહારાજ કહે : "ખરું ! એ તમારા ગુણને હું જાણું છું." એમ કહી ભગવાન શ્રીહરિ પ્રસન્ન થયા.

(શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૨ વાત - ૭૩ના આધારે)

આવી પ્રખર વિદ્વત્તા હોવા છતાં નિત્યાનંદ સ્વામીની **વિશિષ્ટતા** એ હતી કે, તેમને પોતાની કોઈ પણ લાક્ષણિકતાનો ગર્વ ન હતો. 'पाण्डित्यं निर्विद्य बाल्येन तिष्ठासेत् ।' - આ વેદોક્તિને સ્વામીએ ચરિતાર્થ કરી હતી. પૂર્વાશ્રમની છલકાતી સમૃદ્ધિનો અત્યંત સહજતાથી ત્યાગ કરી, રાજ-રજવાડાનાં માન-પાનનો ને કીર્તિનો ત્યાગ કરી પાંચસો પરમહંસો ભેળા ભળી નિત્યાનંદ સ્વામી આજીવન નિર્માનીપણે વર્ત્યા એ નાનીસૂની વાત નથી. ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે કે - **'નહિં કોઉ અસ જનમેઉ જગ માંહી, પ્રભુતા પાઈ જાહિ મદ નાહીં...'** એટલે કે 'મોટાઈ પામીને જેને મદ નથી આવ્યો એવો મનુષ્ય કોઈ જન્મ્યો નથી.' પરંતુ આ વાત નિત્યાનંદ

સ્વામીને લાગુ ન પડી. તેનું કારણ એ જ કે, 'ભગવાન શ્રીહરિના કર્તૃત્વનો સંપૂર્ણ સ્વીકાર.' જૂનાગઢમાં જ્યારે નવાબ સાહેબ આગળ પંડિતોનો પરાજય કરીને શ્રીજીમહારાજ પાસે આવી બધી વાત કરી ત્યારે મહારાજ ખૂબ રાજી થયા, ભેટ્યા ને માથે હાથ મૂકી સર્વત્ર વિજયી થવાનો વર આપ્યો. ત્યારે સ્વામી કહે : "હે મહારાજ ! આ સઘળો આપનો જ પ્રતાપ છે અને આપ જ મારામાં રહી સઘળું કાર્ય કરો છો. હું તો **નિમિત્તમાત્ર** છું."

સં. ૧૮૬૮ની સાલમાં શ્રીજીમહારાજ નાગડકે સુરાખાચરના દરબારમાં કથા વંચાવતા હતા. ત્યારે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા ચૈતન્યાનંદ સ્વામી વગેરે સાધુ આવ્યા. પછી સભા થઈ તેમાં ભગવાન શ્રીહરિએ ઉપાસનાની ઘણી વાત કરી. પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "હે સ્વામી ! તમે ઝાલાવાડમાં તમારું મંડળ લઈને ફરવા જાવ." તેથી મુક્તાનંદ સ્વામી વગેરે સંતો ગામ સાયલે ગયા. ત્યાં શ્રીમદ્ ભાગવતની કથા **નિત્યાનંદ સ્વામી** વાંચતા હતા. તેમાં આ શ્લોક આવ્યો - 'एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् । इन्द्रारिव्याकुलं लोकं, मृडयन्ति युगे युगे ।।' ત્યારે **મુક્તાનંદ સ્વામી** બોલ્યા જે, "એ શ્રીકૃષ્ણ કીધા તે શ્રીજીમહારાજ છે." ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, "એ શ્રીકૃષ્ણને તમે સ્વયં ભગવાન કહો છો, પણ તે તો મહાપુરુષ છે, ને તેથી પર અક્ષર છે, ને તેથી પર અક્ષરધામના અધિપતિ પ્રત્યક્ષ શ્રીસહજાનંદ સ્વામી ભગવાન છે." ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, "હે નિત્યાનંદ સ્વામી ! તમે એમ ન બોલો. ભગવાન તો એક જ છે." એમ કહીને નિત્યાનંદ સ્વામી ઉપર મુક્તાનંદ સ્વામી ખીજ્યા. ત્યારે નિત્યાનંદ સ્વામી કાંઈ ન બોલ્યા. પછી મુક્તાનંદ સ્વામીને સંકલ્પ થવા માંડ્યો જે, "નિત્યાનંદ સ્વામી આમ કેમ બોલે છે ?" પછી કહે : "હે નિત્યાનંદ સ્વામી ! ચાલો, આપણે પાછા મહારાજ પાસે જઈએ." ત્યારે નિત્યાનંદ સ્વામી વગેરે સર્વે સાધુ ગામ નાગડકે **શ્રીજીમહારાજ પાસે** આવ્યા. તે સમયે મહારાજ કથા વંચાવતા હતા ને સુરાખાચર મહારાજ પાસે બેઠા હતા. ત્યાં મુક્તાનંદ સ્વામી વગેરે સર્વે સાધુઓ શ્રીજીમહારાજને દંડવત કરીને પગે લાગી પાસે બેઠા. ત્યારે શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી સામું જોયું, પણ કાંઈ ખબર પૂછી નહિ.

પછી મુક્તાનંદ સ્વામી હાથ જોડીને બોલ્યા : "હે મહારાજ ! આ નિત્યાનંદ સ્વામી અવતાર તથા અવતારી એવો ભેદ કહ્યા કરે છે ને ભગવાનના સ્વરૂપમાં ભેદ પાડે છે." તે વાત સાંભળીને શ્રીજીમહારાજે આથમણે મુખારવિંદે પડખું ફેરવીને સુરાખાચર સાથે વાતો કરવા માંડી, એટલે મુક્તાનંદ સ્વામીના હૈયામાં એમ થયું જે, મેં આ વાત કહી તે મહારાજને ગમી નહિ. પછી કહે : "હે મહારાજ ! અમારે સંતોના મંડળમાં સંવાદ થયો, તેમાં હું તમને કૃષ્ણ જેવા જાણું છું ને નિત્યાનંદ સ્વામી તમને સર્વના કારણ સર્વોપરી કહે છે. અમારા બેમાં કોની વાત સાચી છે ? તે જેમ હોય તેમ મુને કૃપા કરી કહો." ત્યારે શ્રીજીમહારાજ કહે : "હે સ્વામી ! નિત્યાનંદ સ્વામી શું કહે છે ?"એટલે મુક્તાનંદ સ્વામી કહે જે, "તે તો શ્રીકૃષ્ણ છે તે મહાપુરુષ છે અને તેથી પર અક્ષર છે અને તેથી પર શ્રીપુરુષોત્તમ ભગવાન આ સહજાનંદ સ્વામી છે, એમ કહે છે." પછી શ્રીજીમહારાજ બોલ્યા : "સ્વામી ! નિત્યાનંદ સ્વામી સાચું સમજે છે, માટે તમે પણ એમ સમજો. કેમ જે, અવતાર-અવતારીનો ભેદ તો શાસ્ત્ર પ્રમાણે છે." સ્વયં મહાપ્રભુ શ્રીહરિનો પણ એ જ અભિપ્રાય સાંભળી મુક્તાનંદ સ્વામી ક્ષણવાર તો ગમ ખાઈ ગયા. પછી કહે : "હે મહારાજ ! એવી વાત કોઈ શાસ્ત્રમાં હશે ખરી ?"

મુક્તાનંદ સ્વામીનો આવો પ્રશ્ન સાંભળી ભગવાન શ્રીહરિ સહેજ ખિજાયા ને બોલ્યા : "શાસ્ત્ર તો કોઈ મોટા પુરુષે કે ઋષિમુનિઓએ રચેલા છે. તે શાસ્ત્ર કહે તે સત્ય અને અમે કહીએ તે સત્ય નહિ ? ત્યારે તો શાસ્ત્ર અમને ભગવાન કહે તો જ અમને ભગવાન માનજો. (અર્થાત્ શાસ્ત્ર તો અમને ભગવાન તરીકે ઓળખી પણ નથી શકતા, તો તમે અમને ભગવાન શું કામ માનો છો ?) અને શાસ્ત્રોના જે ગૂઢ રહસ્યો છે તે તો પ્રગટ ભગવાન કે તેમના સત્પુરુષથી જ સમજાય છે." ત્યારે મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "હે મહારાજ ! મને સાચી વાત સમજાવો." પછી ભગવાન શ્રીહરિ બોલ્યા : "સ્વામી ! અષ્ટાવરણથી પર જે અક્ષરધામ તેનો હું સ્વામી છું. ક્ષર-અક્ષરથી પર સર્વાંતર્યામી છું. અમારા વિના તો આ એક એક બ્રહ્માંડાધીશ કે અનંત બ્રહ્માંડાધીશ છે તે પણ સામાન્ય જીવમાત્ર છે. અમારી મરજી વિના કોઈ સૂકું પાંદડું પણ હલાવવાને સમર્થ નથી. આ સૃષ્ટિ, સ્થિતિ ને પ્રલયાદિક જે કાંઈ થઈ રહ્યું છે તે અમારી ઈચ્છાનુસાર જ થાય છે. આ વાતને તમે સત્ય માનો."

શ્રીજીમહારાજની વાત સાંભળી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડ્યા ને કહ્યું : "મહારાજ ! આપે જે રીતે કહ્યું તેમ જ હવે હું માનીશ." આમ, નિત્યાનંદ સ્વામીના સહવાસથી મુક્તાનંદ સ્વામીને ભગવાન શ્રીહરિનો સર્વોપરી નિશ્ચય થયો.

(શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો : ૮૯ તથા શ્રીઘનશ્યામલીલામૃતસાગરના આધારે...)

❑❑❑❑❑

એકવાર મહાપ્રભુ શ્રીહરિ સુરાખાચરના દરબારમાં સભા કરીને બિરાજમાન હતા. ત્યારે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું : "હે અક્ષરાધિપતિ ! આપના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવું ઘણું દુષ્કર છે. આ બાબતમાં વિદ્વાનો પણ પરસ્પર વિવાદ કરે છે. મનુષ્ય સ્વરૂપે બિરાજમાન આપના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કોઈકને થાય છે અને કોઈકને નથી થતો. માટે સર્વાવતારી એવા આપના આશરે રહેલા એવા અમને આપના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થવાનું કારણ કહો."

સ્વામીનો પ્રશ્ન સાંભળી અતિ આનંદપૂર્વક **ભગવાન શ્રીહરિ** કહે : "હે મુનિવર્ય ! મારા સ્વરૂપને યથાર્થ જાણનારા જે

સાધુ છે તેનો સમાગમ જેને જેટલો હોય તેને મારા સ્વરૂપનો તેટલો દૃઢ નિશ્ચય થાય છે. તે સમજાવવા એક **દૃષ્ટાંત** કહું છું, તે સાંભળો. માનસરોવરમાં રહેનાર એક હંસ એકવખત ફરતો ફરતો એક વાડીમાં આવ્યો. અને ત્યાં વાડીના વેલામાં રહીને દૂધીમાં ચંદ્રકાંતમણિ મૂક્યો. પછી તે ચંદ્રકાંતમણિ કઠિયારાને મળ્યો. કઠિયારાએ તેને ચળકતો ટુકડો માની બકરીની ડોકે બાંધ્યો. મણિનું થોડું જ્ઞાન જેને હતું તેણે તે જોયો. તેથી બકરીથી બમણી કિંમત આપી તે મણિ ખરીદી લીધો. તેથી થોડી વધારે કિંમત જાણનારાએ તેની પાસેથી સો રૂપિયામાં એકલો મણિ ખરીદ્યો. તેથી વધારે જાણનારાએ હજાર રૂપિયામાં મણિ ખરીદ્યો. તેની પાસેથી બીજા વેપારીએ દસ હજાર રૂપિયામાં મણિ ખરીદ્યો. તેની પાસેથી એક શેઠે લાખ રૂપિયામાં મણિ લીધો. તેની પાસેથી બીજા શેઠે કરોડ રૂપિયામાં મણિ લીધો. તેની પાસેથી બીજા શેઠે દસ કરોડમાં મણિ લીધો. તેની પાસેથી વળી એક શાહુકારે અબજ રૂપિયામાં લીધો. તેણે બીજાને વેચ્યો તો દસ અબજ રૂપિયા આવ્યા. તે મણિ એક ઝવેરીના બુદ્ધિમાન યુવાન પુત્રે જોયો, તેથી તેણે તે વેપારીને કહ્યું : સવારથી સાંજ સુધી મારા ખજાનામાંથી જેટલું લેવાય તેટલું ધન લઈ જવું. એ શરતે મણિ ખરીદ્યો. તેથી ઘણા તો કહેવા લાગ્યા કે, બાપ પરદેશ ગયો છે ને છોકરાએ તેનો ખજાનો લૂંટાવી દીધો.

પછી જ્યારે તેના બાપા ઘેર આવ્યા ત્યારે દીકરાએ મણિ બતાવ્યો. તે મણિ જોઈને તેના પિતા કહે : હે પુત્ર ! તે આ મણિ વેચનારા પાસેથી છેતરીને પડાવી લીધો છે. એક દિવસની કમાણી પણ આપી નથી. પછી પૂનમની રાત્રિએ પૂજન કરી અગાશી ઉપર મૂક્યો, ત્યારે તેમાંથી શુદ્ધ સોળવલું અપાર સુવર્ણ નીકળ્યું. એટલે એક જ રાતમાં તેના ખજાના ભરાઈ ગયા. મણિનો આવો મહિમા જોઈ સહુ મહાઆશ્ચર્ય પામ્યા. આ તો દૃષ્ટાંત છે. તેનો **સિદ્ધાંત** એ જે મણિ તો એક જ હતો, પરંતુ જેને જેટલો મહિમા હતો તેટલું તેને **વિશેષ ફળ** મળ્યું. તેમ આ આપણા સંપ્રદાયમાં અસંખ્ય ભક્તો છે. તેમાંથી કેટલાક મારો યથાર્થ મહિમા સમજે છે. અને કેટલાક તમારી જેવા સંતનો સમાગમ કરીને સમજશે. જેમ જેમ અમારા પ્રત્યક્ષ સ્વરૂપનું મહિમાએ સહિત **જ્ઞાન** થતું જશે, તેમ તેમ તેને બહુ મોટી **પ્રાપ્તિ** થશે. તમે તો મારા મહિમાને યથાર્થ રીતે સમજો છો, છતાં સહુને સમજાય એટલે આ વાત કરી. અને હવે હું ટૂંકમાં મારો **મહિમા** કહું છું.''

પછી સર્વાવતારી શ્રીહરિ કહે : ''હે સ્વામી ! હું અક્ષરધામમાં સદા બિરાજમાન છું. હું જ બ્રહ્મપુર આદિ સર્વ ધામનો સ્વામી છું. તે તે ધામોમાં ત્યાંના ભક્તોને સુખ આપવા હું જ એક રૂપ થકા અનેકરૂપે રહ્યો છું. રામ-કૃષ્ણાદિક સર્વે અવતારોનું કારણ હું જ છું. અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય મારા સંકલ્પથી થાય છે. કાર્ય અને કારણભાવથી રહેલા તમામ જીવો, બ્રહ્માદિક દેવો અને વિરાટ તથા પ્રધાનપુરુષ આદિક ઈશ્વરોને યથાર્થપણે કર્મના ફળરૂપ સુખ-દુઃખાદિક હું જ અંતર્યામીપણે રહ્યો થકો આપું છું. જે ભક્ત મારા જેટલા ગુણ, પ્રતાપ અને ઐશ્વર્યાદિક મહિમાને સમજે છે તથા ભક્તિ વડે મને રાજી કરે છે તેને તેટલા ગુણ, ઐશ્વર્ય અને પ્રતાપ આદિક હું જ આપું છું.

સદ્‌ગુણ, પ્રતાપ અને ઐશ્વર્યની દૃષ્ટિએ કોઈ મારાથી પર નથી, હું જ સર્વથી પર છું. સર્વોપરી છું. કાળ અને માયાદિક સર્વે મારા આંખના ઈશારાથી કંપે છે. વિરાટપુરુષ આદિક અગણિત ઈશ્વરોએ તેમના પચાસ વર્ષ સુધી મારી પ્રાર્થના કરી ત્યારે મારા સ્વરૂપના સુખને પામવા ઈચ્છતા ભક્તોને સર્વોત્તમ સુખ આપવા માટે હું મનુષ્યરૂપે પ્રગટ થયો છું. આ લોકમાં જે મનુષ્યો મારા સંબંધને પામશે તથા મારા આશ્રિત એવા તમારા સહુના સંબંધને પામશે તે સહુ ભક્તોને હું મારા અક્ષરધામમાં લઈ જઈશ. મેં જે જે વસ્તુ-પદાર્થ સ્વીકાર્યું છે તે બધુ દિવ્ય છે. મારી સર્વ ક્રિયાઓ પણ દિવ્ય છે. મારી દિવ્ય ધામની મૂર્તિમાં અને મનુષ્યરૂપ મૂર્તિમાં કોઈ જ ભેદ નથી. હું દિવ્ય મૂર્તિ હોવા છતાં લોકોને મનુષ્યરૂપે દેખાઉં છું. અને જીવોના કલ્યાણ માટે મનુષ્યરૂપે દેખાતો હોવા છતાં પણ હું અનંત દિવ્ય ગુણોથી યુક્ત છું. અને અનંત શક્તિઓ, ગુણો અને ઐશ્વર્યાદિકથી સેવાયેલો છું. હે સ્વામી ! મારા સ્વરૂપનો તમને આ રીતે યથાર્થ નિશ્ચય છે. છતાં તમે બીજાઓની શંકાઓ ટાળવા માટે પૂછ્યું તેથી મેં તે મારા સ્વરૂપનું માહાત્મ્ય સંક્ષેપમાં તમને કહ્યું છે.'' (શ્રીહરિચરિત્ર પરિચ્છેદ : ૩/૩૯)

❑❑❑❑❑

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણમાં નિત્યાનંદ સ્વામીની અતૂટ નિષ્ઠાનો એક પ્રસંગ જોઈએ :

ગઢપુરમાં 'સત્સંગિજીવન' ગ્રંથના લખાણનું કામ ચાલતું હતું. શતાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! આ ગ્રંથમાં આપને કેવા લખવા ?'' પછી શ્રીજીમહારાજે તે વાત સભામાં કરી ત્યારે કેટલાક સંતો કહે, 'આપની જેમ મરજી હોય તેમ લખો', કેટલાકે કહ્યું, 'હે મહારાજ ! શાસ્ત્રને મળતું આવે તો ઘણા જીવોને સમાસ થાય', કેટલાકે કહ્યું, 'હે મહારાજ ! આપ જેવા છો તેવા જ લખાવો તો સારું.' પછી ગોપાળાનંદ સ્વામી વગેરે મોટા સંતો કહે : ''મહારાજ ! આપ જેવા છો તેવા સર્વ અવતારોના અવતારીપણે લખીએ તે જ બરાબર જણાય છે. પછી આપની જેવી મરજી.'' ત્યારે મહારાજ કહે : ''તો પછી અમારા ગમતા પ્રમાણે અનંત જીવોના ભલા માટે અમને શાસ્ત્રની રીતે કૃષ્ણ જેવા લખો - એમ અમારી મરજી છે.''

પછી ભગવાન શ્રીહરિની આગ્રહભરી તેવી મરજી જોઈ કોઈ કાંઈ બોલ્યા નહીં, ત્યારે નિત્યાનંદ સ્વામી મહારાજની પાસે ગયા અને કહ્યું : ''મહારાજ ! આપને તો સર્વોપરી સર્વ અવતારના અવતારીપણે લખવા જોઈએ. કારણ કે ચક્રવર્તી રાજાને કાંઈ ખંડિયા રાજાની ઉપમા ન દેવાય. જો એમ

ન લખાય તો આપનો સર્વોપરી મહિમા સામાન્ય જીવ કેવી રીતે સમજી શકે ? માટે હું તો બીજા અવતાર જેવા લખવાની ના પાડું છું.''

શ્રીજીમહારાજ સભામાં કહે : ''આ નિત્યાનંદ સ્વામી અમારું ગમતું નથી સમજતા અને અમારા વેણ ઉપર વેણ લાવી રહ્યા છે. માટે એને કોઈક સમજાવો.'' સભામાં સન્નાટો છવાઈ ગયો. એક બાજુ નિત્યાનંદ સ્વામીની પરમ સત્ય સર્વોપરી નિષ્ઠા અને બીજી બાજુ પ્રાણપ્રિય શ્રીહરિની આજ્ઞા, તેમાં કોનો પક્ષ લેવો ? તે વિમાસણમાં કોઈ કાંઈ જ બોલ્યા નહિ.

બીજે દિવસ પણ સભામાં એ જ વાત નીકળી. શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને સમજાવ્યા, પરંતુ તે એકના બે ન થયા તે ન જ થયા ! પછી મહારાજે તેમને સભાથી અલગ બેસાડ્યા ને સભામાં વાત કરી કે, ''જે અમારા પક્ષમાં ભળવા માગતા હોય તે અમારી પાસે બેસો ને નિત્યાનંદમુનિના પક્ષમાં રહેવું હોય તે તેમની ભેળા બેસો.'' આ સાંભળી કોઈ ભગવાન શ્રીહરિ પાસેથી ઊભા થયા નહિ ને નિત્યાનંદ સ્વામી એકલા બેસી રહ્યા. તેથી મહારાજે ફરી સમજાવ્યા, પરંતુ તેઓ ન માન્યા. અને કહ્યું : ''મહારાજ ! તમારી મોટ્યપ ને સામર્થ્ય મારી જાણમાં છે. તેથી બીજા અવતાર જેવા આપને કેમ લખાય ?''

શ્રીજીમહારાજ કહે : ''એ ભલે જે હોય તે, પરંતુ અમે કહીએ તેમ કરવાનું છે કે નહિ ?'' આ બાબતમાં સ્વામીનો પૂરો અસ્વીકાર જ રહ્યો. પછી તો એક દિવસ, બે દિવસ... એમ કરતા આ વાતમાં સાત દિવસ પસાર થઈ ગયા. વારંવાર સમજાવવા છતાં નિત્યાનંદ સ્વામી પોતાના નિશ્ચયમાંથી લેશમાત્ર ડગ્યા નહિ. એટલે ભગવાન શ્રીહરિએ ખિજાઈને ભગુજીને કહ્યું : ''ભગુજી ! નિત્યાનંદ સ્વામીનું અમારે કામ નથી. તેમને વનમાં મૂકી આવો. અમારી આ આજ્ઞાનું પાલન અત્યારે જ થવું જોઈએ.'' મહારાજની આ વાણીથી સભામાં વીજળી પડી હોય તેવો આઘાત લાગ્યો.

પછી ઉદાસી મનથી ભગુજી સ્વામીને લઈ જવા માટે તૈયાર થયા. તે વખતે સુરાખાચર કહે : ''મહારાજ ! આવા કામમાં પાર્ષદોને શું મોકલવા ? એ તો અમારા પસાયતા (ચોકીદાર) મૂકી આવશે.'' ''જે લઈ જાય તે, પરંતુ નિત્યાનંદ સ્વામીને અહીંથી લઈ જાવ.!'' ખિજાયેલા સ્વરમાં શ્રીજીમહારાજે કહી દીધું. પછી સુરાખાચરે પટાવેલા પસાયતા સ્વામીને લઈ ગયા. સુરાબાપુએ શીખવ્યા મુજબ સ્વામીને મૂકીને છેક સાંજે આવ્યા. આવીને મહારાજને કહ્યું : ''આપની આજ્ઞા પ્રમાણે સ્વામીને ઘોર વનમાં મૂકી આવ્યા છીએ.'' મહારાજે કહ્યું : ''બહુ સારું કર્યું.''

બીજે દિવસે દરબારગઢમાં સભા ભરાણી, પરંતુ આજે સભામાં ચોમેર ઉદાસીનતા જ જોવા મળતી હતી. આ જોઈ ભગવાન શ્રીહરિ કહે : ''કેમ કોઈ બોલતું નથી ?'' ત્યારે મુક્તાનંદ સ્વામી કહે : ''મહારાજ ! નિત્યાનંદ સ્વામી સભાની શોભા ને પ્રાણસમ હતા, તેમને વનમાં કાઢી મૂક્યા તેથી બધા દુઃખી છે.'' મહારાજ કહે : ''તો તો એ મોટી ભૂલ થઈ ! હવે નિત્યાનંદ સ્વામીને ગમે ત્યાંથી બોલાવી લાવો !'' ત્યારે સુરાખાચર ગંભીરતાથી કહે : ''મહારાજ ! સ્વામી તો હવે ક્યાંથી મળે ? વનમાં તો ક્યાંય વાઘ-દીપડા ખાઈ ગયા હશે ?''

ત્યારે કૃપાળુ શ્રીહરિ બોલ્યા : ''ગમે ત્યાંથી સ્વામીને લાવો. સ્વામી નહિ આવે ત્યાં સુધી અમે જમવાના નથી.'' પછી સુરાખાચરના કહેવા પ્રમાણે ગામમાં કોઈના ઘરે ખાનગીમાં રાખ્યા હતા ત્યાંથી સ્વામીને મોડી રાત્રે લઈ આવ્યા. ત્યાં સુધી મહારાજે ખાધું-પીધું નહિ. શ્રીજીમહારાજ નિત્યાનંદ સ્વામીને જોઈને અત્યંત રાજી થયા. બધા સંતો-ભક્તોની હાજરીમાં સ્વામી ઉપર રાજીપો વરસાવતા બાથ ભીડીને વારંવાર ભેટ્યા ને કહ્યું : ''અમે તમારી અગ્નિ પરીક્ષા કરી. તેમાં તમે પાસ થયા. તમારી સમજણ તથા નિષ્ઠાને ધન્યવાદ છે ! આજે તમે અમારી પૂજા કરો.''

પછી નિત્યાનંદ સ્વામીએ ભાવવિભોર થઈને ચંદન-પુષ્પાદિકે કરી મહારાજની પૂજા કરી. મહારાજ ફરીવાર ભેટી પડ્યા ને માથે હાથ મૂકીને ખૂબ રાજીપો દર્શાવ્યો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''ઉપાસક તો આવા જ હોવા જોઈએ !'' બધાને સ્વામીનો ખૂબ મહિમા સમજાયો.

પછી મહારાજે નિત્યાનંદ સ્વામીને સમજાવી પ્રેમથી કહ્યું : ''સ્વામી ! તમે સમજો છો તે બરોબર છે, પરંતુ અનંત જીવોના ભલા માટે શાસ્ત્રની રીત પ્રમાણે લખવા દો.'' ત્યારે નિત્યાનંદ સ્વામીએ પોતાની સંમતિ આપી. આવી પર્વતપ્રાય **સર્વોપરી નિષ્ઠા** સ્વામીને હતી.

(શ્રીહરિદિગ્વિજય ગ્રંથસ્થ જીવનચરિત્ર તથા સંતોની વાર્તાગ્રંથોમાંથી સંકલિત...)

❑❑❑❑❑

એકવખત નિત્યાનંદ સ્વામી વગેરે સંતો-ભક્તો સાથે ભગવાન શ્રીહરિ **જામનગર** પધાર્યા. ત્યાંના રાજાએ શ્રીજીમહારાજનું ભવ્ય સવારી કાઢી સ્વાગત કર્યું. રાજબાગમાં ઉતારો આપ્યો. સાંજે મોટી સભા ભરાણી. મહાપ્રભુ શ્રીહરિએ સહુને જ્ઞાનવાર્તા કરી અનેકને સમાધિ કરાવી. દિવ્ય ધામોનો અનુભવ કરાવ્યો. લોકો ભગવાન શ્રીહરિની તથા તેમના સંતોની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. તે સાંભળી વિવિધ મતવાદીઓ તથા ગોસાંઈજી પણ ઈર્ષ્યાથી બળી ઊઠ્યા. પંડિતોને પુષ્કળ ધન આપી બીજે દિવસે ભગવાન શ્રીહરિ સાથે શાસ્ત્રાર્થ કરવા મોકલ્યા. મહારાજે તેમનું સન્માન કરી બેસાર્યા. જાહેર સભા ભરાણી. ભગવાન શ્રીહરિ કહે : ''હે પંડિતો ! તમારા પ્રશ્નોના ઉત્તર તો આ સાધુ નિત્યાનંદજી આપશે.''

પંડિતો સ્વામીને કહે : ''સત્-અસત્ કોને કહેવાય ? આચાર્ય કોને કહેવાય ? તો જે શારીરિક સૂત્ર ઉપર ભાષ્ય રચી કાશીમાં

પંડિતોને પરાજય કરે તે આચાર્ય કહેવાય. સ્વામિનારાયણ ભગવાને એવું કર્યું છે ? તમે તેને ભગવાન શાથી કહો છો ?'' તેનો ઉત્તર આપતા સ્વામી કહે : ''સાંભળો, પંડિતો ! આત્મા અને પરમાત્મા સત્ય છે. તેનું જે જ્ઞાન-વિજ્ઞાન આપે અને જગતના નાશવંત સુખથી વૈરાગ્ય કરાવે એ જ સાચા ગુરુ છે. ભાષ્યો તો પંડિતો પણ રચે, તેથી શું ? જે પોતે ધર્મનું આચરણ કરે અને બીજાને કરાવે તથા શાસ્ત્રના અર્થને સારી રીતે સમજી જીવનમાં ઉતારે અને બીજામાં પણ તે ધર્મ પ્રવર્તાવે તે સાચા આચાર્ય છે. શિષ્યોમાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, માનાદિક દોષોને કાઢે એ જ સાચા ગુરુ કહેવાય. શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિત એવા હજારો સંતો-ભક્તોને કામ-ક્રોધાદિક દોષથી મુક્ત કર્યા છે. ઘોર કળિયુગમાં સતયુગ જેવું વાતાવરણ સ્થાપ્યું છે. તેમના અનુયાયીઓ ધર્મવાન, બ્રહ્મચર્યવાન અને સદાચારનિષ્ઠ છે. વળી, તેમણે વિના સાધને અનંત જીવોને સિદ્ધ દશા આપી છે. સમાધિ કરાવી હજારો જીવોને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અને અક્ષરધામનો અનુભવ કરાવ્યો છે. માટે અમે તેને ભગવાન માનીએ છીએ અને ભજીએ છીએ. અજ્ઞાની જીવોને સંસારના મોહપાશમાંથી છોડાવીને મોક્ષ આપવો તથા કામ-ક્રોધાદિક દોષો જિતાડવા તે ભગવાનનું કામ છે. આ કામ મોટા મોટા દેવો તથા ઋષિઓથી પણ થયું નથી. વળી, શાસ્ત્રોમાં કહ્યું છે કે, 'જેના ચરણમાં સોળ ચિહ્ન હોય તેને ભગવાન કહેવાય.' તે શ્રીહરિના ચરણમાં છે, માટે અમે તેને ભગવાન કહીએ છીએ. અરે ! અંતકાળે શ્રીહરિ પોતાના આશ્રિતોને તેડવા આવે છે. તેને સત્સંગી-કુસંગી સહુ પ્રત્યક્ષ દેખે છે. આવું અપાર સામર્થ્ય શ્રીહરિ બતાવે છે, માટે તેને ભગવાન કહીએ છીએ.'' આવા સ્વામીના ઉત્તરો સાંભળી પંડિતો દિગ્મૂઢ થઈ ગયા ને સ્વામીના પગમાં પડ્યા. આમ, સ્વામીએ જામનગરમાં મતવાદી પંડિતો આગળ ભગવાન શ્રી સ્વામિનારાયણનું પુરુષોત્તમપણું સ્થાપિત કર્યું ને સંપ્રદાયનો જય જયકાર કર્યો હતો.

(આ સભામાં સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી પણ સાથે હતા. તેમણે ભગવાન શ્રીહરિની આજ્ઞાથી અનુક્રમે કૌલમત-અદ્વૈત તથા પાશુપતમતના વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થ કરી તેમને જીતી લીધા હતા. શ્રીહરિલીલા કલ્પતરુ : ૩/૩૪)

❑❑❑❑❑

એકસમયે શ્રીજીમહારાજ રામનવમીનો સમૈયો કરવા **જૂનાગઢ** પધાર્યા. ત્યાંના નવાબ હામદખાને ભગવાન શ્રીહરિની પોતાના દરબારમાં પધરામણી કરી. ભક્તોએ મહારાજની ભવ્ય શોભાયાત્રા કાઢી. તે જોઈ કેટલાક દ્વેષી નાગર બ્રાહ્મણો અને પંડિતો બળી મુવા. સત્સંગનું ભૂંડું દેખાડવા નવાબને ચડાવી કચેરીમાં શાસ્ત્રાર્થ ગોઠવ્યો. ભગવાન શ્રીહરિએ પોતાને સ્થાને નિત્યાનંદ સ્વામીને મોકલ્યા. સામા પક્ષે ત્યાંનો એક વાચાળ બ્રાહ્મણ નરસિંહ પંડ્યો આવ્યો. તેણે ભગવાન સંબંધી આડા-અવળા પ્રશ્નો પૂછ્યા ને કહ્યું : ''શાસ્ત્રોમાં ભગવાનના પગને જ શા માટે વંદન કરવાનું કહ્યું છે ?'' સ્વામી કહે : ''દાસત્વપણું દૃઢ થાય તેટલા માટે કહ્યું છે.'' ત્યારે તે કહે : ''ના, ભગવાનના ચરણારવિંદ પવિત્ર છે, ને બીજા અંગ અપવિત્ર છે.'' ત્યારે નવાબે સ્વામીને પૂછ્યું : ''તે શું કહે છે ?'' સ્વામી કહે : ''તે એમ કહે છે કે, ખુદાના કદમ પાક છે, ને બીજું અંગ નાપાક છે.'' ત્યારે નવાબ કહે : ''તે મૂર્ખ છે. ખુદાના તો સર્વે અંગ પાક છે.'' તેથી પંડ્યો ખૂબ ભોંઠો પડ્યો ને મોઢું ચડાવી સભામાંથી ચાલી નીકળ્યો. દ્વેષીઓના મોઢાં ચીમળાઈ ગયા. પછી નવાબે સ્વામીનું સન્માન કર્યું.

આ પ્રસંગની **નોંધ** લેતા 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી **વિહારીલાલજી મહારાજ** લખે છે :

**'મુનિને દીધું રાજાએ માન, ગયા તે પણ જ્યાં ભગવાન;**
**શ્રીજીએ બધી સાંભળી વાત, ત્યારે તેહ થયા રળિયાત.**
**હતા કંઠમાં પુષ્પના હાર, નિત્યાનંદને આપ્યા તે વાર;**
**નિત્યાનંદ જીત્યા સભા જેહ, પ્રભુ પ્રગટ પ્રતાપથી તેહ.**
**મુનિવર વિદ્વાન નંદ નિત્યા, જીરણગઢે કરતાં વિવાદ જીત્યા;**
**પણ લવ ન ધરે અમર્ષ આપ, મન સમજે સઉ શ્રીજીનો પ્રતાપ.'**

(શ્રીહરિલીલામૃત : ૬/૧૭)

❑❑❑❑❑

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની કીર્તિ ટૂંકાસમયમાં જ ચોતરફ પ્રસરી હતી. પરંતુ 'ગામ હોય ત્યાં ગારો હોય જ' એ ન્યાયે સંપ્રદાયનો આવો સર્વોપરી વિકાસ જોઈને અન્ય મત-મતાંતરોમાં મોટા ખળભળાટો મચી ગયા. ભલભલા ધર્માચાર્યો તથા તેના અનુયાયીઓ રાગ-દ્વેષથી બળી ઊઠ્યા. એમાં પણ અમદાવાદમાં રહેલા એક ગોસાંઈજીને તો સમગ્ર શરીરમાં લાય લાગી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ધામમાં ગયા પછી સં. ૧૮૯૬માં અમદાવાદમાં જબરદસ્ત ઉપદ્રવ જાગ્યો. ગોસાંઈજીની આગેવાની હેઠળ બીજા સંપ્રદાયવાળાએ પણ નક્કી કર્યું કે 'હવે તો સ્વામિનારાયણ દેહ મૂકી ગયા માટે એમનો સંપ્રદાય તોડી પાડીએ.' પછી તેણે સ્વામિનારાયણ સંપ્રદાયને શાસ્ત્રાર્થમાં હરાવી મૂળમાંથી ઊખેડી નાખવાનું કાવતરું કર્યું. છપ્પનભોગના નિમિત્તે કાશી, જામનગર, જૂનાગઢ, સુરત વગેરે અનેક જગ્યાએથી ખાનગીમાં પોતાની રુચિવાળા પંડિતોને અમદાવાદમાં ભેગા કર્યા.

તે વખતે નિત્યાનંદ સ્વામી વડોદરામાં હતા. સયાજીરાવના રાખેલા પંડિતો પણ રાગ-દ્વેષથી અમદાવાદ જવા તૈયાર થઈ રાજાની પરવાનગી માગવા આવ્યા. ત્યારે સયાજીરાવે કહી દીધું કે, 'જાઓ ભલે, પણ તમારી કીર્તિને બગાડવા જઈ રહ્યા છો. આ અમદાવાદના શાસ્ત્રાર્થમાં શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય સામે દ્વેષ ભરેલો છે. વાંધો નહિ જાઓ, પરંતુ નિત્યાનંદ સ્વામી

ત્યાં જવાના છે. જેનો પ્રભાવ તમે અહીં જોયેલો જ છે. એ તમો તો શું પણ વિશ્વના વિદ્વાનોથી પણ જીતાય એવા નથી. છતાં તમે હમણાં કાંઈ વધારે આત્મબળ ને વિદ્યાબળ મેળવ્યું હોય ને જાવું હોય તો જાઓ પણ જો હારીને આવશો તો રાજ્યના વર્ષાસનો બંધ થશે.' આવો જવાબ સાંભળી વડોદરાના પંડિતોએ જવાનું બંધ રાખ્યું.

આ વાતની વડતાલ ખબર પડતાં આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે ઉપેન્દ્રાનંદ સ્વામી, સુપર્ણાનંદ સ્વામી, શ્રીકૃષ્ણદાસજી સ્વામી અને ધર્મપ્રસાદદાસજી સ્વામી આ ચારેય સંતોને નિત્યાનંદ સ્વામીને તેડવા વડોદરા મોકલ્યા. સંતો સાથે સ્વામી વડતાલ આવ્યા. મહારાજશ્રી કહે : "હે સ્વામી ! તમારે અમદાવાદ જાવું જોશે." ત્યારે સ્વામી કહે : "ગોપાળાનંદ સ્વામી તથા શુકાનંદ સ્વામી આવે તો હું જાઉં, નહીં તો હું પણ નહીં જાઉં." ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "સ્વામી ! અમારે ત્યાં આવવાની જરૂર નથી, તમને મહારાજે વરદાન આપેલ છે. માટે તમને ત્યાં કોઈ જીતી શકશે નહિ. વળી, આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને પણ ભગવાન શ્રીહરિએ પ્રત્યક્ષ દર્શન દઈને તમને ત્યાં મોકલવાનું કહેલું છે. માટે તમો સુખેથી જાઓ." તેથી સ્વામીએ હા પાડી. પછી રાત્રે કથા-વાર્તા કરી સૌ સૂતા.

બીજે દિવસે સવારે નિત્યાનંદ સ્વામી, શ્રીજીમહારાજનું ધ્યાન ધરી ભગવદાનંદ સ્વામી જેવા વિદ્વાન સંતો તથા બીજા ચાલીસ સંતોની સાથે અમદાવાદ જવા નીકળ્યા. એક ગાડીમાં સ્વામી બેઠા અને બે ગાડાંમાં શાસ્ત્રો-ધર્મગ્રંથો ભરાવ્યાં હતા. અમદાવાદ આવ્યા ત્યારે સ્વામીનું સ્વરૂપ જોઈને દરેકને લાગ્યું કે આ તો જાણે સાક્ષાત્ વ્યાસજી પધારે છે. આ સ્વામી આગળ તો સૂર્યની પ્રતિભા સમક્ષ દીવડાના જેવો બીજા પંડિતોનો દેખાવ થશે.

ધર્મધુરંધર આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સામૈયું મોકલ્યું અને વાજતે-ગાજતે સ્વામીને શહેરમાં તેડી લાવ્યા. ગોસાંઈજીની હવેલી પાસેથી જ આ સામૈયું પસાર થયું. તે બારીમાંથી નિત્યાનંદ સ્વામીને જોતાં જ ગોસાંઈજીને પરસેવો વળી ગયો અને ગભરાયા કે શાસ્ત્રાર્થમાં આમને જીતવાની આશા રાખવી એ તો ધુમાડાને બાચકા ભરવા જેવું છે.

શહેરના સત્સંગીઓમાં તથા અન્ય મુમુક્ષુઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ આવ્યો હતો. શહેરમાં માણસો કહેવા લાગ્યા કે, 'પતંગિયાં દીવાને ઓલવવા એકઠાં થયા છે. સૂર્યને ઊગતો અટકાવવા ઘુવડની જમાત ભેળી થઈ છે. શ્રી સ્વામિનારાયણ તો સાક્ષાત્ ભગવાન છે. એમના સંપ્રદાયને ઉખેડનાર કોણ જન્મ્યો છે ?' નિત્યાનંદ સ્વામી અમદાવાદમાં આવ્યાના સમાચાર સાંભળી પંડિતો મૂંઝાયા. તેમને ચિંતા થવા લાગી કે, 'આ પ્રતિભાવંત મહાપુરુષને જીતવા મુશ્કેલ છે, પરંતુ જો ભાગી જઈએ તો હાંસીને પાત્ર બનીએ પણ વાંધો નથી. કેમ કે, સ્વામી તો એક જ છે ને આપણે તેની સામે અનેક છીએ. અને આપણામાં પણ અમુક એનાથી ગાંજ્યા જાય એવા નથી, માટે શાસ્ત્રાર્થ તો કરવો જ છે.'

પછી નક્કી કરેલા દિવસે અમદાવાદ શ્રીસ્વામિનારાયણ મંદિરના ચોકમાં વિશાળ સભા ભરાણી. તેમાં એકબાજુ ગોસાંઈજી સહિત દેશભરના ઘણાક પંડિતો બેઠા ને સામેની બાજુ નિત્યાનંદ સ્વામી વગેરે સંતો-ભક્તો બેઠા. સ્વામીની પ્રતિભા જોતાં જ ગોખીને આવેલા પંડિતોને પોતાના પ્રશ્નો જ ભુલાઈ ગયા. થોડીવાર પછી સ્વામી પોતે જ બોલ્યા : "શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ જગન્નિયંતા સર્વેશ્વર છે. અને તેમનો આ સંપ્રદાય સર્વશાસ્ત્ર અને વેદ પ્રમાણે છે. એ સાબિત કરી બતાવવા અમે આવ્યા છીએ, તો હે વિદ્વાનો ! જેને જેને શંકા હોય તે પૂછો. શાસ્ત્ર પ્રમાણે ઉત્તર આપીશું." પછી પંડિતોએ 'સ્વામિનારાયણ સંપ્રદાય' અવૈદિક છે અને 'સહજાનંદ સ્વામી' ભગવાન નથી - એ બંને બાબતો પર ખૂબ વિવાદ ચલાવ્યો. પરંતુ સર્વોપરી શ્રીહરિના પરમ ઉપાસક, બ્રહ્મચર્યના તેજથી પ્રતિભાસંપન્ન, શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ એવા સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ પોતાની ચોટદાર શૈલીમાં તમામ પ્રશ્નોના સચોટ ઉત્તરો આપ્યા ને સ્વામીની જીત થઈ. પછી સ્વામીએ તેમની પાસે જ સ્વીકાર કરાવ્યું કે, 'શ્રીસ્વામિનારાયણ પોતે ભગવાન છે અને આ ઉદ્ધવ સંપ્રદાય વેદશાસ્ત્ર પ્રમાણે છે.' પછી તો સૌએ ભગવાન શ્રી સ્વામિનારાયણની ગગનભેદી જય બોલાવી. ત્યારપછી તો આ સભા જોવા એકત્ર થયેલા હજારો હરિભક્તોએ, અન્ય ધર્મપ્રેમી મુમુક્ષુજનોએ ઊંચે સાદે વારંવાર જય બોલાવી, જે સાંભળીને ઈર્ષાળુના હૃદયો ફાટી ગયા અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સામે આંખ ઊંચી કરવા જેટલી પણ હિંમત રહી નહીં. ગોસાંઈજી તથા પંડિતો નીચું મોં ઘાલી પાછા ગયા. અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગંતમાં ડંકો વાગ્યો. આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ નિત્યાનંદ સ્વામીના ઉપર અતિશય રાજીપો દર્શાવી બાથમાં ઘાલીને ભેટ્યા. આવી જ રીતે નિત્યાનંદ સ્વામીએ વડોદરામાં ગાયકવાડી રાજપંડિતોને જીતી અનેકને ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત કર્યા હતા. ઉમરેઠમાં પણ શંકરાચાર્ય અને તેની સાથે આવેલા અનેક પંડિતોને જીતી સંપ્રદાયનો વિજયધ્વજ લહેરાવ્યો હતો. વડતાલમાં આવેલા વેદાંતી સામે શાસ્ત્રાર્થ કરી, તેનો પણ સ્વામીએ પરાજય કર્યો હતો. જેનું વિસ્તારથી વર્ણન અખંડાનંદ સ્વામી રચિત 'શ્રીહરિચરિત્રમ્' ગ્રંથના ત્રીજા પરિચ્છેદમાં કર્યું છે. આવી રીતે અનેક જગ્યાએ વૈષ્ણવાચાર્યો, શંકરાચાર્યો તથા દ્વેષી પંડિતોના અનેક ઉત્પાતોને નિત્યાનંદ સ્વામીએ શમાવ્યા હતા અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દશેય દિશામાં ડંકો વગાડ્યો હતો.

❑❑❑❑❑

એકવખત ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી **વડોદરા** પધાર્યા. સંતોને આવેલા જાણી શોભારામ શાસ્ત્રી દર્શન કરવા મંદિરે આવ્યા. નિત્યાનંદ સ્વામીના દર્શન કરવા ગયા ત્યારે સ્વામી પોતે ઢોલિયા ઉપર બેસીને સંતોને ભણાવતા હતા. પછી દર્શન કરી ઘેર જતાં રસ્તામાં તેમને સંકલ્પ થયો કે, 'સ્વામી ઢોલિયા ઉપર બેસે છે ને આટલો બધો ઠાઠ રાખે છે તે મહારાજ એમને ધામમાં લઈ જશે?'

પછી તે જ રાત્રે શોભારામ શાસ્ત્રી સૂતા હતા. ત્યારે અડધી રાત્રે ભગવાન શ્રીહરિ તેના ઘરમાં સાક્ષાત્ પ્રગટ થયા અને ફૂમકાવાળી સોટી મારીને તેમને જગાડ્યા. પછી ઠપકો આપ્યો કે, 'ગાંડા! તને નિત્યાનંદ સ્વામી વિષે આવો સંકલ્પ થયો જ કેમ ? સ્વામી તો બ્રહ્મભાવે રહી અખંડ અમને ધારી રહ્યા છે. માટે તે મોટી ભૂલ કરી છે. હવે આ તારો અપરાધ ક્ષમા કરાવવા સ્વામી પાસે જઈ, નિષ્કપટ થઈને માફી માંગજે.' એમ કહી અદૃશ્ય થઈ ગયા, પરંતુ સોટી મારી તેનું ફૂમકું તૂટીને પથારીમાં પડ્યું હતું.

હવે શોભારામ શાસ્ત્રીને પોતાની ભૂલનો ખૂબ પસ્તાવો થયો. સવારે જલદી મંદિરે ગયા. ગોપાળાનંદ સ્વામીના દર્શન થયાં. બનેલી બધી હકીકત સ્વામીને કહી. અને ભૂલનો પસ્તાવો કરતા ગોપાળાનંદ સ્વામીના ચરણોમાં ઢળી પડ્યા. ત્યારે સ્વામીએ તેને કહ્યું : ''અરે શાસ્ત્રી! સ્વામી વિષે આવો સંકલ્પ કરાય? સ્વામી તો સાક્ષાત્ શ્રીજીમહારાજના અંગભૂત છે.''

પછી શોભારામને સાથે લઈને ગોપાળાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામી પાસે આવ્યા. બનેલી બધી વાત કહી. પછી શોભારામ શાસ્ત્રીએ સ્વામીને હાર પહેરાવી પગમાં પડી માફી માગી. ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : ''ભલા ! તને મારા કલ્યાણનો સંશય થયો ? અરે ! આ મારો આખો દેહ શ્રીજીમહારાજનો સાક્ષાત્ પ્રસાદીભૂત છે. આ દેહમાં કોઈ જીવ-જંતુ પડે કે દેહને અડે કે ભાવથી કોઈ દર્શન કરે એનુંય કલ્યાણ થાય. કારણ કે મારામાં ભગવાન શ્રીહરિ અખંડ બિરાજે છે, તેથી મારા કલ્યાણમાં શો સંશય?'' એવી નિષ્ઠાની ખુમારીભરી વાતો કરી શોભારામને નિઃસંશય કરી દીધા. સ્વામીને આવો જબરજસ્ત કેફ ફક્ત બોલવામાં જ નહોતો, પરંતુ તેમના ભીતરના અનુભવનો જ નાદ હતો.

❑❑❑❑❑

એકવખત નિત્યાનંદ સ્વામી સૌરાષ્ટ્રના **આંબા** ગામે બીમાર થયા. વૈદજીએ બકરીના દૂધમાં ભેળવીને ઔષધ લેવાનું કહ્યું હતું. તેથી દેવજીભગતે બકરીના દૂધની વ્યવસ્થા કરી દીધી. આ બકરીનું દૂધ સ્વામીના ઉપયોગમાં આવ્યું, તેથી તેનો પણ ભાગ્યોદય થયો. થોડા સમય બાદ બકરીના અંતકાળે સ્વયં શ્રીજીમહારાજ પોતે આવીને બકરીમાં રહેલા જીવાત્માને અક્ષરધામમાં તેડી ગયા.

## ➠ સ્વામીએ પોતાના પૂર્વાશ્રમના વિદ્યાગુરુનું કલ્યાણ કર્યું.

સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીને પૂર્વાશ્રમમાં કાશીમાં **જગજીત** નામના પંડિતે બાવન ટીકા સાથે કૌમુદી ભણાવેલી તથા અન્ય ગ્રંથો પણ ભણાવેલા. એવા તે **મહાન વિદ્વાન** હતા. પરંતુ વિદ્યાના અને જ્ઞાતિના અહંને કારણે કોઈને નમતા નહીં. ગમે તેનું અપમાન કરતા, સત્સંગ-ભક્તિ કરતા નહીં. ભગવાન શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, 'ગુણવાન પુરુષોના ગુણનું ફળ તો સત્સંગ અને ભગવાનને વિષે ભક્તિ થાય એ બે જ છે. તે વિના તો વિદ્વાન હોય તોપણ અધોગતિને પામે છે.' જગજીત વિદ્વાનને પણ એવું જ બન્યું. સત્સંગ અને ભક્તિ વિના આવા મોટા પંડિત પણ મરીને **બ્રહ્મરાક્ષસ** થયા. એટલું જ નહીં તે જ્યાં ભણાવતા ત્યાં તેનું નામ સાંભળીને કોઈ અજાણી વ્યક્તિ આવે, તેને પણ મારી નાખતા. આમ એ બાવીસ વ્યક્તિનું ટોળું થયું.

એકવાર નિત્યાનંદ સ્વામી અજ્ઞાની લોકોને ઉપદેશ આપતા થકા ફરતાં ફરતાં **કાશી** પહોંચ્યા. ત્યાં તેમને પૂર્વાશ્રમમાં પોતે વિદ્યા ભણ્યા હતા તે વિદ્યાગુરુ જગજીત પંડિત યાદ આવ્યા. લોકોને પૂછ્યું તો જવાબ મળ્યો કે, 'હવે તેનું નામ ન લેતા, એ તો મરીને ભૂત થયા છે અને બીજાને પણ અધોગતિ પમાડે છે.' સ્વામીના દિલમાં એમ થયું 'હું જેની પાસે વિદ્યા ભણ્યો તેની આવી દુર્દશા...?' તરત જ ગંગાજળ હાથમાં લઈ ત્રણવાર સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... **મહામંત્ર** બોલી તેનું **પુણ્ય** તેને આપ્યું. તે જ વખતે આકાશમાં વિમાન આવ્યાં અને જગજીત પંડિત તેની સાથે રહેલા તમામને લઈ ભગવાનના ધામમાં ગયા. આ રીતે નિત્યાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિના પ્રતાપે માત્ર ત્રણ મહામંત્રના ફળે મલિન વાસનાવાળા જગજીત પંડિતનું **કલ્યાણ** કર્યું.

## ➠ નિત્યાનંદ સ્વામી દ્વારા સંતોને વિદ્યાભ્યાસઃ

નિત્યાનંદ સ્વામી અમુક સમય અમદાવાદ દરિયાખાનના ઘૂમટમાં એકસો ઉપરાંત સાધુઓ સહિત રહીને તે સર્વને ભણાવતા હતા. શહેરમાંથી જે કાંઈ ભિક્ષા મળે તેને શુદ્ધ કરી કાચા-પાકા અન્નના ગોળા વાળીને જમતા. આમ જનકલ્યાણ માટે સાધુઓને વિદ્યાવાન કરવા સ્વામી જંગલ જેવા સ્થાનમાં પણ સદ્‌વિદ્યા ને બ્રહ્મવિદ્યા ભણાવતા. વળી, જ્યારે શ્રીજીમહારાજ એભલબાપુ ધામમાં ગયા પછી દાદાખાચરના દરબારમાં અખંડ રહેવા લાગ્યા ત્યારે નિત્યાનંદ સ્વામી વગેરે વિદ્વાન સંતો લક્ષ્મીબાગના મકાનમાં રહેતા. બીજા સાધુઓ ઘેલા નદીને દક્ષિણ કિનારે તથા ભક્તિબાગ વગેરે સ્થળે વૃક્ષાદિકને આશ્રયે ઊતરતા.

આ સમયમાં પણ નિત્યાનંદ સ્વામીએ અનેક સાધુઓને ભણાવીને **વિદ્વાન** કર્યા હતા. તેમના ઘણા શિષ્યો તો

પ્રખર વિદ્વાન હતા. ૧. નાના આત્માનંદ સ્વામી. ૨. જેમણે કાઠિયાવાડમાં શેત્રુંજી નદીના કાંઠા વિસ્તારના પ્રદેશમાં સત્સંગ કરાવ્યો એવા યોગાનંદ સ્વામી. ૩. શ્રી સત્સંગિભૂષણ જેવા ગ્રંથના રચયિતા બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામી (અમદાવાદ). ૪. શિવાનંદ સ્વામી. ૫. ભગવદાનંદ સ્વામી. ૬. પુરાણી ભૂમાનંદ સ્વામી. ૭. શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત ગ્રંથના રચયિતા પ્રસાદાનંદ સ્વામી. ૮. પવિત્રાનંદ સ્વામી. ૯. શૂન્યાતીતાનંદ સ્વામી. ૧૦. શ્રીધરાનંદ સ્વામી. ૧૧. મોટા પ્રજ્ઞાનંદ સ્વામી. ૧૨. શ્રીહરિદિગ્વિજય ઉપર વિજયાર્થ પ્રકાશિકા નામે ટીકા રચનારા પુરાણી કૃષ્ણજીવનદાસજી સ્વામી. ૧૩. બ્રહ્મચારી અચિંત્યાનંદ વર્ણી. ૧૪. બ્રહ્મચારી અનંતાનંદ વર્ણી. ૧૫. સાધુ બલરામદાસજી વગેરે ઘણા સંતોને નિત્યાનંદ સ્વામીએ **વિદ્યાભ્યાસ** કરાવી શ્રીજીમહારાજના કૃપાપાત્ર બનાવ્યા હતા. વળી, આ સિવાય બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ વગેરે કેટલાક મોટા સદ્‌ગુરુઓએ પણ નિત્યાનંદ સ્વામી પાસે સંસ્કૃત અધ્યયન કર્યું હતું.

આ વિદ્વાન સંતોમાંથી ઘણા સંતોએ તો સંપ્રદાયના **અણમોલ ગ્રંથો** ઉપર વિદ્વત્તા પૂર્ણ **ટીકાઓ** કે **ગ્રંથો**ની રચના કરી છે. તદ્‌ઉપરાંત નિત્યાનંદ સ્વામી શ્રીજીમહારાજ જે **વાર્તા** કરતા તેનો **સંગ્રહ** ખંતપૂર્વક કરતા. સ્વામીએ લખેલા ભગવાન શ્રીહરિની પરાવાણી સમા વચનામૃતો, સ્વયં શ્રીજીમહારાજે સ્વામી પાસે મંગાવી સભામાં વાંચ્યા. તે વાત લોયા પ્રકરણના ૭મા **વચનામૃત**માં કરી છે : ''અને એ સમયમાં વચનામૃતનું પુસ્તક નિત્યાનંદ સ્વામીએ લાવીને શ્રીજીમહારાજને આપ્યું. પછી તે **પુસ્તક**ને જોઈને મહારાજ બહુ રાજી થયા.'' આમ, નિત્યાનંદ સ્વામીએ પોતે વિદ્યાભ્યાસ કર્યો અને અનેક સંતોને કરાવી સંપ્રદાયની ઉજ્જવળતામાં ચાર ચાંદ લગાવ્યા છે.

### ➠ નિત્યાનંદ સ્વામીને સદ્‌ગુરુ તરીકે સ્થાપ્યા :

સં. ૧૮૭૯માં ભગવાન શ્રીહરિએ દંઢાવ્ય પ્રદેશના આદરજ ગામે મોટો ભવ્ય અન્નકૂટ ઉત્સવ કર્યો. ત્યારે દિવાળીના દિવસે સાંજે દરેક સંતો તથા દેશદેશના બાઈ-ભાઈ સર્વે હરિભક્તોની સભા ભરાયેલી હતી. પછી હરિભક્તોએ પૂજા કર્યા બાદ શ્રીજીમહારાજ ઉદાસ થઈ બોલ્યા : ''સત્સંગનો સમગ્ર વહેવાર અમારે એકને માથે છે. માટે સદ્‌ગુરુ સ્થાપો અને તે કહે તેમ કરવા સૌ તૈયાર હો તો અમે સત્સંગમાં રહીએ.'' ત્યારે સહુના વતી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''હે મહારાજ ! તમે જેને મોટાઈ આપો તેને, તમે જેમ કહો તેમ અમે માનશું. આપ જેમ કહો તેમ જ અમે કરીએ. અમારે એક તમને પ્રસન્ન કરવાનું તાન છે. તમારી પ્રસન્નતાથી અધિક અમારે બીજું કાંઈ નથી.'' આમ મહારાજની મરજીમાં સહુ કોઈ સહમત થયા.

પછી શ્રીજીમહારાજે રાજી થઈને મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને શામળિયા ચૈતન્યાનંદ સ્વામી - આ ચારેયને સદ્‌ગુરુની પદવી આપીને પોતાના પલંગ ઉપર બેસાડ્યા. પછી ભગવાન શ્રીહરિએ તેમની આરતી ઉતારી. ત્યારબાદ હરિભક્તોને કહ્યું : ''આજથી સર્વે સત્સંગની જવાબદારી આ ચાર સદ્‌ગુરુઓને અમે સોંપીએ છીએ. માટે અમારી પેઠે આ સદ્‌ગુરુને તમારે સર્વેએ માનવા. આ સદ્‌ગુરુઓ સત્સંગના સ્તંભ સમાન છે, માટે તેમની આજ્ઞામાં સહુ વર્તજો. ને જેમ અમારી પૂજા કરો છો તેમ તેમની પણ પૂજા કરજો ને અમારી સેવા કરો છો તેમ તેમની સેવા કરજો. આ સંતો ભવસાગર તરવાના વહાણરૂપ છે. અનંતકોટી બ્રહ્માંડમાં આવા કોઈ સંત નથી.'' એમ કહી ભગવાન શ્રીહરિએ આ ચારેય સદ્‌ગુરુઓને રેશમી કોરની ધોતી ઓઢાડી, ભાલમાં ચંદનની અર્ચા કરી ચાંદલો કર્યો. ફૂલના હાર, બાજુબંધ તથા પોંચી પહેરાવ્યા. શ્રીફળ અને સાકરના થાળ અર્પણ કર્યા. અને પોતે દંડવત કરી પગે લાગ્યા. પછી સહુ સંતો-ભક્તો પાસે પણ એ પ્રમાણે પૂજા કરાવી ને અતિ પ્રસન્ન થયા. આમ ભરસભામાં શ્રીજીમહારાજ અનેકવાર તેમની ઉપર પ્રસન્ન થયા હતા. અને સ્વામીને સંપ્રદાયના અગ્રગણ્ય સંત તરીકે સ્થાપ્યા હતા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૮/૩૦-૩૨માંથી સંકલિત...)

### ➠ દેશ-કાળ, સમય-સંજોગને સમજી શકે તેવી નિત્યાનંદ સ્વામીની સમજણ :

દાદાખાચરના દરબારમાં શ્રીહરિનું ભવન હતું. તે દાદાખાચરના ઉત્તરાદા બારના ભવનમાં શ્રીહરિ બેઠા હતા. જ્યારે અધરાત ગઈ અને ચંદ્રનું અજવાળું થયું ત્યારે નિત્યાનંદસ્વામી અને મુક્તાનંદસ્વામી બંને શ્રીહરિની પાસે બેઠા. શ્રીહરિની મરજી જાણીને મુક્તાનંદસ્વામીએ બે હાથ જોડ્યા અને ગદ્‌ગદ કંઠ થઈને બોલ્યા : 'મહારાજ, મારા મનમાં ઘણી શાંતિ રહે અને ક્યારેય અશાંતિ ન થાય એવો સારમાં સારરૂપ જે ઉપાય હોય તે મને કહો. હું તે પ્રમાણે કરું.' શ્રીહરિ તેમની વાત સાંભળીને મનમાં ઘણું હસ્યા અને દૈવની માયાના બળને જોયું કે અપાર શાંતિનો સાગર પ્રાપ્ત થયો છે, છતાં સ્વામી કોરા રહ્યા છે. તે સાંભળીને શ્રીહરિ બોલ્યા, શું તમે મનમાં ઘણા ઉદાસ થઈ ગયા છો ? સહુને શાંતિ થાય એટલા માટે તો અમે સત્સંગમાં ટક્યા છીએ. અમારે બીજું સત્સંગમાં કોઈ કામ નથી.

અમે જે જે વાત કરીએ છીએ તેમાં અમારું તાન શાંતિ કરાવવા માટેનું જ હોય છે. ધ્યાન, ધારણા અને સમાધિ વગેરે અમે ભક્તોને વારંવાર અપાર કરાવીએ છીએ. અને તેટલા માટે જ કેટલાક ભગવાનના ધામ અને લોક દેખાડીએ છીએ. કોઈ આશ્ચર્યકારી બાબત બાકી રાખતા નથી. ખાતા, પીતા, ચાલતા અમે જે કાંઈ કરીએ છીએ અને વારંવાર જે સમૈયા કરીએ છીએ, તથા ઘરેણા અને વસ્ત્ર અમે જે ધારીએ છીએ, તે બધામાં શાંતિ કરવાનું જ તાન રહે છે. અમે વારંવાર જમાડીએ છીએ તથા ભેટીએ છીએ અને જે ઘણી પૂજા કરાવીએ છીએ, તે રાત દિવસ શાંતિ કરાવવાને માટે છે. અમે બધી ક્રિયાઓ

ભક્તજનના અંતરને ઠારવા માટે કરીએ છીએ. આપણા આખા સત્સંગમાં આ મુક્તાનંદસ્વામીના જેવી કોઈની સમજણ નથી. આવા સમજણવાળા સંતના અંતરમાં પણ આજ સુધી જો શાંતિ ન થઈ હોય તો બીજા ભક્તની તો વાત હવે શી કહેવી ? આવું વિચારતા શ્રીહરિના દિલમાં ચેન પડ્યું નહિ. શ્રીહરિ મનમાં અત્યંત ઉદાસ થઈ ગયા કે અમારો બધો પરિશ્રમ નષ્ટ થઈ ગયો. અમે અત્યારે જે દયા કરી છે તેવી દયા કોઈ વખતે કરી નથી. જીવના જન્મ, મરણ, લખચોરાશી અને જમપુરીના બધા અપાર દુઃખો ટાળી દીધા છે. તેનો લગાર પણ ભય રહેવા દીધો નથી. સંતો અને હરિભક્તોના વચનથી જે સત્સંગી થાય છે તે ગમે તેવો અધમ માણસ હોય તોપણ ભગવાનના ધામમાં જાય છે. ભગવાનના અનંત અવતારો થયા અને તેમણે જે જે અનંત સામર્થ્ય બતાવ્યું હતું, તે અમે આ એક એક સંત દ્વારાએ અત્યારે તેવું બધું સામર્થ્ય દેખાડ્યું છે. સંતોના વચનને લીધે મનોહર મૂર્તિ એવા અમે સત્સંગીના અંત સમયે આવીને દર્શન દઈએ છીએ. ઊંચ નીચ જાતિના જે કોઈપણ હરિભક્ત હોય તે બધા જીવ સત્સંગ કરીને અત્યારે અત્યંત શુદ્ધ થઈ જાય છે. ચાહે તેવું મેલું વસ્ત્ર હોય, પણ તે પાણીમાં ધોવાથી તત્કાળ શુદ્ધ થઈ જાય છે. કાંઈ વાર લાગતી નથી, તે રીતે જ અત્યારે સત્સંગના જોગથી લોકો શુદ્ધ થઈ જાય છે. ગળી જેવો કોઈ રંગ કપડામાં લાગ્યો હોય પછી પાણીથી પણ તે રંગની અસર જાતી નથી. કાંઈક તેની મલિનતા રહી જાય છે, પણ આ સમયે જે કોઈપણ પાપ રહ્યા છે તે બધા અમારા વચનથી જે સત્સંગ સ્વીકારે છે તેના તે પાપનો નાશ થઈ જાય છે તેવું આ વખતે પ્રત્યક્ષ જોવામાં આવે છે. અમારે મુખે અમારી મોટાઈ કહેવી યોગ્ય નથી, છતાં અમે જ્યાં સુધી અમારા મુખથી નહિ બોલીએ ત્યાં સુધી ભક્તજનને શાંતિ નહિ થાય. અત્યારે જે હરિભક્ત થયા છે તે બધા અમને પરમેશ્વર માને છે અને સર્વ શાસ્ત્રમાત્રનું જે રહસ્ય છે તે અમારા વચનમાં આવી જાય છે તેમ માને છે. અમારા વચન અને શાસ્ત્રો, એમની એકતાને બધા ભક્તો માને છે. જીવ શરીરમાં જેમ એકરસ થઈને રહ્યો છે તેમ બધા શાસ્ત્રો અમારા વચનમાં એકરસ થઈને રહ્યા છે. તે સમયે શ્રીહરિને ઉદાસ દેખીને નિત્યાનંદસ્વામી બોલ્યા. તેઓ બોલવામાં અતિશય ચતુર હતા. તેમણે વાત કરતા તે પ્રસંગ ફેરવી નાખ્યો.

તેમણે કહ્યું કે, મુક્તાનંદસ્વામી જે વાતને કહે છે તેને હું જેમ સમજ્યો છું તેમ કહું છું. માટે હે શ્રીહરિ ! તેને આપ કૃપા કરીને સાંભળો. મુક્તાનંદસ્વામીની આગળ તો અમે બાળક છીએ. તેમની સમજણ અપાર અને પાકી છે અને તેમની વાત પણ રસાળ છે. જે સવળી વાત હતી તે આપના ધ્યાનમાં અવળી દેખાઈ લાગે છે. હું તો તે વાતને સવળી સમજુ છું, તે હવે કહું છું. મુક્તાનંદસ્વામીએ તો એમ કહેતા કે 'પ્રભુ આપની વાત સાંભળીને તો મને અપાર શાંતિ થઈ છે અને હવે પછી પણ શાંતિ થાય તેવી વાત કહો. આપની વાત સિવાય બીજી વાતમાં તો અશાંતિ ઘણી થઈ જાય છે તો અમને દેહ રહે ત્યાં સુધી બીજી વાતમાં અરુચિ રહે એવી કૃપા કરો.' આપને પ્રસન્ન કરવાને માટે તો સ્વામી આવું કહે છે. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'તમે બરાબર વાત કરી. જો અત્યારે તમે આવી વાત ન કહી હોત તો અમે તમારો સહુનો ત્યાગ કરીને ચાલ્યા જાત. અમારા મનમાં બદરિકાશ્રમના પ્રત્યે પ્રેમ છે. એવો અમે નિશ્ચય કર્યો હતો. તેટલી વારમાં તો તમે આ બધું બોલ્યા.

હવે અમારો જીવ સ્થિર થયો છે. તલભાર પણ ઉદાસીનતા રહી નથી. જો તમે આટલું ન બોલ્યા હોત તો સવારમાં તમે કોઈ અમને દેખત નહિ. મુનિરાજ, હવે તમારે નિરંતર અમારી પાસે રહેવું. અમારી પાસે કોઈ વિપરીત વાત આવે છે ત્યારે અમે વારંવાર ઉદાસ થઈ જઈએ છીએ. વિપરીત વાતને સવળી કરી દે એવા ચતુર તો કોઈક જ આદમી હોય..! એવા તો દરબાર જીવા ખાચર છે. તે અમારા દેખવામાં આવ્યા છે. તેઓ સંસારમાં રાત દિવસ લોભાયેલા રહે છે. તેમને કથામાં લેશમાત્ર પણ પ્રેમ નથી અને જેને કથામાં પ્રેમ ન દેખાય તે અમને બહુ ગમતા નથી.

ભગવાનની કથા, વાર્તા અને કીર્તન જે કરે છે તેના અમે વખાણ કરીએ છીએ. આ જીવને અનંત યુગથી સંસારમાં મન ચોંટી રહ્યું છે. તે મનને સંસારમાંથી ઉખેડવાનો જે અભ્યાસ કરે છે તેને દેખીને અમે પ્રસન્ન થઈએ છીએ. કેમ જે, જીવને આટલું જ કામ કરવાનું છે તેને તે તત્પર થઈને કરે છે. અમને તેના ઉપર રોજ રોજ વધારે હેત થાય છે અને જેને અમે સંસારમાં લોભાયેલો દેખીએ છીએ તેનાથી અમારું ચિત્ત તૂટી જાય છે. હરિભક્ત થવા છતાં સંસાર અને શરીર ઉપર જ્યાં સુધી દોડ રહે છે ત્યાં સુધી તેને અમે બાળકના જેવો માનીએ છીએ. જ્યાં સુધી મોહ રહે છે ત્યાં સુધી તેમાં વિઘ્ન રહ્યું છે. આવી જેને સમજણ હોય ત્યાં સુધી તેને સત્સંગ રહે છે. જે સંતોને નિર્દોષ દેખે છે અને હરિભક્તોને નિર્દોષ કહે છે તેના ઉપર અમને ઘણું જ હેત થાય છે.

'અંતરમાં રાત દિવસ અપાર શાંતિ રહે' એવી વાતને શ્રીહરિ પ્રસન્ન થઈને ત્યારે કહેવા લાગ્યા. 'સત્સંગની, સંતોની અને હરિભક્તોની જ્યારે થોડી પણ સનાતન રીત ન રહી, શુદ્ધ ધર્મની રીત અને શુદ્ધ વર્ણાશ્રમની પણ રીત જ્યારે ન રહી અને જ્યારે મોક્ષ લુપ્ત થઈ ગયો તે વખતે મરીચ્યાદિક ઋષિઓ અમારી પાસે આવ્યા. બંને હાથ જોડીને તે ઋષિઓએ અમારી સ્તુતિ કરી અને અમને ઉપર કહી તે સનાતન રીતના નાશની ચિંતા વ્યક્ત કરી. તે વખતે ધર્મદેવ પણ તેમની સાથે હતા. તેમણે કહ્યું કે, ભરતખંડની જેટલી ધર્મની રીત છે તેનો લોપ થઈ ગયો છે. ત્યારે અમે મનમાં વિચાર્યું કે આ ઋષિઓ ક્યારેય અમારી પાસે આવ્યા નથી. અમે ભરતખંડમાં હવે પ્રગટ થશું, એવો તેમને કોલ આપ્યો.

પ્રસિદ્ધ ધર્મ, ધર્મવંશના આચાર્ય સ્થાપવાને માટે

અમે કોશળ દેશમાં ધર્મદેવને ઘેર આવીને પ્રગટ થયા. હરેક બ્રહ્માંડમાં કેટલાએ બ્રહ્માઓ રહ્યા છે, તેમાંથી ભગવાનની યોગકળાના પારને યથાર્થ રીતે કોઈ પામી શકતા નથી. એક બ્રહ્મા વિપ્રને ઘેર આવીને બાળશર્માના રૂપમાં પ્રગટ થયા. તે બાળશર્માને ઘેર ધર્મ પુત્રના રૂપમાં પ્રગટ થયા. તે ઘણી આશ્ચર્યકારી વાત છે. મોટાની વાત મોટી હોય છે. તે બ્રહ્માની કલ્પનામાં પણ ન આવે. મનુષ્ય જેમ જેમ કલ્પના કરતો જાય છે તેમ તેમ મોટાનું મહત્ત્વ વધતું જાય છે. અપારનો પાર કોણ લઈ શકે ? અત્યારે તેનો પાર પામવો તે તો બાળબુદ્ધિ છે, એવું અમને દેખવામાં આવે છે. જેમાં બધી જ જાતના આશ્ચર્ય રહ્યા છે, તેનાથી કોઈ અધિક કહેવાતું નથી. એ રીતે સ્પષ્ટ વાત કહેવાય છે, છતાં અંતરમાં અશાંતિ રહે છે.

મને જેવો ઉત્તર આવડે છે તેવો મેં યથાર્થ રૂપમાં કહ્યો. હવે નિત્યાનંદસ્વામી શાંતિની વાત બતાવશે.' આમ કહીને શ્રીહરિએ બંને સંતોને રજા આપી. પછી પોતે પોઢી ગયા. નિત્યાનંદમુનિએ શાંતિની બધી વાત બતાવી દીધી. નિત્યાનંદસ્વામી મુક્તમુનિને કહે છે કે 'તમને શ્રીહરિ પ્રત્યક્ષ મળ્યા, તેમના જેટલા ચરિત્રો છે તે બધા રાત દિવસ સંભારવા તે જ એક શાંતિનો ઉપાય છે. ચરિત્રો સિવાય બીજી અપાર બાબતોને જે શીખી રાખવી તે બધું તો અશાંતિમય છે, એમ નારદમુનિએ વ્યાસજીની આગળ કહ્યું છે. આપને માટે તો ધર્મકુમાર શ્રીહરિ આ વખતે ધર્મના ઘરનો ત્યાગ કરીને સત્સંગમાં આવ્યા છે અને અધિક અધિક ઉત્તમ ચરિત્ર કરે છે.' નિત્યાનંદસ્વામીના વચન સાંભળીને મુક્તાનંદસ્વામીના દિલમાં તે વાતની ઘેડ બેસી ગઈ અને પછીથી શ્રીહરિના ચરિત્ર સંભારવા લાગ્યા અને દિલમાં અપાર શાંતિ થઈ.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૫૬-૫૭)

આ રીતે નિત્યાનંદ સ્વામી ઘણીવાર દેશકાળ, સમય-સંજોગને સમજીને તે પ્રમાણે વાતો કરી ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉદાસી ટાળતા. અને સંતો-ભક્તોને પણ સાચી સમજણ આપી સહુનું પોષણ કરતા.

### ➠ મોક્ષની સાચી રીત :

એકવખત શ્રીજીમહારાજ વિચરણ કરતા કરતા **મહેમદાવાદ** પધાર્યા. ગામના પાદરમાં વિશાળ વડલાની છાયા નીચે બિરાજમાન થયા હતા. ત્યારે ભક્તોએ વડની દક્ષિણ ડાળીએ પલંગનો હિંડોળો બાંધ્યો. ભગવાન શ્રીહરિ તેના ઉપર બેઠા. હરિભક્તોએ ચંદન-પુષ્પાદિકથી શ્રીજીમહારાજની પૂજા કરી છાતીમાં ચરણારવિંદ લીધા. પછી સંતોની પૂજા કરી સહુ સભામાં બેઠા. ત્યારે હિંડોળે બેઠા થકા ભગવાન શ્રીહરિએ **પ્રશ્ન** પૂછ્યો : "હે સંતો ! અત્યારે તમે અમારા ધ્યાન-ભજન અને પૂજનથી મોક્ષ માનો છો. તથા અમારા વચનને અમારા સંબંધવાળી વસ્તુઓ મોક્ષકારી માનો છો, પરંતુ અમે ન હોઈએ ત્યારે આ મુક્તમુનિનું ધ્યાન કરે તો મોક્ષ થાય કે ન થાય ? તે મંડળના **મુખ્ય સંતો** હોય તે વિચારીને બોલો."

ત્યારે સંતો કહે : "હે મહારાજ ! તેનો ઉત્તર અમને સુઝતો નથી." મહારાજ કહે : "એકથી આ પ્રશ્નનો **ઉત્તર** થાય એમ નથી. માટે બ્રહ્માનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, મોટા અખંડાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, કૃષ્ણાનંદ સ્વામી વગેરે સહુ ભેળા મળી વિચારો તો ઉત્તર સુગમ થાય. વ્યવહારિક બુદ્ધિને પણ સંતો મોક્ષકારી બનાવી દે છે. તમને બધાને પણ સંત મળ્યા ત્યારે અમારો નિશ્ચય થયો છે. માટે સમજીને ઉત્તર કરજો." પછી સંતો એકબાજુ જઈ પરસ્પર વિચાર કરી નિશ્ચય કરીને સભામાં આવ્યા. ભણનારા સંતોમાં એક નિત્યાનંદ સ્વામી જ યથાર્થ ઉત્તર સમજ્યા હતા. કૃષ્ણાનંદ સ્વામી શૂરવીર હતા. તે પ્રશ્નનો મર્મ સમજ્યા વિના બોલ્યા જે, "હે મહારાજ ! તમારા વિના બીજાનું ધ્યાન કરે તેને તો વ્યભિચારી કહેવાય. અમારે તમારા વિના બીજા કોઈનું કામ નથી." બીજા સંતો પણ તેમજ બોલ્યા, પરંતુ કોઈ પ્રશ્નનો મર્મ સમજી શક્યા નહીં. કારણ કે, જેને પ્રગટ ભગવાન કે તેમના સંતો વગેરે નથી મળ્યા એવા જે બાઈ-ભાઈ ભક્તજનો છે તેને કેમ સમજવું ? એવો પ્રશ્ન પૂછ્યો હતો. શ્રીહરિ કહે : "અમારો પ્રશ્ન તથા ઉત્તર નિત્યાનંદમુનિ યથાર્થ સમજે છે, માટે તે ઉત્તર કરે."

ત્યારે **નિત્યાનંદ સ્વામી** કહે : "હે મહારાજ ! મોટા સંતના વચનથી મોક્ષ થાય છે. મોટા સંતો ભગવાનના વચનને મોક્ષરૂપ માનીને વર્તે છે. પ્રગટ ભગવાનનું ધ્યાન-સ્મરણ કરે છે અને જન્મથી આરંભી અંતર્ધાન થાય ત્યાં સુધી પ્રગટના ચરિત્રો ગાતા રહે છે. આવા સંતને જે જેવા માને તેવો તેનો મોક્ષ થાય છે. શુકદેવજીના વચનથી પરીક્ષિત તરી ગયા. નારદના વચનથી પ્રહ્‌લાદ, પ્રિયવ્રત, ધ્રુવ, દક્ષના દસહજાર પુત્રો, ચિત્રકેતુ વગેરે તરી ગયા. નારદ પણ દાસીપુત્ર હતા. તે સંતની સેવા અને વચનથી તરી ગયા. સંતો દ્વારા અનંત જીવનો ઉદ્ધાર થયો છે, એમ તમામ શાસ્ત્રોમાં કહ્યું છે. ગોપ-ગોપીઓ શ્રીકૃષ્ણમાં પ્રેમ કરીને તરી ગયા, પૂતના વગેરે વૈરભાવથી તર્યા, પરંતુ સંતમાં વૈરભાવ રાખીને કોઈ તર્યો નથી. જેને શ્રેષ્ઠ ગુણોનું પણ અભિમાન ન હોય એવા સંતની માહાત્મ્ય અને શ્રદ્ધાથી સેવા કરવી ને તેમના વચનમાં વિશ્વાસ રાખવો તે મોક્ષની **પ્રગટ રીતિ** છે, કલ્યાણનો **યથાર્થ માર્ગ** છે. પરંતુ સંતનું ધ્યાન કરવું તે મોક્ષની રીતિ નથી." ત્યારે ભગવાન શ્રીહરિ કહે : "યથાર્થ ઉત્તર થયો." એમ કહી પુરના ભક્તો અપાર હાર લાવ્યા હતા તે ભગવાન શ્રીહરિએ ધારણ કરીને પછી **નિત્યાનંદ સ્વામી** આદિક સર્વે સંતોને પહેરાવ્યા. (શ્રીહરિ.મૃતસાગર : ૧૭/૮૨-૮૩-૮૪માંથી સંકલિત)

### ➠ વડતાલ દેશમાં નિત્યાનંદ સ્વામીને મોટેરા કર્યા :

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં **વડતાલ** તથા

**અમદાવાદ** એ **બે દેશ**ના આચાર્યોની સ્થાપના કરી ત્યારે **વડતાલ ગાદી**ના આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પાસે નિત્યાનંદ સ્વામીને મુખ્ય રાખીને **મોટેરા** કર્યા હતા. અને તે આચાર્ય સ્થાપનાની સભામાં ભગવાન શ્રીહરિએ સભાને સંબોધતા કહ્યું હતું કે, ''આ નિત્યાનંદ સ્વામી તે રઘુવીરજી મહારાજની **જીભ** છે. અને અખંડાનંદ સ્વામી તથા સ્વયંપ્રકાશાનંદ સ્વામી તે તેમની ભુજાઓ છે.'' પછી સ્વામી વગેરે સંતોએ જ સહુ સત્સંગીઓને આચાર્ય મહારાજશ્રીનું પૂજન-સેવન કેમ કરવું તે શીખવ્યું હતું. જેમ અમદાવાદ દેશમાં સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ આચાર્ય શ્રી અયોધ્યપ્રસાદજી મહારાજની જીભ બની, ત્યાં ખૂબ જ સેવા કરી હતી - તે રીતે નિત્યાનંદ સ્વામીએ વડતાલ દેશમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની જીભ બની સત્સંગની **અપાર સેવા** કરી હતી.

વડતાલ દેશના પ્રતિનિધિત્વની જવાબદારી પૂર્ણ રીતે પાર પાડવા નિત્યાનંદ સ્વામી નિશદિન કટિબદ્ધ રહેતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ અંતર્ધાન થયા પછી કેટલાક દિવસે સ્વામી **વડોદરા** પધાર્યા. આ સમય સંપ્રદાયને માટે **કઠિન કસોટી**નો હતો. કારણ કે, સંપ્રદાયની નવી નવી સ્થાપના થઈ હતી. તેમજ સંપ્રદાયના અતિ શુદ્ધ વર્તનથી બીજા દંભી અને પાખંડ ચલાવનારા ધર્મગુરુઓનું તેજ સ્વાભાવિક રીતે ઝાંખું થઈ ગયું હતું. તેથી તેમના તેજોદ્વેષને કારણે અનેક પ્રકારની ઉપાધિઓ ઊપજતી હતી. પોતાના જીવનની શુદ્ધિ વડે ઉજ્જવળ થઈ આ સંપ્રદાય સામે ઊભા રહેવાનું તેમાં બળ હતું નહીં. એટલે ઢોંગી ધર્માચાર્યો અને દેહરખા સાધુ-બાવાઓ, હરકોઈ પ્રકારે આ સંપ્રદાયને તોડી પાડવાના હેતુથી જ્યારે જ્યારે લાગ આવે ત્યારે સંપ્રદાયને અથવા તેમના આશ્રિતોને અપાર દુ:ખ આપતા. આથી પ્રતિદિન ઉત્પન્ન થતી ઉપાધિઓનું નિવારણ કરવા ઉપરાંત નવા સ્થાપેલ આચાર્યોની તથા સંપ્રદાયની પ્રતિષ્ઠાને કોઈ દુષ્ટ લોકો હાનિ ન પહોંચાડે એ માટે નિત્યાનંદ સ્વામી **સદા તત્પર** રહેતા.

ભગવાન શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને વડતાલ દેશના પ્રતિનિધિ તરીકે સેવા કરવાનું કહ્યું હતું, પરંતુ બંને દેશના સંતો-ભક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણના છે, આખો સંપ્રદાય પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનો જ છે. આવી વિશાળ ભાવના રાખી દેશના કે દેવના ખોટા અહં-મમત્વમાં સ્વામી બંધાયા નથી. ઉદાર દિલના અને મોટમના બની આખા સંપ્રદાયનું અને બંને દેશના આચાર્ય મહારાજશ્રીનું સ્વામીએ હિત કર્યું છે, પ્રતિષ્ઠા વધારી છે. અમદાવાદના વૈષ્ણવાચાર્યોએ મળી સંપ્રદાયને તોડવાનું ષડયંત્ર રચ્યું, ત્યારે વિના આમંત્રણે આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞાથી અમદાવાદ દેશમાં ગયા હતા. વળી, અમદાવાદ દેશમાં સારા વિદ્વાનોની જરૂરી પડી તો આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના કહેવાથી સ્વામીએ પોતાના મંડળના વિદ્વાન અને તેજસ્વી એવા પ્રસાદાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી જેવા સંતોને સંતમંડળ સાથે અમદાવાદ દેશના સત્સંગની વૃદ્ધિ માટે મોકલ્યા હતા. આ સંતોની પરંપરા હાલ પણ અમદાવાદ દેશમાં હયાત છે. તે સ્વામીની ઉદારતા અને વિશાળ ભાવનાના **પ્રત્યક્ષ પુરાવા** છે.

### ➠ વડતાલમાં નિત્યાનંદ સ્વામીએ સંતોને શ્રીજીમહારાજનો મહિમા કહ્યો :

સં. ૧૯૦૬માં કાર્તિકી સમૈયા બાદ ધનુર્માસના પ્રારંભમાં ૨૦ દિવસ સુધી વડતાલમાં **બંને દેશના આચાર્યો** ને બંને દેશના **સદ્‌ગુરુ સંતો** ભેગા થયા હતા. ત્યારે સભામંડપમાં ગોપાળાનંદ સ્વામીએ મહારાજના **સર્વોપરી મહિમા**ની અતિશે વાતો કરી. તે સાંભળીને નિર્ગુણદાસ સ્વામી કહે : ''હે સ્વામી ! નિત્યાનંદ સ્વામી મહારાજને આમ કેમ નથી કહેતા ?'' ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે : ''અમે અને નિત્યાનંદ સ્વામી સરખું જ સમજીએ છીએ, પણ પાત્ર પ્રમાણે વાતો કરે.''

પછી બીજે દિવસે સવારમાં સંતો **નિત્યાનંદ સ્વામી** પાસે ગયા. ત્યારે મહાનુભાવાનંદ સ્વામી વગેરે અમદાવાદ દેશના તથા વડતાલ દેશના ઘણા સાધુ-બ્રહ્મચારી અને હરિભક્તો બેઠા હતા. તે વખતે સ્વામીએ શ્રીજીમહારાજના સર્વોપરી મહિમાની વાતો કરી. ત્યારે જ્ઞાનપ્રકાશાનંદ સ્વામી ભાગવતના દશમસ્કંધના ઉત્તરાર્ધના ૮૯મા અધ્યાયના ૬૧મા શ્લોકની, શુકાનંદ સ્વામીએ કરેલી ટીકાનો ખરડો લાવ્યા ને તે ટીકા નિત્યાનંદ સ્વામીને બતાવીને કહ્યું : ''શુકમુનિએ આ પ્રમાણે ટીકા લખી છે, ને મહારાજનો અતિ મહિમા કહ્યો છે; તે શાસ્ત્રમાં બાધ ન આવે ?'' ત્યારે નિત્યાનંદ સ્વામી ખિજાઈને કહે : ''શુકમુનિને સમજાણું તે પ્રમાણે લખ્યું છે. ને જે દિવસે મહારાજ પોતાનું સ્વરૂપ સમજાવતા તે દિ' તમે બ્રહ્માનંદ સ્વામીની પાટ નીચે માથું રાખી સૂતા, ને હમણાં બે અક્ષર ભણીને પંડિત થયા છો. તે બાધમાં તમે સમજો એટલું શુકમુનિ શું નહિ સમજતા હોય ?'' એમ કહી મહાનુભાવાનંદ સ્વામીને સ્વામી કહે : ''જીવને પરોક્ષ ગ્રંથોમાં, પરોક્ષ ભગવાનમાં અને પરોક્ષ સંતમાં જેવી પ્રતીતિ છે તેવી પ્રગટમાં નથી. વ્યાસ ભગવાનના ગ્રંથોમાં જેવો વિશ્વાસ છે તેવો વ્યાસ જેવા અનંત અવતારના અવતારી શ્રીજીમહારાજ તથા તેમના મોટા પરમહંસોની વાતોમાં વિશ્વાસ નથી. સાચું સમજીએ છીએ, પણ સહુનું ભલું થાય એમ વાત કરીએ છીએ. પરંતુ જીવનું કલ્યાણ તો ભગવાન શ્રી સ્વામિનારાયણને જેમ છે તેમ સમજવાથી જ થાય છે.'' આટલી વાત કર્યા પછી નિત્યાનંદ સ્વામીએ વાતના પ્રમાણ માટે ભગવાન શ્રીહરિ **સમકાલીન**નો એક **પ્રસંગ** કહ્યો.

એકવખત **સંતદાસજી** બદરિકાશ્રમથી **જેતલપુર** આવ્યા. ત્યારે સંતો તેમને પૂછવા લાગ્યા કે, ''બદરિકાશ્રમ કેવું

છે ? ત્યાં મુક્તો કેમ રહે છે ? નરનારાયણ ઋષિ શું કરે છે ?'' ત્યારે સંતદાસજી હસીને કહે : **''મહાપુરુષ ક્યા પૂછતે હો ? જેહિ હે સો આંહી હૈ, આંહી હે સો કાંહી નહીં હૈ. તહાં હૈ સો આંહી કા ભજન કરતા હૈ.''** આ મૂર્તિના દર્શન તો સહુને અતિ દુર્લભ છે. આ રીતે નિત્યાનંદ સ્વામીએ સંતદાસજીના મર્મે કરીને શ્રીજીમહારાજના સ્વરૂપને સર્વઅવતારના અવતારી સર્વોપરી જાણવાની વાત કરીને સૌ કોઈને ભગવાન શ્રીહરિનો સર્વોપરી મહિમા સમજાવ્યો. પછી ત્યાંથી નિર્ગુણદાસજી સ્વામી વગેરે સંતો ગોપાળાનંદ સ્વામીના દર્શને ગયા. ત્યારે સ્વામીએ અંતર્યામીપણે જાણી તેમને કહ્યું : ''કેમ, નિત્યાનંદ સ્વામીએ જેમ છે તેમ વાર્તા કહી કે નહિ ?'' એટલે તેઓ કહે : ''સ્વામી ! નિત્યાનંદ સ્વામીએ યથાર્થપણે મહારાજની સર્વોપરીતાની વાર્તા કહી.'' (શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો : ૧૦૨)

### નિત્યાનંદ સ્વામીની ધર્મ-મર્યાદાની દૃઢતા :

એકવખત આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **ઉના** ગામ પધારતા હતા. સાથે નિત્યાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ હતા. વચ્ચે રસ્તામાં રાત્રે **ડુંગર** ગામના પાદરમાં મુકામ કર્યો. ત્યાં નિત્યાનંદ સ્વામીએ આચાર્ય શ્રી **રઘુવીરજી મહારાજ**ને કહ્યું : ''અમો તમારી સાથે નહીં આવીએ, કેમ જે, ગાદીવાળા તથા સાંખ્યયોગી સ્ત્રીઓ અને ત્યાગી-સાધુ તથા પાળાઓ સૌ સાથે ચાલે તે સારું નહિ.'' એમ રઘુવીરજી મહારાજને નિત્યાનંદ સ્વામીએ કહ્યું.

પછી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી**ને બોલાવ્યા. અને તેમની આગળ તે વાત કરી જે નિત્યાનંદ સ્વામી આવી રીતે હોવાથી સાથે આવવાની ના પાડે છે. અને કહે છે જે, ''કાં તો ગાદીવાળા નહિ ને કાં તો અમે નહીં. તો હવે તેનું કેમ કરવું ?'' પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા : ''શ્રીજીમહારાજ સર્વે સારા વાનાં કરશે.'' પછી રાતના બે વાગે નિત્યાનંદ સ્વામી જાગ્યા અને સૌ સંતોને જગાડ્યા. પછી સૌને કહ્યું : ''ગાદીવાળા આગળથી જાય ને તેમની રક્ષા માટે દસ પાર્ષદ સાથે જાય. અને ત્યાગી સૌને તેમની પછવાડે એક કોસ દૂર રહેવું.'' એમ સૌને આજ્ઞા કરી, એટલે સૌ તૈયાર થઈ ગયા. પછી ગાદીવાળા તથા સાંખ્યયોગી બાઈઓને આગળ ચાલતા કર્યા, ને પાછળ ધર્મમર્યાદા રહે એટલે દૂર સંઘ ચાલ્યો; ને તેની પાછળ ત્યાગી સંતો ચાલ્યા.

પછી રસ્તામાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું : ''હે સ્વામી ! તમે ન હોત તો અત્યારે શું થાત ? નિત્યાનંદ સ્વામીની વાત પણ સાચી હતી. તેથી તેમને કોઈથી કાંઈ કહી શકાય નહિ.'' પછી ગોપાળાનંદ સ્વામી કહે : ''નિત્યાનંદ સ્વામી બહુ સમર્થ છે, અને શ્રીજીમહારાજે તેમનામાં રહી પ્રેરણા કરી, એટલે બહુ સારું થયું.'' આમ, નિત્યાનંદ સ્વામી ધર્મમર્યાદાની દૃઢતા પોતે રાખતા અને સહુને રખાવતાં એવા સમર્થ હતા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૪૨)

### સદ્‌ગુરુ સંતોની અજોડ આત્મીયતા :

સં. ૧૯૦૬માં એકવખત સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી **વડતાલ**માં અતિ માંદા થયા. ત્યારે નિત્યાનંદ સ્વામી **વડોદરા** હતા. તેમણે પોતાના સાધુઓને ગોપાળાનંદ સ્વામીના દર્શન કરવા માટે મોકલ્યા. સાથે સંદેશો કહી મોકલ્યો જે, ''સ્વામીને કહેજો જે કાંઈક અનાજ જમે અને ભાવાનંદ સ્વામી તથા ધર્માનંદ સ્વામીએ સુકાયેલા ચંદનના લાકડાં જે તમારે માટે રાખી મૂક્યા છે, તે મારે કામમાં આવશે ને હું તમારી પહેલા ધામમાં જઈશ.'' પછી તે સંદેશો લઈને સંતો વડતાલ આવ્યા, ને ગોપાળાનંદ સ્વામી પાસે જઈ દંડવત કરી પગે લાગ્યા અને નિત્યાનંદ સ્વામીએ કહેલો સંદેશો કહ્યો.

તે સાંભળીને ગોપાળાનંદ સ્વામીએ પોતાના સેવક પુરુષાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : ''રાબ કરીને લાવો મારે પીવી છે.'' ત્યારે તે રાબ કરીને લાવ્યા, તે સ્વામીએ પીધી. પછી થોડા દિવસમાં ગોપાળાનંદ સ્વામી સાજા થઈ ગયા. આમ સદ્‌ગુરુ સંતો પરસ્પર એકબીજાનો મહિમા રાખતા અને આત્મીયતાથી વર્તતા. (શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૩ વાત - ૪૬)

સં. ૧૯૦૨માં આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી સુરતમાં પધરામણી કરી વડતાલ આવતા વચ્ચે પહોંચ્યા. ત્યારે ઉમરેઠમાં વિશેષ સત્સંગ નિત્યાનંદ સ્વામીએ કરાવેલો અને વડોદરામાં ગોપાળાનંદ સ્વામીએ અનેકને સત્સંગ કરાવ્યો હતો. પરંતુ આ બંને મહાપુરુષોએ પરસ્પર એકબીજા સંતનો મહિમા ત્યાંના સત્સંગીઓને કહ્યો હતો. તેથી વડોદરાના સત્સંગીઓને નિત્યાનંદ સ્વામીનો લાભ લેવાની ઈચ્છા અને ઉમરેઠના સત્સંગીઓને ગોપાળાનંદ સ્વામીનો લાભ લેવાની ઈચ્છા થઈ. તેથી બંને ગામના સત્સંગીઓએ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને વાત કરી. પરંતુ મહારાજશ્રી તો આ બંને સંતોને પૂછીને સત્સંગના કાર્યો કરતા ને સંતોને પોતાના આદર્શ માનતા, તેથી કોઈ નિર્ણય આપી શક્યા નહિ. તે વાત બંને સંતોએ જાણી, તેથી સાંજે સભામાં સામે ચાલી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''હું ઉમરેઠ જઈશ અને નિત્યાનંદ સ્વામી વડોદરા જશે. કારણ કે અમારા બંનેનો એક મત છે.'' આમ, આ બંને સદ્‌ગુરુ સંતોની પરસ્પર અજોડ આત્મીયતા હતી. ભગવાન શ્રીહરિ અંતર્ધાન થયા બાદ સંપ્રદાયના વર્તમાન બંધારણ, નિયમો વગેરે આ બંને સદ્‌ગુરુ સંતોએ સાથે રહીને બાંધ્યા હતા. ખંભાતનું મંદિર નિત્યાનંદ સ્વામીએ બાંધ્યું, પછી તેની પ્રતિષ્ઠા કરવાનું કાર્ય ગોપાળાનંદ સ્વામીને સોંપ્યું હતું.

જ્યારે અદ્‌ભુતાનંદ સ્વામી ધોલેરાથી વડતાલ રહેવા આવ્યા, ત્યારે નિત્યાનંદ સ્વામીએ પોતાના શિષ્ય અને વડતાલ મંદિરના મહંત અક્ષરાનંદ સ્વામી તથા ઉપેન્દ્રાનંદ સ્વામીને

ગોપાળાનંદ સ્વામીના મંડળના સંતો સાથે રહેવા મોકલ્યા. અને બુરજ નીચે તેમની રૂમ હતી તે અદ્‌ભુતાનંદ સ્વામીને ખાલી કરીને રહેવા માટે આપી હતી. જ્યાં હજી સુધી અદ્‌ભુતાનંદ સ્વામીની પરંપરાના સંતો રહે છે. આમ, બંને સદ્‌ગુરુ સંતોએ પોતાના શિષ્યોમાં પણ એકબીજાનો એવો મહિમા અને દિવ્યભાવની દૃઢતા કરાવી હતી.

### ➠ નિત્યાનંદ સ્વામીએ ચાતુર્માસમાં સંતોને પીરસવાનો નિયમ લીધો :

સં. ૧૯૦૭ની સાલમાં ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી - આ બંને સદ્‌ગુરુ સંતો વડતાલમાં સાત માસ સુધી ભેગા રહ્યા હતા. ત્યારે અષાઢ સુદ એકાદશી (નિમી એકાદશી) આવી. તે વખતે સભામાં સહુ સંતો નિયમ લેવા માંડ્યા. ત્યારે નિત્યાનંદ સ્વામીએ એવું નિયમ લીધું જે, 'મારે સંતોની પંક્તિમાં નિત્યે પીરસવું.' તે વખતે ત્યાં ગામ બોટાદના શેઠ ભગા દોશી તથા બીજા પાટીદારો બેઠા હતા. તેમણે વિચાર કર્યો કે, 'સ્વામી ચાતુર્માસ સંતોને જમાડવાના હોય તો આપણે સંતોને વારાફરતી પાકી રસોઈઓ આપવી.'

પછી તેઓ નિત્યે નવી રસોઈ આપે અને નિત્યાનંદ સ્વામી કેડે આડસોડે લુગડું બાંધીને સંતોને પંક્તિમાં પીરસવા પધારે. ત્યારે બીજા સાધુઓ લાડુનો ત્રાંસ લઈને આગળ ચાલે, તે સ્વામી તેમાંથી લઈને સંતોને પીરસતા જાય. એવી રીતે સ્વામીએ તે વખતે ચાર માસ સુધી સંતોને પંક્તિમાં પીરસ્યું હતું અને સહુ સંતોને અતિ રાજી કર્યા હતા. આમ, સ્વામી શરીરે પુષ્ટ હતા તોપણ સંતોનો અતિ મહિમા સમજીને પોતે એવું નિયમ રાખ્યું હતું. (જેને રોમ રોમમાં ભગવાન શ્રીહરિનો અતિશય મહિમા હોય તેને જ તેના નાના-મોટા દરેક સંતો-ભક્તોનો મહિમા, દિવ્યભાવ અને તેમની સેવામાં શ્રદ્ધા રહે છે. આપણે પણ આવા મહિમાવાન અને શ્રદ્ધાવાન બનીએ.)

(શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૩ વાત - ૪૭)

### ➠ નિત્યાનંદ સ્વામીની સાહિત્ય સેવા :

સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ અગાધ પાંડિત્ય તથા અચલ નિષ્કામ ભક્તિ વડે સંપ્રદાયની સર્વ પ્રકારની સેવા કરી છે. તેમાં સાહિત્યક્ષેત્રે સ્વામીનું મોટું યોગદાન છે. સ્વામીએ **શિક્ષાપત્રી**ની **ગુજરાતી** ટીકા કરેલી છે, જે ટીકા મૂળ શિક્ષાપત્રી જેટલી જ સંપ્રદાયમાં આજ દિન સુધી પ્રમાણભૂત ગણાય છે.

**શ્રીહરિદિગ્વિજય** : આ મહાગ્રંથમાં ભગવાન શ્રીહરિના સંપૂર્ણ મહિમા સાથે સૈદ્ધાંતિક તત્ત્વનિર્ણયમાં ઉપયોગી અનેક વિષયો ઉપર વર્ણન કર્યું છે. ૪૨૨૫ શ્લોકમાં રચાયેલા આ મહાગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો દિગ્વિજય પણ યથાર્થ રીતે વર્ણન કર્યો છે, એ સ્વામીની વિદ્વત્તાનો અનેરો નમૂનો છે.

**શાંડિલ્યસૂત્ર ભાષ્ય** : આ ગ્રંથમાં સ્વામીએ શ્રીજીમહારાજ દ્વારા માન્ય ભક્તિમાર્ગના તત્ત્વનો યથાર્થ નિર્ણય કર્યો છે. ભક્તિમાર્ગ જ સર્વ દર્શન-શાસ્ત્રો પૈકી વેદાંત-ઉપનિષદોને માન્ય સર્વોપરી સિદ્ધાંત છે. એમ તાત્ત્વિક રીતે પ્રતિપાદન કર્યું છે.

**હનુમત્કવચ** : આ કૃતિ ભગવાનના પરમ ભક્ત શ્રીહનુમાનજીની પ્રાર્થનારૂપ અને સકામ ભક્તો માટે પરમ સાત્ત્વિક સાધનારૂપ છે.

**શ્રી ભાગવતના પંચમ તથા દશમસ્કંધની ગુજરાતી ટીકા** : આ ગુજરાતી ટીકા સંપ્રદાયના સિદ્ધાંત પ્રમાણે શ્રીવ્યાસજીના અભિપ્રાયને અનુસરીને સ્વામીએ રચેલી છે.

**વિદુરનીતિની ગુજરાતી ટીકા** : મહાભારતમાં ધૃતરાષ્ટ્ર રાજાને પરમ શાંતિના ઉપાયરૂપે વિદુરજીએ કહેલી આ નીતિ સર્વને અતિ ઉપયોગી છે. તેની ગુજરાતી ટીકા સ્વામીએ વર્તમાનકાળે અતિ ઉપયોગી થાય તે રીતે કરી છે.

**શ્રી ભગવદ્‌ગીતા** : મહાભારતમાં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પોતાના પરમ સખા અર્જુનને તત્ત્વજ્ઞાનના અખૂટ ભંડારરૂપ આ મહાગ્રંથનો ઉપદેશ કર્યો હતો. તેનો ગુજરાતી ભાષામાં સ્વામીએ સરળ અને સુંદર અનુવાદ કર્યો છે.

**શ્રી કપિલગીતા** : શ્રીમદ્ ભાગવત ગ્રંથના તૃતીય સ્કંધમાં શ્રી કપિલ ભગવાને પોતાની માતા દેવહૂતિને કરેલ સદુપદેશરૂપ આ ગીતાનું સ્વામીએ સંસ્કૃતમાં સરળ અને સર્વોત્તમ ભાષ્ય કર્યું છે.

**ગુણવિભાગ** : શ્રીમદ્ ભાગવત ગ્રંથના એકાદશ સ્કંધના ભગવાન શ્રીકૃષ્ણે પોતાના ભક્ત ઉદ્ધવજીને કહેલ સર્વને અતિ ઉપયોગી આ ઉપદેશનું સ્વામીએ સંસ્કૃતમાં ભાષ્ય તથા ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.

**વૈકુંઠદર્શન** : ભગવદ્ ધામની પ્રાપ્તિનો માર્ગ બતાવતો આ પ્રબંધ શ્રેષ્ઠ છે.

**અવતારચરિત્ર** : રામકૃષ્ણાદિક અવતારોએ કરેલા અનેક દિવ્ય ચરિત્રોના સંગ્રહરૂપ આ ગ્રંથ છે.

**નિષ્કામશુદ્ધિ** : શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મ-મર્યાદા અને સૈદ્ધાંતિક મહાન ગ્રંથ શ્રી સત્સંગિજીવનના તૃતીય પ્રકરણમાં બ્રહ્માનંદ સ્વામીના પૂછવાથી ભગવાન શ્રીહરિએ નિષ્કામી વર્તમાનનો સુંદર ઉપદેશ આપ્યો છે. બ્રહ્મચર્યની દૃઢતા માટે આ ગ્રંથ આશીર્વાદરૂપ છે. એક અધ્યાયના નાનકડા આ ગ્રંથનો સ્વામીએ ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. આવા અનેક ગ્રંથો ઉપરાંત નિત્યાનંદ સ્વામીએ સંસ્કૃત ભાષામાં શ્રીજીમહારાજના મહિમા સભર **રુચિરાષ્ટક**, **વિશ્વમંગલ સ્તોત્ર** વગેરે અનેક છૂટક સ્તોત્રો પણ રચેલા છે.

**ધર્માખ્યાન ગ્રંથ** : સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીને શરીરે અશક્તિ વધવાથી સ્વામી લખી શકતા નહોતા, તેથી નિત્યાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું : "હે સ્વામી ! તમે મારા ગુરુ છો. જેથી હું તમારો સંકલ્પ સંપૂર્ણ કરીશ. તમે

શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાલન કરી છે એમ માનજો.'' એમ કહીને આ ગ્રંથ સ્વામીએ પછી સંપૂર્ણ કર્યો હતો. આવી રીતે સ્વામીએ સાહિત્યક્ષેત્રે સંપ્રદાયને ખૂબ મોટું યોગદાન આપ્યું છે.

સ્વામી પ્રકાંડ પંડિત હતા એટલું જ નહિ, પરંતુ શિલ્પશાસ્ત્રમાં પણ નિપુણ હતા. ગઢપુરમાં શ્રીલક્ષ્મીબાગમાં ભગવાન શ્રીહરિના પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર કર્યો હતો તે સ્થાનમાં સ્વામીએ સ્મૃતિ મંદિરનું નિર્માણકાર્ય કરાવ્યું હતું, તે તેમની નિપુણતાની સાક્ષી પૂરે છે.

સ્મૃતિમંદિર ગાથા : ભગવાન શ્રી સ્વામિનારાયણ દાદાખાચરના દરબારમાંથી જ્યારે લક્ષ્મીવાડીએ પધારતા ત્યારે મહારાજની માણકી હાલ જ્યાં સ્મૃતિ મંદિર છે ત્યાં જઈને ઊભી રહેતી હતી. પછી તે પૃથ્વીને મહારાજ નમસ્કાર કરે ત્યારે ઘોડી ત્યાંથી ચાલે. આવી રીતે ઘણા દિવસ નિત્યાનંદ સ્વામી આદિક સંતોએ જોયું હતું. પછી એકદિવસ નિત્યાનંદ સ્વામીને સંકલ્પ થવાથી તેમણે મહારાજને પૂછ્યું : ''હે મહારાજ ! આપ આ જગ્યાએ વારંવાર નમસ્કાર કેમ કરો છો ?'' ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ''સ્વામી ! આ સ્થાનમાં પૂર્વે હેડંબાનું વન હતું, આ ઠેકાણે (સ્મૃતિમંદિરે) એક વડનું વૃક્ષ હતું ત્યાં મારા સમગ્ર અવતારો વિશ્રાંતિ માટે બિરાજ્યા છે. તેથી આ સ્થાનનું માહાત્મ્ય વધારવા માટે હું આ સ્થાનને નમસ્કાર કરું છું, એટલા માટે જ માણકી ઘોડી અહીંથી ચાલે છે.'' આ રીતે શ્રીજીમહારાજે વાત કરી, તેથી નિત્યાનંદ સ્વામીએ શુકમુનિની પાસે તે સ્થાને પ્રથમ ખીલી ખોડાવીને પછી ત્યાં તુલસી ક્યારો પણ કરાવ્યો.

પછી જ્યારે ભગવાન શ્રીહરિ અંતર્ધાન થાય ત્યારે શ્રીજીમહારાજની પાલખીનું વિમાન સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની ઓરડી પાસે મૂકવામાં આવ્યું અને ત્યાં મહારાજના પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર કરવાનો ઠરાવ કરવા માંડ્યો. ત્યારે નિત્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું : ''હે સ્વામી ! બેઠકે શ્રીજીમહારાજે વાતો કરી હતી તે સાંભરે છે કે નહિ ? માટે મહારાજે શ્રીમુખે જે સ્થાનની પ્રશંસા કરી હતી તે સ્થાને ભગવાન શ્રીહરિનો અગ્નિસંસ્કાર કરો તો તે સ્થાને હું મંદિર કરાવીશ.'' પછી તે સ્થાનમાં પાલખી લાવીને બંને આચાર્ય મહારાજશ્રીએ મહારાજના પંચભૌતિક દેહની આરતી ઉતારીને અગ્નિસંસ્કાર કર્યો હતો. પછીથી જે ઠેકાણે શ્રીજીમહારાજના પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો તે સ્થાનમાં નિત્યાનંદ સ્વામીએ મંદિર કરાવીને ચરણારવિંદ પધરાવ્યા હતા. આજે **'સ્મૃતિમંદિર'** રૂપે સૌને દર્શન થાય છે. (શ્રી સહજાનંદ સ્વામિ ચરિત્ર : વાત-૯ના આધારે)

### ➠ શ્રીહરિદિગ્વિજયની રચનાથી ભગવાન શ્રીહરિની પ્રસન્નતા :

સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની આજ્ઞાથી 'શ્રીહરિદિગ્વિજય' નામનો મહાન ગ્રંથ ગઢપુરમાં ભગવાન શ્રીહરિની સમીપે રહીને જ કર્યો હતો. સ્વામી પોતે જ ગ્રંથના અંતમાં લખે છે : 'हरिदिग्विजयाख्योऽयं, स्वामिनारायणाज्ञया । तदन्तिके स्थितिं कृत्वा, कृतो दुर्गपुरे मया ।।' (૪૯/૬૩) - આ ગ્રંથ કેવો છે ? તો અનેક મનુષ્યોનું આત્યંતિક કલ્યાણ કરનારો છે. તમામ સંતો-ભક્તોની વાણીને શોભા આપનારો છે. વાંચવાથી કે સાંભળવા માત્રથી સકામ ભક્તોના તમામ મનોરથ પૂરનારો છે, નિષ્કામ ભક્તોને આત્યંતિક કલ્યાણ દેનારો છે અને સત્પુરુષોની સભામાં સર્વ પ્રકારે પ્રશંસા પામેલો છે.

આ ગ્રંથ જ્યારે સ્વામીએ પૂર્ણ કરી ગઢપુરમાં ભગવાન શ્રીહરિને સમર્પિત કર્યો. ત્યારે શ્રીજીમહારાજ અતિશય પ્રસન્ન થયા અને પોતાના કંઠમાં પહેરેલો પુષ્પનો હાર ઉતારી અતિ ભાવથી પ્રસન્નતાપૂર્વક સ્વામીને પહેરાવ્યો. સ્વામીના મસ્તકે અભય આપનારા બે હાથ મૂક્યા. પછી જેમ ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને પાદુકા આપી હતી, તેમ ભગવાન શ્રીહરિએ પોતાની એક જોડ પાદુકાઓ સ્વામીને પૂજવા માટે આપી. વળી, અતિ પ્રસન્ન થઈ બીજી એક જોડ પાદુકાઓ સ્વામીને પહેરવા માટે પણ આપી અને સદા સેવવા માટે એક બાળલાલજી શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ આપી. તે જોઈને સ્વામી કહે : ''હે નાથ ! હું તો સર્વાવતારી, સર્વના કારણ એવા આપનો ઉપાસક છું. માટે તમો મારી ઉપર રાજી થયા હો તો મને તમારી જ મૂર્તિ આપો. કારણ કે, તમારી મૂર્તિની સેવાથી જ મને અંતરમાં શાંતિ થશે.'' પછી ભગવાન શ્રીહરિએ અતિ પ્રસન્ન થઈ નિત્યાનંદ સ્વામીને પૂજવા માટે પોતાની જમવા બેઠેલાં ભાવની મૂર્તિ પણ આપી.

ત્યારે પ્રાર્થના કરતા સ્વામી કહે : ''હે મહારાજ ! મારી વાણીમાં અખંડ આપના ગુણગાન ગવાય, અને મારા ચિત્તમાં અખંડ આપ નિવાસ કરીને રહો. આપની પ્રસન્નતા અખંડ મારા ઉપર રહો. મારે ચતુર્ધામુક્તિ નહીં, પરંતુ આપની પ્રસન્નતા જ જોઈએ છે અને એ જ મારી ભક્તિ છે, મારો આનંદ છે.''

(ભગવાન શ્રીહરિની જમતી-બાળલાલજીની મૂર્તિ અંતે ગુણાતીતાનંદ સ્વામીએ માગી ત્યારે તેમને નિત્યાનંદ સ્વામીએ પ્રસન્ન થઈ આપી હતી. જે હાલ જૂનાગઢ મંદિરમાં મધ્યખંડમાં નિત્ય દર્શન આપે છે. અને સ્વામીને પહેરવા શ્રીજીમહારાજે જે પાદુકાઓ આપી હતી તે સ્વામીએ રાખી હતી. જે હાલ વડતાલમાં સંતોની ધર્મશાળામાં નિત્યાનંદ સ્વામીના આસને સહુને દર્શન માટે પધરાવેલી છે.)

### ➠ નિત્યાનંદ સ્વામીએ ગઢપુર લક્ષ્મીબાગમાં કરેલ સ્મૃતિ મંદિર :

શ્રીજીમહારાજ અંતર્ધાન થયા ત્યારે મહારાજના પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર લક્ષ્મીબાગમાં કર્યો હતો. એકદિવસ પ્રભુપ્રેમમાં તથા વિરહમાં ઝૂરતા નિત્યાનંદ સ્વામી ત્યાં ગયા. અને જ્યાં ભગવાન શ્રીહરિનો અગ્નિસંસ્કાર કર્યો

હતો, તે સ્થળે ધ્યાન કરવા બેઠા. ત્યારે ભગવાન શ્રીહરિએ સ્વામીને દિવ્યસ્વરૂપે દર્શન આપ્યું. તે જ સમયે પૃથ્વીએ મૂર્તિમાન આવી શ્રીજીમહારાજને પ્રાર્થના કરી જે, ''હે નાથ ! આ ભૂમિ અતિ પવિત્ર છે. માટે આંહી મંદિર કરી મને પાવન કરો.'' પછી સ્વામીને સુંદર શિખરવાળું એક મંદિર દેખાયું. પછી સ્વામી ધ્યાનમાંથી જાગ્યા, ત્યારે સર્વે દેવોએ તથા પૃથ્વીએ આવી સ્વામીને એ સ્થળે સુંદર મંદિર કરવા માટેની પ્રાર્થના કરી અને કહ્યું : ''તમને કોઈ વાતની અડચણ નહિ આવે.'' એમ કહી સહુ અદૃશ્ય થયા. પછી સ્વામી લક્ષ્મીબાગથી મંદિરે પોતાના આસને પધાર્યા. બીજે દિવસે સવારે વણિકવેશે કુબેર ભંડારીએ આવી સ્વામીની પૂજા કરી. અને મંદિર માટે જોઈએ એટલું દ્રવ્ય આપ્યું. સ્વામીએ સહુ સંતો-ભક્તોની અનુમતિ લઈ ત્યાં મંદિર કરવાનું નક્કી કર્યું. સં. ૧૮૮૭ વસંતપંચમીનું મુહૂર્ત આવ્યું. તે દિવસે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા સહુ સંતોની હાજરીમાં ધામધુમથી વેદોક્ત વિધિએ ખાતમુહૂર્ત કર્યું. તે સમયે દેવોએ આકાશમાંથી ચંદન-પુષ્પની વૃષ્ટિ કરી. સહુને અતિ આનંદ થયો. વિશ્વકર્માએ જામનગરમાં જેઠા શિલ્પીને દર્શન આપીને કહ્યું : ''ગઢપુર લક્ષ્મીબાગમાં નિત્યાનંદ સ્વામી મંદિર કરે છે, તો તું ત્યાં સ્વામીની મદદમાં જાજે.'' તેથી જેઠાભાઈ શિલ્પી જામનગરથી તત્કાળ ગઢપુર આવ્યા. અને નિત્યાનંદ સ્વામીને મળીને મંદિરનું કામ કરવાની જવાબદારી માથે લીધી.

**'નિત્યાનંદાદિને ગમ્યું એહ, કરવા માંડ્યું મંદિર તેહ;**
**ઘણા સંત કરે તહાં કામ, લેતા સ્વામિનારાયણ નામ.**
**વર્ષ કાંઈક જ્યાં વિતિ ગયું, પાદુકા સ્થાપવા જોગ થયું;**
**નિત્યાનંદે ને ઉત્તમરાયે, પુંજા શેઠે વિચારિયું ત્યાંયે.'**

(શ્રીહરિલીલામૃત : ૧૦/૮/૩૪-૩૫)

'હવે પાદુકા (ચરણારવિંદ રૂપે) પધરાવી શકાય એવું મંદિર તૈયાર થઈ ગયું છે, માટે વડતાલથી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને તેડાવીએ.' પછી આચાર્ય મહારાજશ્રીને તેડાવ્યા. તેઓ કુટુંબ પરિવાર સહિત આવ્યા. મંદિર જોઈ તેઓ અતિ રાજી થયા. સં. ૧૮૮૮ના મહા સુદ - ૩નું મુહૂર્ત આવ્યું તે પ્રમાણે દેશોદેશ કંકોત્રીઓ લખાવી. અમદાવાદથી રામપ્રતાપભાઈ પણ પરિવાર સહિત ગઢપુર પધાર્યા. અનેક સંતમંડળો તથા હરિભક્તોના સંઘ આવ્યા. સહુને યથાયોગ્ય ઉતારા આપ્યા. પ્રતિષ્ઠા પ્રસંગે રૂડો યજ્ઞ કર્યો. પછી નિત્યાનંદ સ્વામીને ભગવાન શ્રીહરિએ પૂજવા આપેલી (ચરણારવિંદની તક્તીરૂપ) પાદુકાની સ્વામીએ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના હસ્તે વેદોક્ત વિધિથી પ્રતિષ્ઠા કરાવી. આરતી ઉતારી, સર્વત્ર જય જયકાર થયો. તે વખતે :-

**'સૌએ મૂર્તિને મનમાં સંભારી, પ્રાર્થના પાદુકાની ઉચ્ચારી.**
**સુખ પ્રગટના સાંભરી આવ્યાં, આંસુ આવ્યાં તે તો અટકાવ્યાં;**
**શ્રીહરિના વિજોગનો ત્યાંય, અતિ વિરહ વધ્યો મનમાંય.**
**પ્રભુ તવ મૂરતી વિનોદકારી, પળ પણ તે વિસરે નહી વિસારી;**
**ચરણજુગલ સોળ ચિહ્ન જેહ, નજર સમીપ તરે અમારી તેહ.**
**થયું આશ્ચર્ય ત્યાં એહ ટાણે, તે તો જોનાર સૌ જન જાણે;**
**કોટિ સૂર્ય શશાંક સમાન, તેજ પ્રગટ થયું તેહ સ્થાન.**
**તેમાં મૂર્તિ મહાપ્રભુ કેરી, દીઠી સૌ જને સરસ ઘણેરી;**
**દીઠા અક્ષરમુક્ત અપાર, ઉચ્ચરે મુખ જયજયકાર.'**
**દીઠી સૌ જને સરસ ઘણેરી; દીઠા અક્ષરમુક્ત અપાર,**
**ઉચ્ચરે મુખ જયજયકાર.'** (શ્રીહરિલીલામૃત : ૧૦/૮/૪૮-૬૬)

જ્યારે નિત્યાનંદ સ્વામી તથા સર્વે સંતો-ભક્તો મહારાજને પ્રાર્થના કરી ત્યારે સૌ કોઈને મહારાજના વિરહથી આંખોમાં આંસુ આવવા લાગ્યા. તેથી મહારાજે અનંત અક્ષરમુક્તો સાથે પ્રગટ થઈને દર્શન આપીને કહ્યું : ''હે સંતો-ભક્તો ! હું આ સત્સંગમાં સદા પ્રગટ છું. અમારી પધરાવેલી ગોપીનાથજી આદિક મૂર્તિરૂપે હું સહુને દર્શન આપું છું અને આપતો રહીશ. તમે જે કાંઈ અર્પણ કરો છો તે હું જ સ્વીકારું છું અને સૂર્ય-ચંદ્ર રહે ત્યાં સુધી સ્વીકારતો રહીશ. માટે કોઈ મને ધામમાં ગયો ન સમજતા, દિલને દુઃખી ન કરતા. આનંદમાં રહી મારું ભજન કરજો.'' એમ કહી ભગવાન શ્રીહરિ અંતર્ધાન થયા.

પછી હજારો બ્રાહ્મણો તથા સંતો-હરિભક્તોને જમાડ્યા. ગોપાળાનંદ સ્વામીએ તે સ્થળનો મહિમા કહ્યો. તે સમયે અસંખ્ય દેવો તથા ઈશ્વરોએ મંદિરની પ્રદક્ષિણા કરી. ત્યાંની ચરણરજને મસ્તકે ચઢાવી. ભગવાન શ્રીહરિની પ્રાર્થના કરી સહુ પોતપોતાના સ્થાનકે ગયા. તેને દિવ્યદૃષ્ટિવાળા વિધાત્રાનંદ સ્વામી વગેરે સંતોએ પ્રત્યક્ષ જોયું ને સહુ સંતો-ભક્તોને વાત કરી. તેથી સહુને મહાઆનંદ થયો. આ રીતે નિત્યાનંદ સ્વામીએ ગઢપુરમાં લક્ષ્મીવાડીમાં મંદિર કરાવી પોતાને શ્રીજીમહારાજે પૂજવા આપેલી પાદુકાઓ ત્યાં પધરાવી સત્સંગનું મોટું સેવાકાર્ય કર્યું હતું.

આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજે 'શ્રીહરિલીલામૃત' ગ્રંથના કળશ ૧૦ વિશ્રામ ૮માં આ સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા પ્રસંગની સવિસ્તાર નોંધ લીધી છે.

**'એહ ભૂમિ મહિમા અપાર છે, તે ભવાબ્ધિજળ તારનાર છે;**
**પાપવાન જન આવીને અહીં, જો કરે જપ-તપાદિ તે કહી.**
**અન્ય તીર્થ જપ કોટિઘા કરે, એટલું જ અહિં એકથી સરે;**
**સંત વિપ્ર અહિં જે જમાડશે, તેહને પ્રભુ ઘણું પમાડશે.**
**દીન જાણી જન દાન જે કરે, તેનું પુણ્ય અવિનાશી થૈ ઠરે;**
**આ સ્થળે સ્મરણ જો કરે નકી, છૂટી જાય જમજાતના થકી.'**

(શ્રીહરિલીલામૃત : ૧૦/૮/૭૮-૮૦)

**નિત્યાનંદ સ્વામીના આશીર્વાદથી પુત્રનો જન્મ થયો :**

એકવખત નિત્યાનંદ સ્વામી પોતાના સંતમંડળ સાથે બોટાદ પધાર્યા. મંદિરમાં ઉતારો કર્યો. ભગા દોશી, રામજીભાઈ પારેખ, મૂળચંદભાઈ પારેખ વગેરે હરિભક્તો દંડવત પ્રણામ કરી સ્વામી પાસે બેઠા. ભગા દોશી સીધું લાવ્યા. સંતોએ રસોઈ બનાવી. સહુ સંતો જમ્યા. સાંજે સભા થઈ. સ્વામીએ સભામાં ભગવાન શ્રીહરિના મહિમાની વાતો કરી. તે સમયે ગિરધરભાઈ વડોદરિયાએ સ્વામીને પ્રાર્થના કરી :

"હે સ્વામી ! મને કાંઈક સેવા બતાવો. તમે જેમ કહો તેમ હું કરીશ."

ત્યારે સ્વામી કહે : "ગઢપુરમાં ભગવાન શ્રીહરિના પંચભૌતિક દેહના અંતિમ સંસ્કાર કર્યા તે સ્થળે મેં શિખરબધ્ધ મંદિર કરાવ્યું છે. તે હવે છોવરાવવું છે. માટે તેની સેવા તમે કરો." ત્યારે ગિરધરભાઈ કહે : "ભલે સ્વામી ! હું જે થશે તે ખર્ચ આપીશ, તમે ત્યાં જઈને મંદિર છોવરાવો."

પછી સ્વામી સંતમંડળ લઈ બીજે દિવસ ગઢપુર પધાર્યા. ભાવનગર તથા જામનગરથી કડિયાઓને બોલાવીને સ્મૃતિ મંદિરનું છોવરાવવાનું કામ શરૂ કરાવ્યું. જોતજોતામાં તે કામ પૂરું થયું. ત્યારે બોટાદથી ગિરધરભાઈ વડોદરિયાને તેડાવ્યા. તેમણે આવીને સ્વામીએ જે ખર્ચો કહ્યો તે પ્રમાણે તમામ રૂપિયા ચૂકવી દીધા. પછી ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરતા કહ્યું : "હે સ્વામી ! હવે અહીં લક્ષ્મીવાડીમાં રસોઈ કરાવી સર્વે સંતો-બ્રહ્મચારી-પાર્ષદો-કડિયા તથા હરિભક્તોને જમાડો." સ્વામીએ તેમની ભાવના મુજબ બીજે દિવસે ત્યાં થાળ કરાવ્યો. જ્યારે પંક્તિ પડી ત્યારે સ્વામીએ જ સહુને અતિ ભાવથી પીરસ્યું. પછી શ્રીજીમહારાજની બેઠકની જ્યાં છત્રી છે, ત્યાં સભા કરીને બેઠા. તે સમયે બોટાદવાળા ગિરધરભાઈ આવ્યા, દંડવત કરી પગે લાગીને સભામાં બેઠા. નિત્યાનંદ સ્વામી જાણતા હતા કે, 'તેમની ઉંમર ૪૫ વર્ષની છે, પરંતુ એક પણ પુત્ર નથી.' તેથી સ્વામીએ તેમને અતિ રાજી થઈ આશીર્વાદ આપતા કહ્યું : "શ્રીજીમહારાજ તમને એક સારો પુત્ર આપશે. જે મહાન ભક્ત થશે." સ્વામીના આશીર્વાદ લઈ ગિરધરભાઈ પાછા બોટાદ આવ્યા. સમય જતાં તેમને ત્યાં નિત્યાનંદ સ્વામીના આશીર્વાદથી એક પુત્રનો જન્મ થયો. તેનું 'મણિલાલભાઈ' નામ રાખ્યું હતું. એમ જે મોટાપુરુષને રાજી કરે તેના સંકલ્પો ભગવાન શ્રીહરિ સત્ય કરે છે. તેથી જ સ્વયં શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૫૮મા વચનામૃતમાં કહે છે : "અતિશય જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે. અને મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય."

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ - ૩ : વાત ૪૮૯)

### ➠ જીવનમાં પૂર્ણતા :

સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ જે અર્થે પૃથ્વી પર અવતાર લીધો હતો, તે કાર્ય તેમનું પૂર્ણ થયું. અંતરમાં અતિ આનંદ થયો. પછી ભવિષ્યના ભક્તોની અને સત્સંગની ચિંતા સ્વામીને થઈ. તેથી પોતાના સુજ્ઞ શિષ્યોને પાસે બોલાવ્યા. સ્વામી પોતે યોગકળામાં નિષ્ણાત હતા. આ યોગકળાને પ્રતાપે જ પોતે ભૂત-ભવિષ્યનું જાણી શકતા. બ્રહ્મચર્યવ્રતમાં દૃઢ રહેતા અને ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં એકતા અનુભવી શકે એવી સિદ્ધિને પામ્યા હતા. આ તમામ યોગકળા પોતાના શિષ્યોને શીખવી અને સહુની કામ-ક્રોધરૂપી દોષોની ઉપાધિ ટાળી સમર્થ બનાવ્યા. જેની નોંધ લેતા **'આચાર્યોદય'** નામના ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી **વિહારીલાલજી મહારાજ** કહે છે :

**'એમ ઈચ્છાઓ પૂર્ણ કરીને, કર્યા રાજી બહુ જ હરિને;**
**સાઠ પરમહંસ હતા સાથે, કર ફેરવ્યો તેમને માથે.**
**પરમહંસ દશાને પમાડી, સહુની ટાળી ઉપાધિ તો આડી;**
**થયા તે પણ તેથી પ્રતાપી, સારી વિખ્યાતી વિશ્વમાં વ્યાપી.**
**મોટેરામાં શ્રી ભગવદાનંદ, જેને માને સહુ મુનિચંદ;**
**શિવાનંદજી શાંત સ્વભાવે, કળાનિધિ જનો જેને કા'વે.**
**કાંતિમય કપીલેશ્વરાનંદ, હરતા દાળીદર દુઃખના વૃંદ;**
**દહરાનંદજી દીનદયાલ, વિદ્વત્તામાં ઘણા જ વાચાળ.**
**શૂન્યાતીતાનંદજી સુધીર, તારે આત્મા ભવસાગર તીર;**
**પવિત્રાનંદ આપ પ્રત્યક્ષ, સારા વૈરાગ્યવાન સુદક્ષ.**
**ભૂમાનંદ ભ્રકુટી વિશાળ, વડા વેદ-શ્રુતિના વાચાળ;**
**પ્રજ્ઞાનંદજી તે પણ તેવા, અવની મધ્ય હવે નથી એવા.**
**કૃષ્ણજીવનદાસજી કહિયે, સ્વામીશ્રીના કૃપાપાત્ર લહિયે;**
**જીષ્ણુદાસ સભાસદ સંત, મળે એકે ન જોતા અનંત.'**

(૩૨/૮૨-૮૮)

આ તમામ સંતોએ મહામુક્તરાજ પ્રકાંડ પંડિત સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીની સેવા, સમાગમ કરીને તથા તેઓની આજ્ઞા-મરજીમાં રહીને પોતાનો જન્મારો સફળ કર્યો. એટલું જ નહીં, અનેક જીવોને પણ સર્વાવતારી શ્રીહરિમાં જોડી તેમના જીવનને પણ ધન્ય બનાવ્યું. આવા પોતાના સુજ્ઞ શિષ્યો ભવિષ્યમાં સંપ્રદાયની ઉજળી પ્રતિભાને સર્વત્ર ફેલાવશે. તેથી સ્વામી હવે પૂર્ણકામ થયા.

### ➠ સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીનો અક્ષરવાસ :

સં. ૧૯૦૮ને માગશર સુદ ૮ના રોજ નિત્યાનંદ સ્વામીએ માંદગી ગ્રહણ કરી. ભૌતિક દેહનો ત્યાગ કરીને ભગવાન શ્રીહરિની પાસે અક્ષરધામમાં જવાની ઈચ્છા કરી. તે વખતે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, બ્રહ્મચારી અખંડાનંદજી, બ્રહ્મચારી નારાયણાનંદજી, શૂન્યાતીતાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી વગેરે તમામ મોટા મોટા નંદસંતો તથા શવાજી અને રતનજી આદિક પાર્ષદો તથા અનેક હરિભક્તો - એ સહુ આવીને સ્વામીની પાસે બેઠા. અને સ્વામીના મંદવાડ અને ઉદાસીનતા જોઈને સહુ અતિશય દિલગીર થવા લાગ્યા. ત્યારે સ્વામીએ સહુને ધીરજ આપી. પછી આત્માનંદ સ્વામીની પાસે શ્રી સત્સંગિજીવનની કથા વંચાવી અને શ્રીજીમહારાજના મહિમાને હૈયામાં ધાર્યો. તે કથા પૂરી થઈ.

બીજે દિવસે પણ સહુ સંતો-ભક્તો આવી સ્વામી પાસે બેઠા. તે વખતે ગવૈયા સંતોને ઉપદેશ આપતાં સ્વામી કહે : ''શ્રીહરિની મૂર્તિને હૈયામાં ધારી સ્મૃતિ સાથે કીર્તન-ભક્તિ કરવી તે શ્રેષ્ઠ છે.''

ગવૈયા સંતો-ભક્તોને છેલ્લો ઉપદેશ :

**'નિત્યાખ્યજી સદ્ગુરુએ વિચારી, ગાનારને શિખ સુણાવી સારી; શ્રીભક્તિધર્માત્મજ કેરું ધ્યાન, ધરી ધરીને કરવું જ ગાન. જો પ્રેમે રાખે પ્રભુ મૂર્તિમાંય, ગાનારનું ચિત્ત પવિત્ર થાય; ગાનારને જો રસ અન્ય ભાસે, ગાનારની તો મતિ ભ્રષ્ટ થાશે. ગાવા વિષે નિર્લજ શબ્દ આવે, તે તો હવે સંત ભલા ન ગાવે; ગાઈ ગયા મુક્ત મહંત જેહ, એવા હતા સહુ અધિકારી એહ. રસિક ભક્તો બહુધા થયા છે, ઘણાક તેમાં નરકે ગયા છે; કલ્યાણ તો કોઈકનું થયું છે, એવી રીતે શ્રીહરિએ કહ્યું છે. જો પ્રેમ પૂરો પ્રભુમાં જણાય, રોમાંચ તેના તનમાંહી થાય; ગાનાર એવો જન ધન્ય ધન્ય, વાજિંત્રના નાદ સમાન અન્ય.'**

(આચાર્યોદય : ૩૧)

રસિક કીર્તન ગાય ને મનમાં ભૂંડા સંકલ્પ થાય તો તેનું અતિશય પાપ લાગે. તેણે કરીને જન્મમરણ તથા લખચોરાશીના દુઃખ ભોગવવા પડે છે. માટે બીજાને રીઝવવા રસિક કીર્તનો ગાવાં તે વેશ્યાના જેવી ભક્તિ કહેવાય. સંતો-ભક્તોની તે રીત નથી. સંતોએ તો ભગવાન શ્રીહરિનું ધ્યાન ધરીને કીર્તનો ગાવવા. એવી રીતે જો કીર્તન ભક્તિ કરશો તો તેમાં તમારું અને સાંભળનારનું બંનેનું હિત રહેલું છે.

આમ, સંતોને શિખામણ આપી. પછી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને કહે : ''બાપજી ! મતવાદીઓ જે દ્વેષ કરતા હતા તે હવે શાંત થયા છે. હવે કોઈ દ્વેષી લોકો સંપ્રદાયને તોડી પાડવા જેવો દ્વેષ નહિ કરે. મતવાદીઓ ઉપાધિ નહિ કરે. આપણો સંપ્રદાય આખા વિશ્વમાં ધીરે ધીરે વૃદ્ધિને પામશે. પરંતુ

**'હવે તમને કહું છું વિચારી, સુણી લેજો તે ચિત્તમાં ધારી;**
**મન રાખજો મોટું ઉદાર, કોઈનો ન કરો તિરસ્કાર.'**

શ્રીજીમહારાજે આપને આ સંપ્રદાય સોંપ્યો છે. માટે તમે કોઈનો તિરસ્કાર ક્યારેય ન કરશો, ઉદારતા રાખજો. મોટું મન રાખીને સર્વે સંતો-ભક્તો રાજી થાય તેવું કરજો. આપ કોઈ કાર્યમાં નિમિત્ત થઈને સંતો-ભક્તો નારાજ થાય એવું ન કરતા. કોઈનો કાંઈ અપરાધ હોય તો તેનો ન્યાય-નિર્ણય સંતોના પંચ પાસે કરાવજો. અને તમને કોઈ કંઈ કહેવા આવે તો દીલમાં દયા લાવીને તે સાંભળજો. અને દીનજન ઉપર દયાવાન થજો. વળી, કોઈનો કાંઈ અપરાધ હોય, મોટું વર્તમાન લોપ્યું હોય તોપણ તેનો ન્યાય-નિર્ણય પાંચ મોટા સંતો પાસે કરાવજો. ને કોઈનો અલ્પ-સ્વલ્પ દોષ કે અપરાધ હોય તો મોટું મન રાખીને ક્ષમા કરીને દરગુજર કરજો.' એમ કહી સ્વામી કહે : ''હવે મારે અક્ષરધામમાં જાવું છે. માટે મને સહુ રજા આપો.'' સ્વામીના આ વેણ સહુને વસમા લાગ્યા. તેથી દુઃખી હૃદયે સ્વામીના સદ્ગુણો સંભારી રુદન કરવા લાગ્યા. સહુને ઉદાસ જોઈને સ્વામી કહે : ''સહુ ધીરજ રાખજો, ભગવાન શ્રીહરિ તમારી સહાય કરશે. મહારાજ સત્સંગમાં સદા પ્રગટ રહ્યા છે તે ક્યારેય ભૂલતા નહીં અને દૂર છે તેવું પણ માનતા નહિ.''

**'શ્રીજી સત્સંગમાં રહ્યા છે, નહીં જાણવું દૂર ગયા છે; શિક્ષાપત્રી છે શ્રીજીનું રૂપ, પૂજવા યોગ્ય પરમ અનૂપ. ધરી તેને નૈવેદ્ય જમાય, એમ ઉચર્યા છે હરિરાય; કોઈએ પૂછ્યું'તું શ્રીજીને એમ, કેમ વર્તવું સમજવું કેમ ? ત્યારે બોલ્યા શ્રીહરિ સાક્ષાત, શિક્ષાપત્રીને પૂછો તે વાત; સઘળાં સતશાસ્ત્રોનો સાર, લખ્યો શિક્ષાની પત્રી મોઝાર. એમ વર્તે તે શિષ્ય અમારા, બીજા મુજ સંપ્રદાયની બા'રા; એવા શ્રીજીના વચન સંભારી, દૃઢ રાખજો બુદ્ધિ તમારી. જ્યાં સુધી એ વચન પળાશે, જાણો ત્યાં સુધી કલ્યાણ થાશે; જ્યારે વર્તશે સ્વેચ્છા પ્રમાણે, થાશે કલ્યાણ બંધ તે ટાણે.'**


(આચાર્યોદય : ૩૧)

આવી રીતે નિત્યાનંદ સ્વામીએ ઉત્તમ ઉપદેશ આપી સહુને ધીરજ દીધી. તે સમયે શુકાનંદ સ્વામીએ શ્રી સત્સંગિજીવન ઉપર કરેલી હેતુસંજ્ઞાટીકાનો ગ્રંથ તથા ગોપાળાનંદ સ્વામીએ રચેલું વ્યાસસૂત્રભાષ્ય આ બંને ગ્રંથો સ્વામી પાસે લાવીને મૂક્યા. સ્વામીએ બંને ગ્રંથની પૂજા કરી અને બંને સંતોને ધન્યવાદ આપ્યા. સં. ૧૯૦૮ માગશર સુદ એકાદશી, ગુરુવાર - તા. ૪-૧૨-૧૮૫૧ના રોજ બપોરે સ્વામી વડતાલની ધર્મશાળામાં ધ્યાનમગ્ન થઈ બેઠા. તે વખતે અચાનક તમામ સંતો-ભક્તોએ મોટો શીતળ શાંત તેજનો સમૂહ દીઠો.

**'આવ્યા પ્રત્યક્ષ શ્રીભગવાન, દીસે તે સાથે દિવ્ય વિમાન; જય સ્વામિનારાયણ કહીને, તજ્યું તન દિવ્ય દેહ ગ્રહીને. બેઠા દિવ્ય વિમાનમાં સ્વામી, સાથે લઈ ગયા અક્ષરધામી; દેહોત્તર ક્રિયા સંતોએ કીધી, જ્ઞાનબાગ વિષે યથાવિધિ.'**

(આચાર્યોદય : ૩૧)

ત્યારબાદ ભાવાનંદ સ્વામી તથા ધામાનંદ સ્વામીએ ત્યાંની વાડીમાંથી સૂકાં ચંદન તથા પીપળાના કાષ્ઠ લાવી રાખ્યા હતા. તેનાથી સ્વામીના દેહનો અગ્નિસંસ્કાર જ્ઞાનબાગમાં બેઠક છે ત્યાં કરવામાં આવ્યો. હાલ તે સ્થાનમાં સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીની સ્મૃતિ માટે ઓટો કરેલ છે. સ્વામીના ધામમાં જવાથી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા સંતો-ભક્તો અતિશે ઉદાસ થઈ અતિ શોક કરવા લાગ્યા. ત્યારે ભગવાન શ્રીહરિએ દર્શન દઈ સહુને ધીરજ આપી. સહુની દિલગીરી દૂર કરી. જેના વિયોગે દુઃખી થતા ભક્તોને શ્રીજીમહારાજ દર્શન આપી દુઃખ કાપતા હોય, એ સંત કેટલા મહાન હશે ? આવા પ્રકાંડ પંડિત, વિદ્વતવર્ય, મહાપ્રતિભા સંપન્ન, શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠાના મહાસ્રોત સમા અને નિર્માનીતાના પરમ આદર્શરૂપ એવા સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીના પાવન ચરણકમળમાં કોટિ કોટિ વંદન...



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી






**પધરામણી - ભાવનગર**

ભાવનગરને આંગણે ગુજરાત ભાજપા અધ્યક્ષ માન. શ્રી જીતુભાઈ વાઘાણીના નિવાસસ્થાને ઠાકોરજી સાથે પધરામણી કરતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.






**સત્સંગ સભા વડોદરા**

વડોદરા શહેરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી આગામી મહોત્સવના ઉપક્રમે યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી.

**ભવ્ય શાકોત્સવ ઉતરાજ**






વડતાલ પ્રદેશના ઉતરાજ (તા. સિનોર) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.


## પ.પૂ. બાળલાલજીશ્રી જન્મોત્સવ - ગોધરા




ગોધરા શહેરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ પંચમહાલ વિસ્તાર દ્વારા આયોજીત પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ બંને પ.પૂ. બાળલાલજીશ્રીનો જન્મોત્સવ તથા ભવ્ય શાકોત્સવ.


## પંચાબ્દી મહોત્સવ-નાંદોલી






વડતાલ પ્રદેશના નાંદોલી (તા. માતર)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'પંચાબ્દી મહોત્સવ' તથા પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ.

## યુવક મંડળ સ્નેહમિલન-ધંધુકા





ભાલ પ્રદેશના ધંધુકા શહેરને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ યુવક મંડળ સ્નેહમિલન.




## સમૂહ માઘસ્નાન ઉભરાટ-સુરત



ઉભરાટ-સુરત ખાતે યોજાયેલ સમૂહ માઘસ્નાનમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.


## ભવ્ય શાકોત્સવ-ખાંભા






જૂનાગઢ પ્રદેશના ખાંભા (રાજકોટ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.


## ભવ્ય શાકોત્સવ ખંભાત




## મહાપૂજા-વડતાલ



## ભવ્ય શાકોત્સવ-નાવડા





જૂનાગઢ પ્રદેશના નાવડા (તા. વંથલી) ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## પંચ દશાબ્દી મહોત્સવ-વાંસખીલીયા










વડતાલ પ્રદેશના વાંસખીલીયા (તા. આણંદ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'પંચ દશાબ્દી મહોત્સવ' તથા સપ્ત દિનાત્મક રાત્રિ વ્યાખ્યાનમાળા.

## વાર્ષિક પાટોત્સવ-ખુનવાડ






વડતાલ પ્રદેશના ખુનવાડ (તા. સંખેડા) ગામને આંગણે હરિમંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

## ભવ્ય શાકોત્સવ-ખરડ






ભાલપ્રદેશના ખરડ (તા.ધંધુકા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ-કાયાવરોહણ





વડતાલ પ્રદેશના કાયાવરોહણ (વડોદરા) ગામને આંગણે મંદિરમાં શ્રીગણપતિજી-હનુમાનજીની મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ-પીપળીયા


વડતાલ પ્રદેશના પીપળીયા (છોટાઉદેપુર) ગામને આંગણે શિવમંદિરમાં પ્રતિષ્ઠા કરતા તથા અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.


## વાર્ષિક પાટોત્સવ-પોઈચા




વડતાલ પ્રદેશના પોઈચા (વડોદરા) ગામને આંગણે હરિમંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

## ભવ્ય શાકોત્સવ-નિકોલ-અમદાવાદ



નિકોલ-અમદાવાદને આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## ભવ્ય શાકોત્સવ-પલાણા





વડતાલ પ્રદેશના પલાણા (તા. નડિયાદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## વાર્ષિક પાટોત્સવ-મેઘલપુર






વડતાલ પ્રદેશના મેઘલપુર (તા.સોજીત્રા) ગામને આંગણે હરિમંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## ભવ્ય શાકોત્સવ-સાધલી





વડતાલ પ્રદેશના સાધલી (તા. શિનોર)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.


## ભવ્ય શાકોત્સવ-વ્યારા






વડતાલ પ્રદેશના વ્યારા (તા. વાઘોડીયા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## ભવ્ય શાકોત્સવ-ત્રાલસા





વડતાલ પ્રદેશના ત્રાલસા (તા. ભરુચ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## વાર્ષિક પાટોત્સવ-જામવંથલી





જૂનાગઢ પ્રદેશના જામવંથલી (જામનગર) ગામને આંગણે હરિમંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## ભવ્ય શાકોત્સવ-ઢોલાર





વડતાલ પ્રદેશના ઢોલારને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## વિન્ટર શિબિર-શિકાગો











અમેરિકાના શ્રી સ્વામિનારાયણ મંદિર - વ્હીલીંગ-શિકાગોને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી સરધારનિવાસી પૂ. સંતોના સાન્નિધ્યમાં યોજાયેલ શિકાગો વિસ્તારના બાળ-યુવકોની વિન્ટર સત્સંગ શિબિર

## વિન્ટર શિબિર-ન્યુજર્સી



જૂનાગઢ પ્રદેશના જામવંથલી (જામનગર) ગામને આંગણે હરિમંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી લક્ષ્મીનારાયણ દેવ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી માળીયા (હાટિના) ગામને આંગણે

# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

॥ મહોત્સવ પ્રારંભ ॥
તા. ૨૮-૨-૨૦૧૭
ફાગણ સુદ - ૨

॥ મહોત્સવ પૂર્ણાહુતિ ॥
તા. ૬-૩-૨૦૧૭
ફાગણ સુદ - ૯

-:: મહોત્સવ સ્થળ ::-

'શ્રી સ્વામિનારાયણ ધામ' વકમાતબાપુની વાડી, માધવનગરની બાજુમાં, મું. માળિયા(હાટિના), તા.જી. જૂનાગઢ

સંપર્ક :- કોઠારી પ્રકાશભાઈ ભલગરીયા - મો. ૯૪૨૮૬૨૪૮૨૪ જેઠસુરભાઈ સિંઘવ - મો. ૯૭૧૨૪૯૪૦૯૫

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

## નૂતન હરિમંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવોની તિથિ તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૮-૩-૨૦૧૭ થી ૧૨-૩-૨૦૧૭ | ફાગણ સુદ - ૧૧ થી ફાગણ સુદ - ૧૫ | ફાગણ વદ - ૧ તા. ૧૩-૩-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર - સમની**, તા. આમોદ, જી. ભરુચ સંપર્ક :- મો. ૮૯૮૦૦૩૫૭૮૩, ૯૦૯૪૧૬૧૦૨ |
| ૨. | ૨૭-૪-૨૦૧૭ થી ૩-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૮ | વૈશાખ સુદ - ૫ તા. ૩૦-૪-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર - નાળિયેલી મોલી**, તા. ઉના, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૮૭૯૦૬૫૯૩૦, ૯૭૧૨૪૭૧૫૨૩ |
| ૩. | ૨૭-૪-૨૦૧૭ થી ૧-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૬ તા. ૧-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર**, ઘેટી દરવાજા, **પાલીતાણા**, જી. ભાવનગર સંપર્ક :- મો. ૯૪૨૬૩૪૩૮૮૩, ૯૭૨૫૦૨૩૨૬૫ |
| ૪. | ૧-૫-૨૦૧૭ થી ૭-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૬ થી વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨ તા. ૭-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર, કોટડા સાંગાણી**, જી. રાજકોટ સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૬૩૩, ૯૮૨૫૪૧૬૯૯૮ |
| ૫. | ૧-૫-૨૦૧૭ થી ૭-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૬ થી વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨ તા. ૭-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર, કોટડા પીઠા**, તા. બાબરા, જી. અમરેલી સંપર્ક :- મો. ૯૯૦૯૭૮૫૫૮૭ |
| ૬. | ૮-૫-૨૦૧૭ થી ૧૦-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧૩ થી વૈશાખ સુદ - ૧૫ | વૈશાખ સુદ - ૧૩ તા. ૮-૫-૨૦૧૭ | મુ. **ચાંપરડા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૪૨૮૭૭૬૩૪૯, ૯૭૧૪૩૯૩૦૨૫ |
| ૭. | ૪-૫-૨૦૧૭ થી ૮-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૯ થી વૈશાખ સુદ - ૧૩ | વૈશાખ સુદ - ૧૩ તા. ૮-૫-૨૦૧૭ | મુ. **પ્રેમપરા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૫૩૭૦૧૨૦૭૪, ૯૫૩૭૮૩૪૩૩૫ |

## કથાપારાયણ - મહોત્સવોની તિથિ તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૮-૨-૨૦૧૭ થી ૬-૩-૨૦૧૭ | ફાગણ સુદ - ૨ થી ફાગણ સુદ -૯ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. **માળીયા હાટીના**, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૪૨૮૬૨૪૮૨૪ |
| ૨. | ૧૬-૩-૨૦૧૭ થી ૨૨-૩-૨૦૧૭ | ફાગણ વદ - ૪ થી ફાગણ વદ - ૯ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ - **ઓસ્ટ્રેલિયા** | Bosnian-Hercegovian Cultural Centre, Lot 289 Beechbro Rd, NTH, Bennett Springs 6063WA - **AUSTRALIA** |
| ૩. | ૨-૪-૨૦૧૭ થી ૮-૪-૨૦૧૭ | ચૈત્ર સુદ - ૬ થી ચૈત્ર સુદ - ૧૨ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. **શ્રી સ્વા. મંદિર - આખા**, તા. માણાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૯૭૯૫૨૨૫૧૧ |
| ૪. | ૯-૪-૨૦૧૭ થી ૧૧-૪-૨૦૧૭ | ચૈત્ર સુદ - ૧૩ થી ચૈત્ર સુદ - ૧૫ | શ્રી સ્વામિનારાયણ બાળયુવા મહોત્સવ | મુ. **શ્રી સ્વા. મંદિર - સરધાર**, તા.જી. રાજકોટ સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૫ |
| ૫. | ૧૨-૪-૨૦૧૭ થી ૧૮-૪-૨૦૧૭ | ચૈત્ર વદ - ૧ થી ચૈત્ર વદ - ૭ | શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવ | **'નૂતન શ્રી સ્વા. મુખ્ય મંદિરનું મેદાન'** મહુવા સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૬૨૨/૩૫ |
| ૬. | ૧૧-૫-૨૦૧૭ થી ૧૭-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૧ થી વૈશાખ વદ - ૬ | શ્રીમદ્ સત્સંગિજીવન કથા મહોત્સવ | મુ. **બરફટાણા**, તા. રાજુલા, જી. અમરેલી. સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૬૩૧ |
| ૭. | ૧૭-૫-૨૦૧૭ થી ૨૫-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૬ થી વૈશાખ વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | **લેપ્રસી ગ્રાઉન્ડ, સરદાર એસ્ટેટ, આજવા રોડ, વડોદરા.** સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૯૨૫૧૪૧૦૦૮ |
| ૮. | ૨૦-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૯ | રત્નાકર મહોત્સવ | મું. **વડોદરા.** સંપર્ક :- મો. ૯૮૨૫૯૧૯૯૯૦ |

Swaminarayan Chintan, February-2017 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2017_RNI No. GUJGUJ-2013/47868

**નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - મેઘપુર**









જૂનાગઢ પ્રદેશના તથા સંપ્રદાયના વિદ્વાન પંડિતવર્ય **સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીની દીક્ષાભૂમિ - મેઘપુર** ગામને આંગણે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિર**નો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** તથા **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૧ થી ૩-૨-૨૦૧૭)

**નૂતન મહિલા મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - મહેમદાવાદ**









વડતાલ પ્રદેશના **મહેમદાવાદ** શહેરને આંગણે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી** તથા **પ.પૂ. અ.સૌ. માતુશ્રી** (ગાદીવાળા)ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર**નો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** તથા **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૧૨ થી ૧૬-૨-૨૦૧૭)

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007










ધાર મંદિર છાત્રાલય




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
Sardhar Sant Mandal
Satsang Vicharan
AUSTRALIA, Fiji, New Zealand
વડતાલવિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજ
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત
॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥
કથા પારાયણ
વક્તા પૂ.સ.ગુ. સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજી
:: Date ::
16th - 22th
March 2017
-: Katha Time :-
5.30pm to 8.00pm
Place : Bosnian-Hercegovian Cultural Centre, Lot 289 Beechbro Rd, NTH, Bennett Springs 6063 WA
-: Schedule :-
-: Perth :-
10 to 22 March
:: Contact ::
Jayendrabhai Soni
+61 431 237 010
Subhashbhai Kathiriya
+61 433 973 895
Jaymeshbhai Patel
+61 430 077 410
-: Melbourne :-
23 to 27 March
:: Contact ::
Rakeshbhai
+61 425 179 799
Dixitbhai
+61 425 639 399
Mittal Bhagat
+61 430 298 065
Harikrushnabhai
+61 426 604 623
-: Albury :-
28, 29 March
:: Contact ::
Himanshubhai
+61 430 882 505
-: Sydney :-
30- March to 3- April
:: Contact ::
Bharatbhai Makani
+61 424 666 360
Akshay Patel
+61 402 784 997
Ashishbhai
+61 432 808 713
Hiteshbhai
+61 430 882 505
-: Fiji :-
4 to 7 April
-: New Zealand :-
8 to 11 April
LIVE
TELECAST ON
हमारा लक्ष्य
विश्व का कल्याण हो...
www.lakshyatv.com